# કમ્પ્યૂટરની ક્લિકે...

ગુજરાતીની પહેલી ડિજિટલ ડિક્ષનરી

પરિચય

તથા

તેના સર્જકની સ્વપ્ન સાકાર કરવાની જહેમત-કથા

સંપાદન

**બળવંત પટેલ ● ઉત્તમ ગજ્જર**


**પ્રકાશક**

ગુજરાતી લૅક્સિકૉન રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર

C/o મેગ્નેટ ટૅક્નોલૉજી પ્રાઇવેટ લિમિટેડ

(૧) ૧૦૧/૧૦૨ શિવ રાઇઝ, ફર્સ્ટ ફ્લૉર,

આકુર્લી રોડ, કાંદીવલી (ઇસ્ટ), મુંબઈ - ૪૦૦૧૦૧

ફોન : (૦૨૨) ૬૭૧૯-૨૦૪૫

(૨) ૬ઠ્ઠો માળ, કલ્પના કોમ્પ્લેક્ષ,

મેમનગર ફાયર સ્ટેશનની બાજુમાં, નવરંગપુરા,

અમદાવાદ - ૩૮૦૦૦૯

ફોન : (૦૭૯) ૬૬૦૫ ૫૪૦૦

Email : info@gujaratilexicon.com

Web : http://www.gujaratilexicon.com

**KAMPUTARNI KLIKE :**
*At The Click of a Computer*
The First Digital Dictionary of Gujarati
The Story of the struggle of its Dreamer
and its fullfilment
Compilation : Balvant Patel and Uttam Gajjar

પહેલી આવૃત્તિ : મે ૧, ૨૦૦૬
બીજી સંવર્ધિત આવૃત્તિ : જાન્યુઆરી ૧૩, ૨૦૦૭
ત્રીજી આવૃત્તિ : જાન્યુઆરી ૨, ૨૦૦૮

પૃષ્ઠસંખ્યા : ૮૮

નકલ : ૫૦૦૦

કિંમત : રૂ. ૨૦

પ્રાપ્તિસ્થાન

બળવંત પટેલ
પ્લોટ : ૬૬૭, સેક્ટર-૨૧,
પંચશીલ પાર્ક,
ગાંધીનગર-૩૮૨૦૨૧
Email : patel.balvant@gmail.com

ઉત્તમ ગજ્જર
૫૩, ગુરુનગર,
વરાછા રોડ
સૂરત ૩૯૫૦૦૬
Email : uttamgajjar@gmail.com

**Gujaratilexicon Research & Development Centre**
101/102 Shiv Rise, First Floor, Akurli Road
Kandivali (East), Mumbai - 400101
Phone : (022) 67192000, 67192045

**Magnet Technologies Pvt. Ltd.**
6th Floor, Kalpana Complex,
Near Memnagar Fire Station, Navrangpura,
Ahmedabad - 380009.
Phone : (079) 6605 5400

મુદ્રક
શારદા મુદ્રણાલય
૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૬ : : ફોન : ૨૬૫૬૪૨૭૯

# અર્પણ

ગુજરાતી લૅક્સિકૉનના સર્જક
શ્રી રતિલાલ ચંદરયાનાં ધર્મપત્ની
સ્વ. વિજયાલક્ષ્મીબહેનને



(૨૧-૦૬-૧૯૨૫ : ૨૬-૦૧-૧૯૯૫)
જેમણે
રતિલાલને જીવનયાત્રામાં પગેપગ મિલાવી
સબળ સાથ આપ્યો,
કપરા પ્રસંગોએ હિંમત આપી,
પારિવારીક કે વ્યવસાયિક કોયડા અને ગૂંચ,
સુઝબુઝથી ઉકેલવામાં જેઓ અગ્રેસર રહ્યાં.
અને
સુખના દિવસો જેમણે વધુ સુખમય બનાવ્યા
તેમને....

સાદર
બળવંત પટેલ ● ઉત્તમ ગજ્જર
સંપાદકો

# પ્રાસ્તાવિક

ગુજરાતી લેક્સિકૉનનું તા. ૧૩ જાન્યુઆરી ૨૦૦૬ના રોજ લોકાર્પણ થયું તે ઘટનાથી ગુજરાતી ભાષાના અનેક ચાહકોને કુતૂહલ જાગ્યું, તેમને તેની વધુ માહિતી મેળવવાની ઉત્કંઠા થઈ. લંડનથી પ્રસિદ્ધ થતા 'ઓપિનિયન'ના ફેબ્રુઆરી ૨૦૦૬ના અંકે તે અંગેની સારી એવી માહિતી ઉપલબ્ધ કરાવી. ગુજરાત સરકારના માહિતી વિભાગના સામયિક 'ગુજરાત'માં તે અંગે લેખ પ્રસિદ્ધ થયો. 'નિરીક્ષક', 'અખંડ-આનંદ', 'ઉદ્દેશ', 'વિવેકપંથી', 'ભાષાવિચાર' જેવાં સામયિકોમાં તેની નોંધ લેવાઈ. ગાંધીનગરથી પ્રસિદ્ધ થતા દૈનિક 'ગાંધીનગર સમાચાર'માં લોકાર્પણવિધિ સમારંભનો વિગતવાર અહેવાલ પ્રસિદ્ધ થયો. લોકાર્પણ અગાઉ પણ 'મુંબઈ સમાચાર' અને રાજકોટથી પ્રસિદ્ધ થતા દૈનિક 'અકિલા'માં રતિલાલ ચંદરયા અને તેમના પ્રકલ્પ વિશે લેખ પ્રગટ થયા હતા. ઉત્તમભાઈ ગજ્જરે તેમના 'સન-ડે મહેફિલ' દ્વારા બારસો ઉપરાંત દેશવિદેશ વસતા ગુજરાતીઓને વિગતે તેની માહિતી પહોંચાડી. જે વર્તમાનપત્રો અને સામયિકોએ આ પ્રકલ્પ વિશે લેખ કે સમાચાર પ્રસિદ્ધ કર્યા છે તેમના તંત્રીઓ અને લેખકો પ્રત્યે ચંદરયા ફાઉન્ડેશન શુક્રગુજાર છે.

આ પ્રસિદ્ધિને પરિણામે રતિલાલ ચંદરયા 'ઉત્કર્ષ'ના અશોકભાઈ કરણિયા તેમજ ઉત્તમ ગજ્જરને પર આ પ્રકલ્પ વિશે વધુ માહિતી માટે, આખા પ્રકલ્પની સીડી ક્યાંથી મળશે, કેવી રીતે મળશે વગેરે પૃચ્છા કરતા પારાવાર સંદેશા રોજ મળતા જ રહ્યા છે. દરેકને વ્યક્તિગત પ્રત્યુત્તર પાઠવવાના કામને



પહોંચી વળવું કપરું થઈ પડ્યું. આ અંગે એક નાની પુસ્તિકા પ્રસિદ્ધ કરવાથી કુતૂહલ સારી રીતે સંતોષી શકાશે તથા જરૂરી માહિતી પણ ઉપલબ્ધ થઈ શકશે તેમ ચંદરયા ફાઉન્ડેશનના કર્તાહર્તાઓને જણાયું.

અમારા માટે એ ખૂબ જ આનંદની વાત છે કે આ કામ તેમણે અમને સોંપ્યું. માહિતી અને લેખો તો ઉપલબ્ધ હતા જ એટલે અમારું કામ તો સરળ હતું – માત્ર સંપાદન કરવાનું. ફાઉન્ડેશનના અમારા પરના વિશ્વાસને ખરો કરવા અમે શક્ય સઘળી કાળજી લીધી છે. આ પુસ્તિકા તેમની કલ્પના મુજબની હશે, તેનાથી તેમણે ચિંતવેલ ઉદ્દેશ પાર પડશે તો અમને આનંદ થશે. તેમાં કોઈ કચાશ, અધૂરપ કે ક્ષતિ રહી ગઈ હોય તો અમારી તે અધૂરપ, કચાશ કે ક્ષતિ માટે ચંદરયા ફાઉન્ડેશન અને પ્રકલ્પપ્રેમી વિશાળ વર્ગની અમે ક્ષમા ચાહીએ છીએ.

બીજી આવૃત્તિ :

'શારદા મુદ્રણાલય'વાળા અમારા સાથી રોહિત કોઠારીએ આ કામને પોતાનું ગણી તેનો સઘળો ભાર પ્રેમથી ઉપાડી લીધો તે માટે તેમનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

આ આવૃત્તિમાં ગુજરાતીલેક્સિકોનનું લોકાર્પણ – જે લંડનમાં યોજાયું હતું – તેની વિગતો ઉમેરવામાં આવી છે. કેનેડામાં રતિલાલ ચંદરયાનું બહુમાન કરાયું તેનો ટૂંકો અહેવાલ સામેલ કરેલ છે. લેક્સિકોનની સાઈટ વિઝિટ કરનારની ડિસેમ્બર ૨૦૦૬ સુધીની માસવાર સંખ્યાની વિગતો આપી છે. એકાદ હકીકત દોષ સુધારી લીધેલ છે તથા સરનામામાં ફેરફાર થયો હોય ત્યાં નવાં સરનામાં આપેલ છે. તે સિવાય અન્ય કોઈ ફેરફાર નથી.

ત્રીજી આવૃત્તિ :

આ આવૃત્તિમાં ગૂજરાત વિદ્યાપીઠના સંગાથે ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે લોકાર્પણ કરેલ સાર્થ જોડણીતપાસ અને અન્ય વિગતો મુકેલ છે. આ સિવાય અન્ય જોડણી દોષ વગેરે સુધારેલ છે.

બળવંત પટેલ ● ઉત્તમ ગજ્જર

१९२०में महात्मा गांधी स्थापित

**गूजरात विद्यापीठ**

Founded by Mahatma Gandhi in 1920

**GUJARAT VIDYAPITH**

(Established under Section 3 of the UGC Act, 1956
vide Notification No.F.10-20/62-U2 of the Govt. of India)

डॉ. राजेन्द्र खीमाणी
कुलसचिव
Dr. Rajendra Khimani
Registrar

E-mail : registrar@gujaratvidyapith.org
Fax : 079-27542547
Phone : 27546767
Phone Office : 27541148, 27540746,
27544349
Mobile No. : 98259-57967
Ahmedabad - 380 014 (India)
Date : 03-12-2007

# પ્ર મા ણ પ ત્ર

આથી અમે પ્રમાણિત કરીએ છીએ કે લેક્સિકોન અને ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા તૈયાર થયેલ સ્પેલચેક સાર્થ જોડણીકોશ ગૂજરાત વિદ્યાપીઠે તપાસ્યું છે. સ્પેલચેક માટે જોડણીની બધી જ કાળજી લીધી છે. કમ્પ્યૂટરના વપરાશકારો ગુજરાતી સારું અને શુદ્ધ લખી શકે તે માટે આ સ્પેલચેક લોકો સમક્ષ મૂકવામાં આવી રહ્યું છે. આ કાર્યમાં શ્રી રતિભાઈ ચંદરયાએ તૈયાર કરેલ વેબસાઈટનો લાભ પણ અમને મળ્યો છે, જેનો અમે ઉપયોગ કરીએ છીએ તેની સહર્ષ નોંધ લઈએ છીએ.

(રાજેન્દ્ર ખીમાણી)



१९२०में महात्मा गांधी स्थापित

**गूजरात विद्यापीठ**

Founded by Mahatma Gandhi in 1920

**GUJARAT VIDYAPITH**

(Established under Section 3 of the UGC Act, 1956
vide Notification No.F.10-20/62-U2 of the Govt. of India)

E-mail : gvpahd@gujaratvidyapith.org
Fax : 079-27542547
Phone Office : 27540746, 27541148,
27544349
Ahmedabad - 380 014 (India)

# પ્રશસ્તિપત્ર

શ્રી રતિલાલ ચંદરયા જૈફ ઉંમરે પણ ગુજરાતી ભાષા સારી રીતે અને સાચી રીતે લખાય તે માટે ચિંતિત છે. તેમના પોતાના પ્રયત્નોથી ગુજરાતીલૅક્સિકૉન વેબસાઈટ તૈયાર કરી જુદા જુદા જોડણીકોશના શબ્દો મૂક્યા છે. તેમાં ગૂજરાત વિદ્યાપીઠના સાર્થ જોડણીકોશનો મુખ્ય આધાર પણ તેમણે લીધો છે. કમ્પ્યૂટરના વપરાશકારો ગુજરાતી જોડણી સાચી રીતે લખી શકે અને તેના અર્થો જાણી શકે તે માટે તેમણે આ પ્રયત્નો કર્યા છે. તે તેમની ગુજરાતી ભાષાની નિઃસ્વાર્થ સેવા છે. વેબસાઈટ પર તેમણે સ્પેલચેક અને થિસોરસની એક વિશિષ્ટ સવલત પણ ઊભી કરી છે. આપણે સૌ શ્રી રતિલાલ ચંદરયાની ગુજરાતી ભાષાની આ સેવાઓને બિરદાવીએ છીએ. ગુજરાતી ભાષાને આવા ભામાશાઓ મળતા રહે અને તેનો વિકાસ થાય તેવી શુભેચ્છાઓ સહ.

તા. ૧૭-૧૨-૨૦૦૭

(રાજેન્દ્ર ખીમાણી)
કુલસચિવ

# અનુક્રમણિકા


૧. '...એનું વખાણ સદા સુણાવજો' ....... વિપુલ કલ્યાણી ....૯
૨. ગુજરાતી ડિજિટલ શબ્દકોશ .......... બળવંત પટેલ ....૧૫
૩. ગુજરાતી ભાષાના ઇતિહાસના માર્ગસ્તંભે . ધીરુબહેન પટેલ ...૨૧
૪. સ્પેલ ચેકર – ગુજરાતી ભાષાનું ....... બળવંત પટેલ ....૨૮
૫. રતિલાલ ચંદરયા સાથે એક મુલાકાત .................૩૦
૬. રતિલાલ ચંદરયા : જીવનઝરમર ....... ઉત્તમ ગજ્જર .. ૪૩
૭. લેક્સિકોનનું પશ્ચિમી જગતમાં લોકાર્પણ .. ઘનશ્યામ પટેલ ...૪૬
૮. આ સફળતા .................... વલ્લભ નાંઢા .....૫૨
૯. ન હિ કલ્યાણકૃત્ ..................... લૉર્ડ ભીખુ પારેખ ...૫૬
૧૦. A Continual Process of Change ........ Pyarally Rattansi ..૬૨
૧૧. આપણે સૌ સક્ષમ ................ ધીરુભાઈ ઠાકર ...૬૭
૧૨. મારી આ ખિદમત ................ રતિલાલ ચંદરયા ..૭૦
૧૩. ફૂલ તો એની ફોરમ વેરી રાજી ........ બળવંત પટેલ ....૭૪
૧૪. વેબસાઇટ વિઝિટ દર્શાવતો ગ્રાફ ....... ઉત્કર્ષ .........૭૮
૧૫. માતૃભાષા ભક્તિનું ................ બળવંત પટેલ ... ૭૯
૧૬. રૂડી ગુજરાતી વાણી રાણીના... ........ રતિલાલ ચંદરયા . ૮૧
૧૭. So Far So Good ................ Ashok Karania ..૮૪


## સૌજન્યનોંધ


અનુક્રમ ૧થી ૩ અને ૭થી ૧૨ના લેખો લંડનના વિચારપત્ર 'ઓપિનિયન'ના ફેબ્રુઆરી અને ઑગસ્ટ ૨૦૦૬ના અંકોમાંથી લેવા અનુમતિ આપવા માટે ચંદરયા ફાઉન્ડેશન તેના તંત્રી શ્રી વિપુલ કલ્યાણીનું અહેસાનમંદ છે.




## કમ્પ્યૂટરની ક્લિકે....

●


સંપાદન :

બળવંત પટેલ ● ઉત્તમ ગજ્જર


સદા સૌમ્ય શી વૈભવે ઊભરાતી,
મળી માતૃભાષા મને ગૂજરાતી.
કરે બોલતા જે ભર્યા ભાવ છાતી
રમો માતૃભાષા મુખે ગૂજરાતી

– ઉમાશંકર જોશી

દૃઢાયુ ગોવર્ધનથી બની જે
અર્ચેલ કાન્તે, દલપત્તપુત્રે,
તે ગુર્જરી ધન્ય બની ઋતંભરા
ગાંધીમુખે વિશ્વમાંગલ્યધાત્રી

– ઉમાશંકર જોશી

●

केयूरा न विभूषयन्ति पुरुषं, हारा न चन्द्रोज्ज्वला:
न स्नानं, न विलेपनं, न कुसुमं, नालंकृता मूर्धजा: ।
वाण्येका समलंकरोति पुरुषं या संस्कृता धार्यते
क्षीयन्ते खलु भूषणानि सततं वाग्भूषणं भूषणम् ॥

બાજૂબંધ, ચંદ્ર જેવા ચળકતા હાર, સ્નાન, સુગંધી દ્રવ્યોનો લેપ, ફૂલો કે વાળનો શણગાર, ઇત્યાદિ બાહ્ય પ્રસાધનો માણસને શોભાવતાં નથી. પણ સંસ્કારસંપન્ન વાણી માણસે કેળવેલી હોય તો તે જ એકલી તેને સારી રીતે શોભાવે છે.

વળી બાજૂબંધ ઇત્યાદિ આભૂષણો ઘસારાથી સતત ક્ષીણ થતાં જાય છે, જ્યારે વાણીરૂપી આભૂષણ સદાને માટે ભૂષણરૂપ જ રહે છે.

# ...એનું વખાણ સદા સુણાવજો...

**વિપુલ કલ્યાણી**

ગુજરાતી શબ્દાર્થકોશે છેલ્લાં આઠસો વરસમાં જબરી હરણફાળ ભરી છે. ગુજરાતી ભાષાનો, કદાચ, પહેલવહેલો શબ્દકોશ ઈ.સ. ૧૨૮૦માં ઠક્કુર સંગ્રામસિંહે રચ્યાનું કહેવાય છે. એ પછી વીર નર્મદના 'નર્મકોશ' સહિત, નાનામોટા અનેક કોશો પ્રકાશિત થયા છે, તેમ ઇતિહાસ નોંધે છે. ગૂજરાત વિદ્યાપીઠનો 'સાર્થ ગૂજરાતી જોડણીકોશ'એ સૌમાં મોખરાને સ્થાને છે. એ સૌની ઉજ્જ્વળ પ્રવૃત્તિથી અને ભાષાની તંતોતંત ખિદમતથી ભાષાનું તેજ પ્રગટ્યું છે અને હવે, એકવીસમી સદીના આ ઊઘડતા દાયકે, ઇન્ફૉર્મેશન ટેક્નોલૉજીના પૂરા સાથસહકારમાં, સંમિલિત બનતાં બનતાં અને સૌને સાંકળતાં સાંકળતાં, રતિલાલભાઈ ચંદરયા રચિત 'ગુજરાતી ડિજિટલ ડિક્ષનરી' લોકઅર્પિત થઈ રહી છે.

'ગૂજરાત વિદ્યાપીઠ' દ્વારા પ્રકાશિત 'ખિસ્સાકોશ', 'વિનીત જોડણીકોશ' અને 'સાર્થ ગૂજરાતી જોડણીકોશ'; કેશવરામ કા. શાસ્ત્રી સંપાદિત 'બૃહદ્ ગુજરાતી કોશ', પાંડુરંગ ગણેશ દેશપાંડે રચિત ગુજરાતી-અંગ્રેજી અને અંગ્રેજી-ગુજરાતી શબ્દકોશો; નરહરિ કે. ભટ્ટ સંપાદિત 'અંગ્રેજી-ગુજરાતી વિનયન શબ્દકોશ'; શાંતિલાલ શાહ (દામકાકર) રચિત 'વિરુદ્ધાર્થકોશ' તેમ જ ઈશ્વર દવે રચિત 'થિસોરસ'નો આ ડિજિટલ શબ્દકોશ માટે આધાર લેવામાં આવ્યો છે. વર્તમાન તેમ જ ભાવિ પેઢીઓની

જરૂરિયાતોને પૂરી કરે તેવી રચના આ ગુજરાતી ડિજિટલ ડિક્ષનરીમાં કરવામાં આવી છે. આ તમામ કોશોને આવરતો, આ પ્રકારનો આ પ્રથમ તેમ જ એકમાત્ર ડિજિટલ શબ્દકોશ છે.

આપણા આદરમાન શબ્દકોશકાર મગનભાઈ પ્રભુદાસ દેસાઈએ 'સાર્થ ગૂજરાતી જોડણીકોશ'ની પાંચમી આવૃત્તિના નિવેદનમાં લખ્યું છે તેમ, 'ભાષાની સેવાને માટે અખૂટ ક્ષેત્ર પડેલું છે – કામ કરનારા જોઈએ.' આવું કામ કરનારા એક એટલે રતિલાલ ચંદરયા. આ સમગ્ર પ્રકલ્પના 'વિશ્વકર્મા-પુરુષ', ૮૪ વર્ષીય રતિલાલ પ્રેમચંદ ચંદરયાએ આ ભગીરથ કામ પાર પાડવા સક્રિયપણે તનથી, મનથી, ધનથી મહાયાગ માંડ્યો હતો. આ મહાભારત કામ પૂરા બે દાયકાને આરે હાલમાં પરિપૂર્ણ થયું છે.

શરૂઆતનાં વરસો આફ્રિકામાં ગાળ્યાં. ૧૯૬૫ના અરસામાં યુરોપમાં પારિવારિક ઉદ્યોગો વિકસાવ્યા. રતિલાલ ચંદરયાને મહાશાળાનું શિક્ષણ મળ્યું નથી. તેમ છતાં, સ્વપ્રયાસે ગુજરાતીનો મહાવરો કેળવતાં કેળવતાં ગુજરાતી શબ્દરચનાશાસ્ત્રને ક્ષેત્રે એમણે અપ્રતિમ અને ગણનાપાત્ર કામ કર્યું છે. ૧૯૪૬ના અરસામાં એ જૂનું રૅમિંગ્ટન ગુજરાતી ટાઇપરાઇટર ખરીદી આપમેળે ગુજરાતી ટાઇપિંગ શીખેલા. ત્યારથી ગુજરાતી ભાષાને પણ આધુનિક ઉપકરણોનો લાભ મળે તે માટે તેમને મહેચ્છા જાગી. ત્યારથી જ તેઓ આ ક્ષેત્રે પ્રયત્નશીલ છે. અદ્યતન ટૅક્નૉલૉજી દ્વારા અહીં વિધવિધ ગુજરાતી કોશોનું કમ્પ્યૂટરીકરણ કરવામાં આવ્યું છે. વળી, 'ગુજરાતી સ્પેલચેકર' પણ અહીં ઉપલબ્ધ છે. એમનું સૌથી મોટું અને વિશિષ્ટ કામ તો આ 'ગુજરાતી સ્પેલચેકર' સર્જવાનું છે. ગુજરાતી ભાષાની જોડણી સરળ નથી, એવો મોટા ભાગના ભાષકોનો અનુભવ છે. વળી, વિદ્વાન ભાષાશાસ્ત્રીઓ પણ કહે છે કે 'સાર્થ ગૂજરાતી જોડણીકોશ'માંના જોડણીના નિયમો સાચી જોડણી કરવામાં સહાયભૂત થતા નથી. આ પરિસ્થિતિમાં, 'ગુજરાતી સ્પેલચેકર' આશીર્વાદ રૂપ નીવડશે એ નિશ્ચિત છે. છાપકામ જેવા વ્યવસાયને તેનાથી મોટી સગવડ પ્રાપ્ત થશે. આમ, આ સઘળાં કામોનો જોટો જડવો મુશ્કેલ છે. રતિલાલ ચંદરયા શા એક જાજરમાન તપેશ્રીનું સોણલું હવે, સ્વપ્રયાસે, ફોર્યું છે, કોળ્યું છે.



'ગુજરાતી સાહિત્ય પરિષદ'નાં તત્કાલીન પ્રમુખ ધીરુબહેન પટેલે આ પ્રકલ્પને અનેક કલાકો આપ્યા છે અને તેનાથી ખૂબ પ્રભાવિત થયાં છે. એ કહેતાં હતાં : 'ગુજરાત સરકાર, ગુજરાતી યુનિવર્સિટીઓ અને સાહિત્ય પરિષદનું કામ તમે કરી રહ્યા છો; આટલું ઓછું હોય તેમ વિનોદ અધ્વર્યુ, કુલીનચંદ્ર યાજ્ઞિક, રસેન્દ્ર પંડ્યા, બાબુલાલ મ. શાહ તેમ જ ચંદુભાઈ એમ. શાહ સરીખા વિદ્વાન તજ્જ્ઞોનો અનુભવ પ્રકલ્પના ખરાપણાની ચકાસણી કરવા ધીરુબહેને મેળવી આપ્યો હતો.

ચન્દ્રકાન્ત બક્ષીએ એકદા લખેલું : 'શબ્દકોશ જેવી પ્રવૃત્તિઓ માટે તો બધી જ દિશાઓ ખુલ્લી છે. આ માટે ગુજરાતી દિમાગો કેટલાં તૈયાર છે ?' ગુજરાતી ભાષામાં કામ પાડતા દરેક સામયિકને આજે સારા પ્રૂફરીડરો પણ મળી શકતા નથી. પુસ્તકપ્રકાશન ક્ષેત્રે પણ એની મૂંઝવણ જોવા મળે છે. વળી, ભાષા-સાહિત્ય ક્ષેત્રે કામ કરતી કોડીબંધ અગ્રગણ્ય સંસ્થાઓની પણ મુશ્કેલીઓ પારાવાર જોવા મળે છે; તો પછી નિશાળો, કૉલેજો તથા યુનિવર્સિટીઓમાં ક્યાંય ઝાઝી અરાજકતા વ્યાપી હોય. ખરું ને ? એ દરેકને આ ગુજરાતી ડિજિટલ ડિક્ષનરી દ્વારા ફાયદો જ ફાયદો થવાનો છે. કમ્પ્યૂટરના કી-બોર્ડ પર ફક્ત આંગળીઓ ફેરવતાં ફેરવતાં જ શબ્દાર્થ, જોડણી અથવા વિરુદ્ધાર્થો અહીં મળી આવે છે. અહીં-તહીં-સર્વત્ર વ્યાપેલા ગુજરાત અને ગુજરાતી જમાતને આમ, આ ભાતીગળ કામથી અપરંપાર સરળતા થશે.

ગુજરાતી રાજભાષામાં વહેવાર કરતી ગુજરાત સરકાર તેમ જ તેનાં અનેક ખાતાંઓ અને રાજ્યભરનાં સરકારી દફ્તરો ઉપરાંત ભાષા સાહિત્ય અને ક્ષેત્રે કામ કરતી નાનીમોટી સ્વૈચ્છિક તથા શૈક્ષણિક સંસ્થાઓને માટે આનાથી વધુ સારી રીતે તથા ઝડપથી કામો નિપટાવવાનું બનવાનું છે. આ પ્રકલ્પ ગુજરાતી ભાષાના વિકાસમાં ફાળો આપશે તથા દેશવિદેશમાં ઠરીઠામ થયેલા અનેક ગુજરાતીઓને, ગુજરાતી ભાષામાં રસ લેનારાઓને મદદરૂપ થઈ શકે એવી બધી ક્ષમતા ય એમાં ભરી પડી છે.

અંદાજે વીસ લાખ ઉપરાંત સંજ્ઞાઓ અને શબ્દો આ પ્રકલ્પમાં ગોઠવાયા છે. ઇન્ટરનેટી ગુજરાતી સામયિક 'કેસૂડાં'ના તંત્રી કિશોર રાવળ

કહે છે તેમ આપણા માટે આ અણમોલ સોગાદ છે. આ સામગ્રીને ઇન્ટરનેટ પર gujaratilexicon.com નામક વેબસાઇટ પર મૂકવામાં આવી છે, જે દુનિયામાં ગમે ત્યાં વાંચી શકાય છે.

આપણી ભાષાઓ માટે વિવિધ જાતના ફોન્ટને કારણે ઝંઝટ થાય છે. આમાં આધુનિક ટેક્નૉલૉજી અપનાવી 'યૂનિકોડ'નો ઉપયોગ કર્યો છે, જેથી વાંચવાનું સરળ થઈ ગયું છે. વળી, ભૂલો સુધારવા માટે બીજી આવૃત્તિ બહાર પડે એની વાટ જોવાની જરૂર નથી. જેમ જેમ ભૂલો મળતી જાય તેમ તેમ એ સુધારી શકાય. ગુજરાતી શબ્દો લખવા માટે સરસ મજાનું 'કી-બૉર્ડ' બનાવાયું છે. એટલે 'માઉસ-કી' દાબી આસાનીથી અને કોઈ પણ જાતની તાલીમ વગર પણ આ વાપરી શકાય છે. તેનો ઉપયોગ કરનાર માટે જરૂરી સરળ સૂચનો પણ એમાં છે.

કિશોર રાવળ લખે છે : મોટા ભાગના લોકોને ખબર હોય છે થિસોરસ શું છે. તે છતાં ન જાણતા હોય તેને માટે બે શબ્દો કહું ? થિસોરસ એટલે હૈયે છે અને હોઠે નથી, એવી એક મૂંઝવણ. શબ્દ શોધવા માટે મનમાં આવતો એ સંદર્ભનો એક શબ્દ આપો અને એ શબ્દ પરથી જે જે દિશામાં તરંગો ઊમટે, જે જે વિચારધારાઓમાં ફાંટા પડી શકે એ બધાંનો એક ઢગલો તમને પીરસે એ થિસોરસ !

દરમિયાન, ગઈ દિવાળી* પ્રસંગે રતિલાલ ચંદરયાએ શુભકામનાઓ દર્શાવતો એક કાગળ મિત્રવર્તુળને લખેલો. એમાંથી આરંભના ચાર ફકરાઓ અહીં લઈએ :

'આ મહિને હું ૮૪મા વર્ષમાં પ્રવેશ્યો. બે વરસ પહેલાં કરાવેલી બાયપાસ સર્જરી પછી મારી ગાડી આમ તો બરોબર ચાલતી હતી. પણ હમણાં હમણાં એ જરા ખખડાટ કરવા લાગી છે. પણ કંઈ વાંક છે ? પાર્ટ્સ ઘસાઈ ગયા છે. મૉડલ વીસમી સદીની શરૂઆતનું છે. ઘસારો તો લાગે જ ને ! બદલાવવા માટે નવા પાર્ટ્સ મળે નહીં. એટલે કાળજી લઈને કોઈ અકસ્માતનો ભોગ ન થવાય તે માટે સચેત રહેવાનું. પણ ક્યાં, ક્યારે, કોઈએ આ વિષે બાંયધરી આપી છે ?

* દીપોત્સવી વિ.ક.સં. ૨૦૬૧, નૂતન વર્ષ ૨૦૬૨



'સદ્‌ભાગ્યે મારા કમ્પ્યૂટરનું મગજ સાબૂત છે. ક્યારેક મારી મૅમરી-ચિપ્સ દગો દે છે. પરિણામે જૂની સાચવીને રાખેલી અગત્યની વસ્તુઓ ભુલાઈ જાય છે. નવી નવી વસ્તુઓ આવતી જાય છે. પણ પોતાની મેળે જ મૅમરી એક ધનેડું ફેંકે એમ ફેંકી દે છે. મેન્યુઅલ કહે છે કે મૅમરી સતેજ અને કાયમ પ્રવૃત્ત અને સજાગ રાખવી. હું બહુ નિષ્ઠાથી પ્રયત્ન કરતો રહ્યો છું અને નવા નવા વિચારોનું નવનીત મંથન કરતો રહ્યો છું પણ લાગે છે કે હવે એ નવા વિચારો તદ્દન રદ્દી જેવા, બિનઉપયોગી હોય છે અને ખાલી શક્તિનો વ્યય કરાવે છે.

'૨૦૦૫નું વર્ષ ખૂબ જ ફળદાયક નીવડ્યું છે. નવી ડિક્ષનરી સમાપ્તિ સુધી પહોંચી છે. તેને વેબસાઇટ પર જાહેરમાં મૂકી છે. હમણાં કમ્પ્યૂટરના જાણકાર, ઉત્સાહી એક જૂથ 'ઉત્કર્ષ'નો પરિચય થયો છે. એમણે કમ્પ્યૂટર માટે એક સરસ ગુજરાતી ઑપરેટિંગ સિસ્ટિમ બનાવી છે. આપણને ગૌરવ થાય તેવું કામકાજ છે. એણે આ પ્રવૃત્તિમાં રસ દર્શાવ્યો. હવે પ્રોજેક્ટના સંચાલન અને સુધારાવધારા માટે ગુજરાતી લેક્સિકૉન રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે જેની જવાબદારી આ જૂથ સંભાળે છે.

'ઉત્કર્ષ'ના નેજા હેઠળ એક સી.ડી.માં આ ડિક્ષનરી, સ્પૅલચૅકર અને તેમની ઑપરેટિંગ સિસ્ટિમ બહાર પડી છે. સમય સમય પર આ આખા પ્રકલ્પને સંવર્ધિત અને અદ્યતન કરતા રહેવાની પૂર્ણ પ્રતિબદ્ધતા પણ 'ચંદરયા ફાઉન્ડેશને' તથા 'ઉત્કર્ષે' જાહેર કરી છે. આ પ્રકલ્પની વિશેષ વિગતો તથા સીડી મેળવવા નીચેના સરનામે સંપર્ક કરવા વિનંતી છે.

Gujaratilexicon Research & Development Centre
૧૦૧/૧૦૨ Shiv Rise, First Floor, Near Big Bazaar
Akurli Road
KANDIVALI (EAST)
MUMBAI - ૪૦૦૧૦૧
Phone : (૦૨૨) ૬૭૧૯૨૦૦૦, ૬૭૧૯૨૦૪૫

મેગ્નેટ ટેક્નોલૉજી પ્રાઇવેટ લિમિટેડ
૬ઠ્ઠો માળ, કલ્પના કોમ્પલેક્ષ,
મેમનગર ફાયર સ્ટેશનની બાજુમાં, નવરંગપુરા,
અમદાવાદ-૩૮૦૦૦૯
ફોન : (૦૭૯) ૬૬૦૫ ૫૪૦૦
Eamil : info@gujaratilexicon.com
Web : http://www.gujaratilexicon.com

'ગુજરાતી પૂરી કે અધૂરી એ વિષે વિવાદ કોઈ વેળા સાંભળવામાં આવે છે. કહેવત છે કે, યથા રાજા તથા પ્રજા; યથા ગુરુસ્તથા શિષ્ય:, એમ જ કહેવાય કે, યથા ભાષકસ્તથા ભાષા – જેવો બોલનાર તેવી બોલી...' 'ગુજરાતી ભાષાનું વ્યાકરણ' પુસ્તકમાં, તેના કર્તા રેવરન્ડ જૉસેફ વાન સોમરન ટેલરે ઈ.સ.૧૮૬૭માં, આમ લખ્યાનું 'સાર્થ ગૂજરાતી જોડણીકોશ'માં નોંધાયું છે. વધુમાં એ કહેતા હતા :

'ગુજરાતી-આર્યકુલની. – સંસ્કૃતની પુત્રી, – ઘણી ઉત્કૃષ્ટ ભાષાઓની સગી ! તેને કોણ કદી અધમ કહે !

'પ્રભુ, એને આશીર્વાદ દેજો. જુગના અંત સુધી એની વાણીમાં સત વિદ્યા, સદ્જ્ઞાન, સદ્ધર્મનો સુબોધ હોજો. અને પ્રભુ – કર્તા, ત્રાતા, શોધક-એનું વખાણ સદા સુણાવજો.'

એમની આ પ્રાર્થનામાં અમે પણ સામેલ છીએ.

['Kutir', 4 Rosecraft Walk Wembley Middlesex HAO 2JZ. U.K.]

પ્રતિભાવ :

● ચંદરયા પરિવારનો પુરુષાર્થ અને તેમનું આ ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન ગુજરાતી લેખકોને વરદાન સમું બની રહેશે.

– ડૉ. હસમુખ દોશી, રાજકોટના પત્રમાંથી.



# ગુજરાતી ડિજિટલ શબ્દકોશ

બળવંત પટેલ

(ગુજરાતી ભાષાવિશ્વની ઐતિહાસિક ઘટના)

ગુજરાતી ભાષાના ઇતિહાસમાં, શુક્રવાર, ૧૩ જાન્યુઆરી ૨૦૦૬ સીમાસ્તંભ દિવસ તરીકે આલેખાશે. તે દિવસે, ગોરજ ટાણે, મુંબઈસ્થિત ચર્ચગેટમાં આવેલ ઇન્ડિયન મર્ચન્ટ્સ ચેમ્બર્સના વાલચંદ હીરાચંદ સભાગૃહમાં, વિશ્વના કોઈ પણ પ્રદેશમાં વસતા ગુજરાતી ભાષકને, 'ચંદરયા ફાઉન્ડેશન' દ્વારા સમર્પિત કરાયો ગુજરાતી શબ્દકોશનો મહાપ્રકલ્પ, www.gujaratilexicon.com વેબસાઇટ દ્વારા. આ વિરાટ પ્રકલ્પનું લોકાર્પણ સીમાસ્તંભ રૂપ એટલા માટે કે સહુ પ્રથમ વાર, ભાષાનું મહત્ત્વનું અંગ – તેનો શબ્દકોશ, ડિજિટલ સ્વરૂપે, આધુનિક સ્વરૂપે, એકવીસમી સદીની જરૂરિયાતોને પહોંચી વળે તેવા સ્વરૂપે, લોકોને ઉપલબ્ધ કરાયો. કમ્પ્યૂટર પર, માત્ર ક્લિક કરવાથી, ભાષકની સમક્ષ લહેરાય છે શબ્દનો મહાસાગર, જેમાં છે :

- ગુજરાતીથી ગુજરાતી : શબ્દ અને અર્થ : ૧, ૪૯, ૭૦૯
- ગુજરાતીથી અંગ્રેજી : શબ્દ અને અંગ્રેજી સમશબ્દ : ૪૭,૯૩૬
- અંગ્રેજીથી ગુજરાતી : શબ્દ અને ગુજરાતી સમશબ્દ : ૫૫,૩૪૦
- ગુજરાતી થિસોરસ : શબ્દ અને તેના પર્યાય : ૧૨,૪૦૫
- ગુજરાતી વિરુદ્ધાર્થકોશ : શબ્દ ને તેના વિરુદ્ધાર્થ શબ્દો : ૫,૬૬૪

– રૂઢિપ્રયોગો : ભાષાની લાક્ષણિક અભિવ્યક્તિનાં શબ્દઝૂમખાં : ૧૫,૬૯૪

આ તો વાત થઈ માત્ર કમ્પ્યૂટરમાં એન્ટ્રીભૂત, ચાવી સમા શબ્દોની સંખ્યાની. પરંતુ ચાવીરૂપ શબ્દો સામે અર્થ માટે ઉપલબ્ધ સંખ્યા છે વીસ લાખ ! – એક મહાનગરની માનવ-વસતી જેટલા ! એક હળવા ટકોરે, આ વિશ્વમાં પહોંચી શબ્દશોધ સિદ્ધ કરવાની ક્ષમતા; અને આ બક્ષી આશિષસમ આ પ્રકલ્પે !

આ લોકાર્પણ થયું ગુજરાતીનાં પ્રતિષ્ઠિત લેખિકા અને ગુજરાતી સાહિત્ય પરિષદનાં પૂર્વ-પ્રમુખ ધીરુબહેન પટેલના મંગળમય હસ્તે, તથા સમગ્ર પ્રકલ્પ ફળદાયી કરવા, સતત વીસ વરસથી તન, મન, ધનથી મંડી રહેલા અને જનની, જન્મભૂમિની જેમ જ, જન્મભાષા-માતૃભાષાને પણ એટલી જ ગરીયસી માનતા રતિલાલ ચંદરયા પ્રત્યે અહોભાવભર્યા વિનમ્ર હૃદયે. તે વેળા સમારંભમાં ઉપસ્થિત મહાનુભાવોનો અહોભાવ પણ તેમાં ભળ્યો.

સમારંભનાં મુખ્ય અતિથિ ધીરુબહેન પટેલ, અતિથિવિશેષ, હાઉસિંગ ડેવલપમેન્ટ ફાયનાન્સ કોર્પોરેશન લિ.ના વડા દીપક પારેખ ઉપરાંત મંચસ્થ મહેમાનો દ્વારા દીપપ્રાગટ્યથી સમારંભનો આરંભ થયો.

સભાનું સંચાલન લંડનસ્થિત 'ગુજરાતી સાહિત્ય અકાદમી'ના મહામંત્રી અને વિચારપત્ર 'ઓપિનિયન'ના તંત્રી વિપુલ કલ્યાણીએ ખૂબ કુશળતાથી અને રસપ્રદ રીતે કર્યું.

મંચસ્થ મહેમાનોનો પરિચય પણ વિપુલભાઈએ આપ્યો. રતિભાઈનો પરિચય આપતાં તેમણે આ પ્રકલ્પના પ્રયોજન તથા રતિલાલમાં પ્રકલ્પનાં બીજ નંખાયાં ત્યારથી બે દાયકાના અથાગ પ્રયત્નોથી તે ફળદાયી વૃક્ષ કેવી રીતે બન્યું તેની ઝાંખી કરાવી. સાથે સાથે ચંદરયા પરિવારની અછડતી પણ અગત્યની ઓળખ પણ આપી. ઉદ્યોગ અને વ્યાપારક્ષેત્રે વિશ્વના બાસઠ જેટલા દેશોમાં વિસ્તરેલી ઔદ્યોગિક પ્રવૃત્તિઓમાં રત, ગુજરાતી ડાયસ્પોરાનો એક સંયુક્ત, સંપીલો, તેજસ્વી પરિવાર, જે ઉદ્યોગ સાથોસાથ



સમાજ પ્રત્યેનું ઋણ અદા કરવામાં પણ એટલો જ તત્પર રહી, ચંદરયા ટ્રસ્ટ અને અનાર્ડે ફાઉન્ડેશન જેવી પરિવાર પ્રસ્થાપિત સંસ્થાઓ દ્વારા, માતૃભાષા ગુજરાતી અને ભારતનાં ગ્રામ વિસ્તારોનાં પરિવારો ( સને ૨૦૦૪-૦૫માં ૧૮,૨૩,૪૧૨ લાભાર્થી, આર્થિક કદ રૂ. ૧,૦૧૯ કરોડ )ને બેઠાં થવામાં ૧૯૭૫થી સહાયભૂત થાય છે. રતિલાલ આ પરિવારના નબીરા, ચંદરયા પરિવારના સપૂત, ૮૪ વર્ષે થોડી શારીરિક તકલીફો છતાં, આ પ્રવૃત્તિઓમાં સક્રિય.

અભ્યાસ માત્ર હાઈસ્કૂલ સુધીનો. બીજા વિશ્વયુદ્ધજનિત સંજોગોને કારણે, ૧૯૪૦-૪૬ દરમિયાનનાં છ વર્ષ કેન્યા છોડી, મુખ્યત્વે, મુંબઈ-જામનગરમાં રહેવું પડ્યું. રેમિંગ્ટન ટાઇપરાઇટર નજરે પડ્યું. સેકન્ડ હેન્ડ ખરીદ્યું. ટકાટક ટકાટક કરતાં જાતે જ ટાઇપિંગ શીખી લીધું. ત્યારથી જ ગુજરાતી ભાષાને આધુનિક ઉપકરણોનો લાભ મળવો જોઈએ તેવી ભાવના જાગી. તે માટે પ્રવૃત્ત થવાનાં બીજ નંખાયાં. યુદ્ધ સમાપ્ત થતાં પરત આફ્રિકા જઈ, ધંધામાં પૂરા જોશથી ઝંપલાવ્યું, પણ સાથોસાથ ગુજરાતી ઇલેક્ટ્રિક ટાઇપરાઇટર ઉપલબ્ધ થાય તે માટે પ્રયત્નોમાં કચાશ ન રાખી. વ્યાપારમાંથી સંપૂર્ણ નિવૃત્ત થવાનું નસીબ તો ક્યારેય કોઈને ય મળતું નથી. પરંતુ વ્યાપાર-ઉદ્યોગનો ભાર પછીની પેઢીએ ક્ષમતાપૂર્વક સંભાળી લેતાં, રતિલાલને ખાસ્સો અવકાશ અને અનુકૂળતા મળ્યાં અને તે જ અરસામાં અલાદ્દીનના જાદુઈ ચિરાગ સમું કમ્પ્યૂટર અવતર્યું ! ગુજરાતી ભાષાને તેના લાભો મળે તે માટે તેઓ એકચિત્તે લાગી રહ્યા. ગુજરાતી ભાષાના ફોન્ટ માટે સમય, સગવડ કે નાણાંની પરવા કર્યા વિના ગજબની દોડધામ કરી, ફોન્ટ વિકસાવીને જ જંપ્યા. પણ આ તો પાશેરામાં પહેલી પૂણી ! લાગી પડ્યા ગુજરાતી શબ્દકોશોને વેબસાઇટ પર મૂકવાના પ્રકલ્પ પાછળ. આશાનિરાશાના આરોહઅવરોહ છતાં મંડ્યા રહ્યા બે દાયકાથી, તે જ્યાં સુધી તે પરિપૂર્ણ ન થયો ત્યાં સુધી. જૂજ વ્યક્તિઓ આફ્લોદયકર્મી – હાથ પર લીધેલું કામ ફળવંતું ન બને ત્યાં સુધી મંડી રહેનારી – હોય છે. રતિલાલમાં તેવા માનવનાં દર્શન થાય છે. વળી, તેમના સાત્ત્વિક લોભને

ય થોભ નહીં. આ પ્રકલ્પ સાથોસાથ સ્વપ્નું સેવ્યું 'સ્પેલચેકર'ના સર્જનનું. અને પ્રકલ્પ સાથે તે પણ સાકાર કર્યું છે.

આ પ્રકલ્પનો એક અને મહત્ત્વનો ઉદ્દેશ એ કે ગુજરાત બહાર – દેશમાં અને વિદેશમાં સ્થાયી થયેલ ગુજરાતીઓની વર્તમાન અને ભાવિ પેઢીઓનો ગુજરાતી ભાષા સાથેનો નાતો જળવાઈ રહે. નવી પેઢી કાગળ-પેન્સિલ લઈ કક્કો ઘૂંટવા નહીં બેસે, પણ કમ્પ્યૂટરના Kની Key પર હળવું ટપ કરતાં 'ક' મળશે તો તે કદાચ ગુજરાતી લખવા મન અવશ્ય કરશે. તેને કદાચ અંગ્રેજી શબ્દ પ્રથમ સૂઝે તો તેનો ગુજરાતી પર્યાય અને નવો ગુજરાતી શબ્દ આંખે, કાને પડે, તો તેનો અર્થ હાથવગો થાય, તે પણ જરૂરી. આ બધા માટે આવા શબ્દકોશની વેબસાઇટની જરૂરિયાત.

ધીરુબહેન પટેલના વક્તવ્યને ઉપસ્થિત સૌએ, સબળ હાથે અને ઉમળકાભર્યા હૈયે ઝીલ્યું.

રતિલાલે પોતાના પ્રકલ્પના લોકાર્પણને કન્યાદાન સાથે સરખાવ્યું. ભારતીય કુટુંબ કન્યાદાન પછી પણ કન્યાનાં સુખશાંતિ, વિકાસ અને સમૃદ્ધિ માટે સતત જાગૃત, સતત ચિંતિત અને કર્મશીલ રહે છે. તેમ આ પ્રકલ્પ માટે પણ રતિલાલ અને ચંદરયા પરિવાર પ્રતિબદ્ધ છે તેની પણ તેમણે ખાતરી આપી. તેમણે આનંદ વ્યક્ત કર્યો કે આ માટે યૌવન અને ઉત્સાહથી થનગનતા તરવરાટભર્યા 'ઉત્કર્ષ' જૂથનો સાથ સાંપડ્યો છે. હતાશામાં હતા, વધતી જતી ઉંમરને કારણે પ્રકલ્પ પરિપૂર્ણ થશે કે કેમ, એમ થતું હતું, ત્યારે ધીરુબહેને પ્રકલ્પ પર નજર નાંખતાં જ તેની ગરિમા પ્રમાણી ખરા હૃદયથી હાથ લંબાવ્યો, સાથ આપ્યો. જરૂરી બધું કરી છૂટવાનો સધિયારો આપ્યો અને ખુદ, તરત, તે માટે લાગી પડ્યાં, તેનું રતિભાઈએ ગૌરવ કર્યું.

પ્રકલ્પના લોકાર્પણવિધિ બાદ 'ઉત્કર્ષ' જૂથના અશોક કરણિયાએ તેમના સાથીઓની સહાયથી વિશાળ સ્ક્રીન પર તે રજૂ કર્યો. તેના દરેક પાસાની સરળ પણ સચોટ સમજૂતી આપી. ઉપસ્થિત મહેમાનો પૈકી કમ્પ્યૂટરના જાણકાર જાતે જ તે ઓપરેટ કરી, વેબસાઇટ પર પોતાને ઇચ્છિત ભાગ જોઈ શકે, તેવી તક પણ ઉપલબ્ધ કરવામાં આવી. ઠીક



ઠીક અતિથિઓએ તેનો લાભ પણ લીધો.

ચંદરયા પરિવારનાં લગભગ બધાં સભ્યો, પરિવારના આ વિશિષ્ટ પ્રસંગે ઉપસ્થિત હોય તે સ્વાભાવિક છે. રતિલાલના નિકટના પરદેશનિવાસી મિત્રો ઉપરાંત ભારતભરનાં સ્નેહીજનો હાજર હતાં. કલા-ભાષા-સાહિત્ય ક્ષેત્રના દિગ્ગજો – સુરેશ દલાલ, ઊર્મિ દેસાઈ, ઘનશ્યામ દેસાઈ, વર્ષા અડાલજા, ધીરજ ચાવડા, મૌલિક કોટક, પુરુષોત્તમ ઉપાધ્યાય, દીપક મહેતા, તરુ કજારિયા, શોભિત દેસાઈ, ગુલાબ ભેડા તો હતા જ, રતિલાલના વેવાઈ ને રાજપુરુષ, મિત્ર વીરેન શાહ પણ સક્રિયપણે હાજર.

વીરેન શાહે તો રતિલાલના આ કાર્યને બિરદાવી મૈત્રીદાવે આદેશાત્મક સ્વરે સંભળાવ્યું કે ૮૪ ભલે થયાં, હજી શતં જીવ સાર્થક કરવાનું છે અને આ કામ ચાલુ રાખવાનું છે. સુરેશ દલાલે લાગણી વ્યક્ત કરી કે ધીરુબહેનના વક્તવ્ય પછી હવે કંઈ કહેવાનો અવકાશ નથી અને સૂચવ્યું કે ધીરુબહેનનું વક્તવ્ય દરેક ગુજરાતીના હાથમાં પહોંચે તેવું થવું ઘટે.

જેની આ સમારંભમાં માત્ર જાહેરાત થઈ શકી, તેવું આ પ્રકલ્પની અભિનંદનીય ભેટસમું, પરંતુ તેથી ય વિશિષ્ટ એવું, રતિલાલનું કાર્ય છે – કમ્પ્યૂટર નિષ્ણાતોની સહાયથી સર્જિત, ગુજરાતીના 'સ્પેલચેકર'નું નિર્માણ. ગુજરાતી ભાષાની જોડણી સરળ નથી એવો મોટા ભાગના ભાષકોનો અનુભવ છે. મોટા ભાગના ભાષાશાસ્ત્રીઓ તારસ્વરે કહે છે કે તેના નિયમો સાચી જોડણી કરવામાં સહાયભૂત થાય તેવા નથી.

જો આવી સ્થિતિ હોય ગુજરાતી જોડણીની, તો સમજી શકાશે કે ગુજરાતીનો 'સ્પેલચેકર', એ ગુજરાતી ભાષકો માટે કેવો મોટો આશીર્વાદ છે !... ટૂંક સમયમાં જ, 'ઉત્કર્ષ' જૂથ દ્વારા, તેની સી.ડી.ના વિતરણનું આયોજન થશે.

આ પ્રકલ્પને પાર ઉતારવામાં ને આ લોકાર્પણ સમારંભના આયોજનમાં જે કોઈની સહેજ પણ સહાય સાંપડેલી તે તે સહુનો, સમયની પરવા કર્યા વિના, નામ જોગ અને તેઓ પૈકી જેઓ ઉપસ્થિત હતાં તેમને

તેમના સ્થાને ઊભા થવા વિનંતી કરીને, જાહેરમાં ઋણ સ્વીકાર કરવામાં ચંદરયા પરિવારની ખાનદાની અને નમ્રતાની પ્રતીતિ થઈ.

સમારંભ બાદ, સરસ મઝાનું સાંધ્યભોજન માણતા અતિથિઓના ચહેરા પર અને નેત્રોમાં વર્તાતી હતી ગુજરાતી ભાષાના ઇતિહાસમાં સીમાસ્તંભ જેવી આ ઘટનાના સાક્ષી બન્યાની ધન્યતા અને સ્તંભ ખડો કરનાર રતિલાલ પ્રત્યે અહોભાવ ભીની લાગણી.

[Plot ૬૬૭, Panchsheel Park, Sector-૨૧,
Gandhinagar-૩૮૨૦૨૧, E-mail : patel.balvant@gmail.com]

कोशस्येव महीपानां कोशस्य विदुषानामपि ।
उपयोगो महान् यस्मात् क्लेशस्तेन विना भवेत् ॥

રાજકોશ એટલે સકળ રાજ્યની સમૃદ્ધિનું સત્ત્વ જે ભંડારમાં ભર્યું હોય તે, તેમ જ ગ્રંથમાં ભાષાની સમૃદ્ધિનું સત્ત્વ ભર્યું હોય તે ભાષાકોશ ભાષાની સમૃદ્ધિ, શબ્દાર્થ તથા તેના પ્રયોગ રૂપે રહી શોભે છે, તો તે તેઓના રક્ષણને માટે અને તેઓના જ્ઞાનોપયોગને માટે કોશગ્રંથો છે. રાજનગરની સ્થિતિ સમૃદ્ધિ ઉપરથી આખા રાજ્યની સ્થિતિ સમૃદ્ધિ વિશે થોડુંઘણું જાણી શકાય છે, પણ કોશગ્રંથ ઉપરથી તો પ્રત્યેક ભાષાનું ઐશ્વર્ય સહજ જણાઈ આવે છે. જેમ કોશ વિના રાજ બળહીન અને કમળકોશ વિના સરોવર શોભાહીન છે, તેમ ભાષાકોશ વિના દેશભાષાની રાજ્યસત્તા છૂટાં છૂટાં ને વિખરાયેલાં પડેલાં અનેક અંગ તથા એઓની અવ્યવસ્થા એથી એક સ્વરૂપે ન હોવાથી સ્થાયી બલિષ્ઠ નથી અને શાસ્ત્રીય સંસ્કાર વિના સુંદર શોભતી નથી. કોશ વડે જ ભાષા સંસ્કારી થઈ તેજબળમાં વૃદ્ધિ પામે છે. ભાષાનો કોશ, એ ભાષાના બોલનારા લોકની સ્થિતિના સ્વરૂપનું પ્રતિબિંબ છે ને તેઓના જ્ઞાનૈશ્વર્યનો જયધ્વજ છે.

– નર્મદ



# ગુજરાતી ભાષાના ઇતિહાસના માર્ગસ્તંભે

ધીરુબહેન પટેલ

(પ્રોજેક્ટનું લોકાર્પણ જેમના વરદ હસ્તે થયું
તે ધીરુબહેન પટેલનું ઉદ્‌બોધન)

આજનો દિવસ, શુક્રવાર ૧૩ જાન્યુઆરી, ૨૦૦૬ અનેક રીતે ચિરઃસ્મરણીય બની રહેવાનો છે. આજે આપણા આ સમારંભપ્રિય નગરમાં વળી, પાછો એક સમારંભ યોજાયો છે, એક સભા મળી છે અને આપણે સૌ એ સભામાં સહભાગી બન્યાં છીએ – એમાં તે શી મોટી વાત ? મુંબઈ શહેર છે, એમાં જાતજાતની સભાઓ યોજાયા કરે અને કેટલાક નાગરિકો પોતાની રુચિ પ્રમાણે અને અવકાશ પ્રમાણે હાજર રહે ... ચાલ્યા કરે !

પરંતુ આજે gujaratilexicon.com – 'ગુજરાતી લૅક્સિકૉન ડૉટ કૉમ'નું લોકાર્પણ થવાનું છે. સાદાસીધા એક વાક્યમાં અર્થનો એક મહાસાગર ઘૂઘવે છે, તે તરફ તમારી દૃષ્ટિ ગઈ ? આપણી ગુજરાતી ભાષા એટલે મહામૂલી મિરાત. એવું હતભાગી કોણ હશે કે જેને પોતાની માતૃભાષા પ્રત્યે, માતૃભૂમિ પ્રત્યે કે મા પ્રત્યે સ્નેહ અને આદર નહીં હોય ? પ્રશ્નનો જવાબ ઢૂંઢવા અંતરના ખૂણા ઢંઢોળશો નહીં. આપણે સૌ જાણીએ છીએ કે નવા જમાનામાં નવી સમસ્યાઓ ઊભી થઈ છે. આપણી સમક્ષ નવા અનેક પ્રેરક આદર્શો મૂકવામાં આવ્યા છે. એમાંનો એક તે વિશ્વમાનવ બનવાની વાત.

આમ જોવા જાઓ તો વાત કંઈ ખોટી નથી. માણસની ચેતનાનો જેટલો વિસ્તાર થાય અને તે જેટલી ઊર્ધ્વગામી બને તેટલું વધારે સારું. પણ ભલા ભાઈ, વૃક્ષ આકાશને ક્યારે સ્પર્શે ? તેનાં મૂળિયાં જેટલાં ઊંડાં અને મજબૂત હોય તેટલું જ તે વૃક્ષ ઊંચું વધે. આપણે તો વૃક્ષને તેની ભૂમિથી વિખૂટું પાડીને આકાશમાં લઈ જવાનો મહાયજ્ઞ આદર્યો છે. આપણે એ ભૂલી જઈએ છીએ કે જેનું સ્થળાંતર થાય છે તે તો ઇમારતી લાકડાં – વૃક્ષ નહીં.

ઘાટઘૂટ વગરનું હોય, કાળું કે ખરબચડું હોય તો પણ વૃક્ષ જીવંત છે. એની પાસે આવતીકાલ છે. વિકાસ અને વૃદ્ધિનો અવકાશ છે. પ્રત્યેક વસંતે નવપલ્લવથી છવાઈ જવાની ક્ષમતા છે અને એ અમૂલ્ય છે.

આપણે આપણાં બાળકોને એકસરખાં, સફાઇદાર અને કીમતી ઇમારતી લાકડાં બનાવી દેવાની ધૂનમાં, એમનું એ અમૂલ્ય જીવંતપણું છીનવી લેવા બેઠાં છીએ અને દુઃખની વાત તો એ છે કે આપણને એ વિશે કશો અપરાધભાવ નથી રહ્યો.

આ માત્ર વાગ્‌વિલાસ નથી. નિષ્ઠુર અને ક્રૂર હકીકત પ્રત્યે અંગુલિનિર્દેશ છે. હજી એ દિવસ મને યાદ છે કે જ્યારે એક દસબાર વર્ષની કિશોરી થનગનતા પગને માંડ કાબૂમાં રાખીને મારી સામે આવીને ઊભી હતી. એ કહેતી હતી, 'ધીરુબહેન, ધીરુબહેન, મને પોએટ્રી આવી છે. પ્લીઝ, પ્લીઝ, હેલ્પ મી. – હું બોલું છું તે તમે લખી આપો ને !'

મુશ્કેલી એ હતી કે એને ગુજરાતી લખતાં કે વાંચતાં નહોતું આવડતું. ત્રણ પેઢીથી જેના ઘરમાં અંગ્રેજી છવાઈ ગયું હતું એવી આ તેજસ્વી છોકરીને આજે 'પોએટ્રી' આવી હતી, પણ તે ગુજરાતીમાં. એ અંગ્રેજીમાં જ શા સારુ નથી લખતી એમ મેં પૂછ્યું ત્યારે એણે ત્રાસ પામીને કહ્યું, 'વ્હાય કાન્ટ યુ અન્ડરસ્ટેન્ડ ? આઇ કૅન થિન્ક ઇન ઇંગ્લિશ બટ ફીલ ઓન્લી ઇન ગુજરાતી !'

આ એક વિરલ પ્રસંગ હશે. મને એનું કાવ્ય લિપિબદ્ધ કરવાનો અવસર મળ્યો પણ અનેક પ્રશ્નો મૂકતો ગયો. કાવ્ય કોઈ બૌદ્ધિક



કસરતમાંથી નથી નીપજતું. એ તો આવે છે – ક્યાંકથી, અને આપણે આપણી ભાષાના પાત્રમાં એને ઝીલવાનું હોય છે. આપણે આપણાં બાળકોને એમની નૈસર્ગિક અભિવ્યક્તિથી વંચિત શી રીતે રાખી શકીએ ?

પણ આપણે એ જ કરીએ છીએ. આપણને ખ્યાલ નથી આવતો કે જ્યારે આપણી ભાષા જાય છે, ત્યારે આપણો સાંસ્કૃતિક વારસો પણ આપોઆપ જતો રહે છે. એ વારસો એટલે માત્ર ઐતિહાસિક માહિતી નહીં, આપણાં જીવનમૂલ્યો. એવું નથી કે આપણે પ્રયત્ન કરવાથી એ પાછો ન મેળવી શકીએ. કદાચ અંગ્રેજી ભાષા દ્વારા આપણને એ વધારે અદ્યતન અને વ્યવસ્થિત સ્વરૂપે પણ મળે – પણ એ બધું તો હિલસ્ટેશને હવા ખાવા જેવું થાય, ... કેટલાને પોસાય ?

આ બધો બળાપો નિરર્થક લાગે છે ? એક વ્યક્તિને નથી લાગ્યો. 'હાય ! મારી ગુજરાતી ભાષા મરવા પડી ! હવે આપણે શું કરીશું ?' એવું બોલીને સામસામા રૂમાલની આપ-લે કરવાને બદલે એને લાગ્યું કે નવો જમાનો આવી જ ચૂક્યો છે ત્યારે એનાથી મોં મરડવાને બદલે એની સાથે હાથ મેળવવા જોઈએ. એની જ મદદ લઈને ગુજરાતી ભાષાને અભયદાન આપવું જોઈએ અને એના આયુષ્યમાં વૃદ્ધિ કરવી જોઈએ.

એ વ્યક્તિ તે રતિલાલ ચંદરયા. મહાદેવભાઈ દેસાઈએ ગુજરાતી ભાષામાં ઉતારેલું રવીન્દ્રનાથ ટાગોરનું પ્રખ્યાત ગીત, 'તારી જો હાક સુણી કોઈ ના આવે તો, એકલો જા ને રે' એમણે વાંચ્યું હશે કે નહીં તેની મને ખબર નથી. પણ એમણે તે જીવનમાં ઉતાર્યું છે, એ હું જાણું છું અને તમે સૌ આજે જાણશો. આવતીકાલે આખું ગુજરાત જાણશે અને માત્ર ગુજરાતમાં જ નહીં આખી દુનિયામાં ફેલાયેલા ગુજરાતીઓ રતિલાલ ચંદરયાના આભારી થશે કે એમના પુરુષાર્થ દ્વારા એ સૌને અને ભાવિ પેઢીઓને ગુજરાતી ભાષા સુલભ બની.

ગમે તેમ તોય આ વેપારી માણસ. લેખકોને અને અધ્યાપકોને ન સૂઝે તે એમને તરત સૂઝે કે આપણો માલ ખપાવવો હોય તો એનું પેકેજિંગ અને માર્કેટિંગ કઈ રીતે કરવું જોઈએ. આ કમ્પ્યૂટરનો જમાનો છે. ઑલ

રાઇટ ! આ અંગ્રેજી ભાષાના વર્ચસ્વનો જમાનો છે. ઑલ રાઇટ ! આપણે ગુજરાતી ભાષાને જિવાડવી હોય, સર્વસુલભ કરવી હોય તો આ બંને દેખીતા રૂપે વિઘ્ન લાગતાં તત્ત્વો મારફત જ કરવી જોઈએ. માણસ દુનિયાને ગમે તે ખૂણે બેઠો હોય પણ એક બટન દબાવે કે એને ગુજરાતીનો જે શબ્દ જોઈતો હોય તે અર્થ સહિત સાચી જોડણીમાં મળી જાય. એને લગતા સમાનાર્થી અને વિરોધી શબ્દો જોઈતા હોય તોય ક્ષણવારમાં જ મળી જાય. 'કમ્પ્યૂટરસેવી' નવી પેઢી લગી પહોંચવું હોય તો આજે આ જ એકમાત્ર રાજમાર્ગ છે અને એ આપણે બાંધવો જોઈએ. અને રતિલાલ ચંદરયાએ બાંધી બતાવ્યો. બહોળું કુટુંબ, સંપીલું અને શિસ્તપ્રિય કુટુંબ, ઠેર ઠેર ફેલાયેલું ઉદ્યોગધંધાનું કામકાજ, લક્ષ્મીની મહેર અને મગજમાં એક ધૂન. આ બધાનો સરવાળો એટલે 'ગુજરાતી લૅક્સિકૉન ડોટ કૉમ' ! શ્રવણશક્તિ દગો દઈ રહી છે, કંઈ વાંધો નહીં. સ્વાસ્થ્ય કથળ્યું છે, કંઈ વાંધો નહીં. જે જે વિદ્વાનો પાસે ટહેલ નાખી તેમાંથી અનેકને સમયનો કે રસનો અભાવ નડ્યો; કંઈ વાંધો નહીં. આ કામ મારે કરવું છે અને તે હું કરીશ જ એવી જીદને રતિભાઈએ ન છોડી ને આખરે એમનું સ્વપ્નું સાકાર થયું. એને ધરતી પર અવતરવાનો મોકો ઘણાંબધાં સ્થળોએ મળી શક્યો હોત પણ અંજળપાણી આ જ જગ્યાનાં લખ્યાં હશે તે કોણ મિથ્યા કરે ? વૃદ્ધાવસ્થાને વખોડનારાઓ કે દયાની નજરે જોનારાઓ રતિલાલ ચંદરયાની જન્મતારીખ જાણે તો આશ્ચર્યચકિત થઈ જાય. સ્વપ્નસિદ્ધિના આ પ્રસંગે સાક્ષી બનનારાં આપણે સૌ ગુજરાતી ભાષાના ઇતિહાસના એક માર્ગસ્તંભ સમીપ ઊભાં છીએ એવો કદાચ આપણને અત્યારે પૂરેપૂરો ખ્યાલ ન આવે, પણ વાસ્તવિકતા એ જ છે.

પોતાની માતૃભાષા પ્રત્યેના પ્રેમનો કેવો દીપક એમના હૈયામાં પ્રગટ્યો હશે કે વીસ વીસ વરસ લગી સફળતાનું નીલપંખી એમની પાસે આવી આવીને ઊડી જતું જોવા છતાં ન તો રતિભાઈ નિરાશ થયા કે ન એમણે એમના પ્રયત્નો પડતા મૂક્યા ! આવી લગનીનું ફળ આપ્યા વિના સરસ્વતીમાનો ય છૂટકો નહીં, જેમ ત્રણ પેઢીઓના તપને અંતે ભગીરથ પર રીઝ્યા વિના ગંગામાતાનો ય છૂટકો થયો નહોતો. વળી, બીજું એ જોવાનું છે કે ભગીરથના પૂર્વજોનો ઉદ્ધાર કર્યા પછી પણ વિષ્ણુના ચરણમાંથી નીસરેલી અને શિવજીની જટામાં ઝિલાયેલી આ દેવનદી પાછી નહોતી વળી ગઈ. એ તો વહેતી જ રહી. લાખોનું ઐહિક અને આધ્યાત્મિક કલ્યાણ કરતી રહી અને અંતે સાગરમાં સમાઈ ગઈ. તેવી જ રીતે આ વિદેશી નામ સાથે ઊતરેલી જ્ઞાનગંગા પણ સદા વહેતી જ રહેવાની છે અને ચંદરયા કુટુંબને તો આર્થિક લાભનો પડછાયો પણ ન અડે એવી નિર્મળતાથી તમામ ગુજરાતીઓને અને ગુજરાતી શીખવા ઇચ્છતા બિન-ગુજરાતીઓને સહેલાઈથી સફળતાનાં સોપાન લગી લઈ જવાની છે.

સૌથી વધારે આનંદની વાત એ છે કે આમાં બધા સુધારા-વધારા ઉમેરાને પૂરેપૂરો અવકાશ છે. જે વિદ્વાનોને આ વેબસાઇટમાં કશી ઊણપો દેખાય, તેઓ જો ધ્યાન ખેંચશે તો આમાં ફેરફાર થઈ શકશે. લોકબોલીના શબ્દો પણ ઉમેરી શકાય – જો કોઈ રસ લે તો.

એ શબ્દો કેવા સરસ અને જાણવા જેવા છે તેનો પરિચય મને નાનપણથી થતો આવ્યો છે. તમને એકબે વાત કરું ? એક વખતે લગ્નપ્રસંગે પૂરીઓ વણવાનું કામ ચાલતું હતું. મને શોખ થયો કે મારે પણ ભાગ લેવો જોઈએ. થોડી વાર પછી મારાં એક ફોઈ બોલ્યાં, 'જરા સદડી રાખ.' મુંબઈમાં રહેલી અને ભણવામાં હોશિયાર ગણાતી છોકરીથી એવું તો કેમ કહેવાય કે મને નથી સમજાયું ? હસીને ડોકું હલાવ્યું અને પૂરીઓ વણ્યે રાખી. બીજાં ફોઈ બોલ્યાં, 'સદડી રાખ ને !' હું મૂંઝાઈ. મેં માની લીધું કે ઉતાવળ કરવાનું કહેતાં હશે. તેથી ઝડપ વધારીને ઘાટઘૂટ વગરની પૂરીઓ વણવા માંડી. 'ઊઠ બેટા, તને નહીં ફાવે.' કહી ફોઈએ મારા હાથમાંથી વેલણ ખેંચી લીધું. અરે ! આ તો ઘોર અપમાન ! દુઃખ પામીને મેં એમની સામે જોયું. એ હસી પડ્યાં. તેથી હિંમત પામીને મેં સહેજ ફરિયાદના સૂરે કહ્યું, 'આટલું તો જલદી વણું છું, પછી કેટલીક સદડી રાખું ?' બંને ફોઈઓ મોકળાશથી હસી પડ્યાં. એકે કહ્યું, 'સદડી એટલે જાડી. તને એટલુંય ગુજરાતી નથી આવડતું ? બધા તો કહે, તું બહુ

હોશિયાર છે !'

આપણી વિકેટ ધડાકાબંધ ઊડી ગઈ ! આ સદા જીવંત, સદા નૂતન મનોહર ગુજરાતી ભાષામાં એવા તો કેટલાય શબ્દો હશે જે આપણે નહીં જાણતા હોઈએ અને જે બિનવપરાશને લીધે ક્ષીણ થઈ ખરી પડતા હશે. બીજો એવો એક શબ્દ યાદ આવે છે. શિયાળામાં બપોરે ભોજન કરી લીધા પછી ફરમાન આવે, 'જાઓ, હવે રહણે બેસો.' ત્યારે ય મુશ્કેલી નડે. ઓટલો, પરસાળ, રવેશી, ખડકી, ઓરડો એ બધું તો સમજાય પણ આ 'રહણ' શું હશે ? શા માટે ત્યાં જ જઈને બેસવું પડે ? 'પૂછતાં પંડિત નીપજે, લખતાં લહિયો થાય; ચાર ચાર ગાઉ ચાલતાં, લાંબો પંથ કપાય' એ પંક્તિઓ યાદ હતી એટલે કોઈને પૂછતાં સમજ પડી કે રહણ એટલે તડકો. શિયાળાનો મીઠો તડકો તો શરીરને રસાયણનું કામ આપે એવા અર્થવિસ્તારનું પ્રાગટ્ય થતાં દિલ ખુશ થઈ ગયું હતું. – આહા ! કેવી સમૃદ્ધ છે મારી વહાલી ગુજરાતી ભાષા !

તમને બધાને અને ભવિષ્યમાં આ વેબસાઇટનો ઉપયોગ કરનાર તમામને મારી વિનંતી છે કે જ્યાં જ્યાં તમને આવા અર્થસભર ગુજરાતી શબ્દો જડે ત્યાંથી એમને વીણી લેજો અને અહીં એમનો ઉમેરો કરજો. બાકી બીજી ચાલુ વપરાશની ભારતીય અને બિન-ભારતીય ભાષાઓના કેટલાય શબ્દો તો આપણને ખ્યાલ પણ ન આવે એટલી સહેલાઈથી આપણા ભાષાભંડોળમાં પ્રવેશી ચૂક્યા છે અને તેથી ગુજરાતી ભાષા અભડાઈ નથી ગઈ; વધુ સમૃદ્ધ બની છે.

જોકે પંડિતો કદાચ ભાષાશુદ્ધિના આગ્રહી હોઈ આવા બધા આદાન-પ્રદાનથી દૂર રહેવું હિતાવહ સમજે, પણ જગતની કઈ ભાષાએ પંડિતોની પરવા કરી છે ?

રતિભાઈ ચંદરયાની બીજી એક લાક્ષણિકતાનો ઉલ્લેખ કર્યા વિના હું મારું આજનું વક્તવ્ય પૂરું ન કરી શકું.

તુલસીદાસે સજ્જનનાં લક્ષણ વર્ણવતાં કહ્યું છે કે તેઓ પારકાનો રજ સમાન ગુણ પણ મેરુ સમાન ગણે છે અને પોતાનો ગિરિ સમાન ગુણ



રજથીય ઓછો ગણે છે. તદનુસાર રતિભાઈએ મેં કરેલી નજીવી મદદને સ્નેહપૂર્વક મોટું રૂપ આપીને મને એમની આ મોટી સિદ્ધિના લોકાર્પણના વિધિ માટે લાયક ગણી છે તે માટે હું એમની સજ્જનતાની પ્રશંસા કરું કે ઈશ્વરનો આભાર માનું ? કદાચ એમ પણ હોય કે મારી ગુજરાતી ભાષા મને અતિશય વહાલી છે અને હું હંમેશાં એનાં વિકાસ-વૃદ્ધિ માટે પ્રાર્થના કરું છું તેથી રીઝીને એ ભાષાએ મારા જીવનમાં આજનો દિવસ આણ્યો હોય.

જે હોય તે. આજે આ 'ગુજરાતી લૅક્સિકૉન ડૉટ કૉમ'નું લોકાર્પણ કરતાં હું અત્યંત આનંદ અનુભવું છું ને મને ખાતરી છે કે તમે સર્વ મારા આનંદમાં સહભાગી છો. મને આ તક આપવા માટે રતિલાલ ચંદરયાનો આભાર.

[Hansraj Wadi, ૨૭A, Tagore Road,
Santa Cruz (West) Mumbai-૪૦૦ ૦૫૪, India]

मनसि वचसि काये पुण्यपीयूषपूर्णाः
त्रिभुवनमुपकारश्रेणिभिः प्रीणयन्तः ।
परगुणपरमाणून् पर्वतीकृत्य नित्यं
निजहृदि विकसन्तः सन्ति सन्तः कियन्तः ॥

મન, વચન અને શરીરમાં જેઓ પુણ્યામૃતથી ભરેલા છે; ઉપકારની પરંપરાથી ત્રણે લોકને જેઓ પ્રસન્ન કરે છે; અને પારકાના રાઈ જેવડા અલ્પ ગુણોને પર્વત જેવડા મોટા કરી બતાવી જેઓ પોતાના હૃદયકમળનો વિકાસ સાધે છે; એવા સંત પુરુષો કેટલા હશે ?

# સ્પેલચૅકર – ગુજરાતી ભાષાનું

બળવંત પટેલ

કોઈ પણ ભાષાના લખાણનાં અગત્યનાં પાસાં ચાર – શબ્દ દ્વારા અભિવ્યક્ત થતો અર્થ, વ્યાકરણ, વિરામચિહ્નો અને જોડણી. અભિવ્યક્ત કરવાના વિચાર અંગે સ્પષ્ટતા હોય તો અર્થની મુશ્કેલી નથી નડતી, યોગ્ય અર્થવાળા શબ્દ મળી રહે છે. માતૃભાષાનું વ્યાકરણ તો બાળપણથી આત્મસાત થઈ ગયું હોય છે. વિરામચિહ્નો ભાષકને પજવતાં નથી એ અનુભવની વાત છે. પરંતુ ભાષા ફોનેટિક હોય કે બિનફોનેટિક, માતૃભાષામાં લખનાર સામાન્ય ભાષક શબ્દોની જોડણી વિશે સાશંક હોય છે, દ્વિધા અનુભવતો હોય છે.

અંગ્રેજી ભાષાની જોડણી અટપટી છે એ તો જાણીતી વાત છે. પરંતુ લખાણ માટે કમ્પ્યૂટરનો ઉપયોગ કરનાર માટે આ પ્રશ્ન ઊકલી ગયો છે. તે પ્રજાએ કમ્પ્યૂટરની ક્ષમતા પ્રમાણી સ્પેલચેકર પદ્ધતિ નિપજાવી તેનું નિરાકરણ લાવી દીધું છે.

ભારત કે ગુજરાત માટે કમ્પ્યૂટરની હવે નવાઈ નથી રહી. માધ્યમિક શાળામાં તેનું જ્ઞાન અપાવા માંડ્યું છે. શાળાથી માંડી સરકારી કચેરીઓમાં, વ્યવસાયિકો દ્વારા, છાપકામમાં તેનો બહોળો ઉપયોગ ગુજરાતી લખવામાં થઈ રહ્યો છે. કમ્પ્યૂટરનો ઉપયોગ કરનાર ગુજરાતીને સહેજે થાય કે અંગ્રેજીની જેમ ગુજરાતી સ્પેલચેકર ન થઈ શકે ? આ પ્રશ્ન એક રસ્તે ચાલતા ગુજરાતીના મનમાં ઊઠ્યો. રસ્તે ચાલતો એટલે કે ભાષાશાસ્ત્ર કે કમ્પ્યૂટરના કૌશલ્ય પૂરતો, બાકી તો મોટા ઔદ્યોગિક પરિવારનો નબીરો; વિશ્વના ૬૨ દેશોમાં તે પરિવારના ઉદ્યોગો પથરાયેલા છે. પણ ભાષાની બાબતમાં રસ્તે ચાલતો, જે અર્થ વિદ્વાનોના મનમાં છે તે અર્થમાં... રસ્તે ચાલતો માણસ. કૉલેજના પગથિયે તેણે પગ નથી મૂક્યો. માતૃભાષાનું ભણતર વિદેશમાં એક ગૌણ વિષય પૂરતું, હાઈસ્કૂલ સુધીનું. પણ માતૃભાષા માટે લગાવ બેહદ, તેના વિકાસ અને વ્યાપ માટે તમન્ના અને ધગશ પ્રચુર માત્રામાં. આધુનિક ઉપકરણોનો, વિજ્ઞાનનો લાભ ગુજરાતીને મળવો જોઈએ તેમ માનનાર અને તે માટે હરસંભવ બધું કરી છૂટવા દૃઢસંકલ્પ. કમ્પ્યૂટર પ્રોગ્રામિંગ કે ફોન્ટ વિકસાવવાનું જ્ઞાન નહિ, પણ અન્ય ભાષાઓ કમ્પ્યૂટરનો જે લાભ ઉઠાવે છે તે ગુજરાતી ભાષા માટે પણ હાથવગો કરવા અવિરામ મથનાર.

ગુજરાતી ટાઇપરાઇટિંગ જાતે શીખેલો. કમ્પ્યૂટર આવ્યું તો તેના પર ગુજરાતી લખવાનું શક્ય બનાવવા મચી પડ્યો, વરસો સુધી લાગી રહ્યો. સદ્ભાગ્યે રિસોર્સિસની ખોટ ન હતી, પરિવારની હૂંફ હતી. ગુજરાતી ફોન્ટ વિકસાવ્યા, શબ્દકોશો વેબસાઇટ પર ઉપલબ્ધ કરવા લાગી પડ્યો. અનુભવે જણાયું કે સહુથી મોટી સમસ્યા તો જોડણીની છે. ગુજરાતી ભાષકને મૂંઝવતી જોડણીની સમસ્યા હલ કરવા સ્પેલચેકર તૈયાર કરવા કેડ કસી.

મુશ્કેલીઓ આવતી ગઈ, પારાવાર અને આશાનિરાશાના આરોહઅવરોહ; પણ નર્મદની જેમ મંડ્યો રહ્યો, તેની હાકલ–ડગલું ભર્યું કે ના હઠવું – નજર સમક્ષ રાખી; હિસાબ ન જોયો સમયનો, નાણાંનો કે અગવડનો. ગુજરાતી સ્પેલચેકરનું સર્જન કરીને જંપ્યો. આજે કોઈ પણ તે સ્પેલચેકર સહિતની ગુજરાતી લૅક્સિકોનની સી.ડી. ગુજરાતી લૅક્સિકૉન રીસર્ચ એન્ડ ડેવલપમૅન્ટ સૅન્ટર ( સંપર્ક માટેનું સરનામું પાન ૧૩ પર ) પાસેથી મેળવી શકે છે.

કેવડી મોટી રાહત ! પ્રિન્ટિંગ ઉદ્યોગને, વર્તમાનપત્રો અને સામયિકોને, કમ્પ્યૂટર પર પત્રવ્યવહાર કરતાં ઉદ્યોગગૃહોને, સરકારી કચેરીઓને, કોર્ટોને, વ્યવસાયિકોને, જોડણીની ભુલભુલામણીમાંથી છુટકારો ! આ માણસની જીવનઝરમર પાન ૪૩ પર.

[ પ્લોટ ૬૬૭, પંચશીલ પાર્ક,
સૅક્ટર-૨૧, ગાંધીનગર ૩૮૨૦૨૧ ]

# ગુજરાતી ડિજિટલ ડિક્ષનરીના સર્જક શ્રી રતિલાલ ચંદરયા સાથે એક મુલાકાત*

[નાઇરોબીમાં જન્મેલા, ૮૩ વરસના – મનહૃદયે યુવાન – રતિભાઈ વ્યાપારની દુનિયામાં ઉદ્યોગના રાજા તરીકે વધુ જાણીતા છે. ઘણા એમને લોકહિતની ઘણી જાહેરસંસ્થાઓના સ્થાપક અને તેમને ઉછેરી દૃઢપાય કરનાર સંવર્ધક તરીકે પણ ઓળખે; પરંતુ આપણામાંથી કેટલા એમને એક ભાષાપ્રેમી તરીકે ઓળખતા હશે ? વિશેષતઃ તો નવી ઢબની ડિક્ષનરીના સર્જક તરીકે ? આજે અમે તેમનો ડિક્ષનરીના સર્જક તરીકે પરિચય કરાવવા માગીએ છીએ. ગુજરાતી ભાષામાં રસ ધરાવતી વર્તમાન તેમજ ભાવિ પેઢીઓની જરૂરિયાતો પૂરી કરે તેવી ગુજરાતી ડિજિટલ ડિક્ષનરીનું તેમણે સર્જન કર્યું છે, જે ગુજરાતી ભાષાની આ પ્રકારની પ્રથમ ડિક્ષનરી છે.

અપાર ધનવૈભવ તો ઘણા રળે છે, પણ માતૃભૂમિ કે માતૃભાષાના હિત અર્થે તેનો ઉપયોગ કરનારા કેટલા ? ગુજરાત દાનેશ્વરીઓનો પ્રદેશ છે, આપણે સૌને તેનું ગૌરવ છે. તેમના દાનનો પ્રવાહ માતૃભાષાના વિકાસ અર્થે વિસ્તરે તેવી અપેક્ષા આપણને રહે. રતિભાઈ એવા મહાનુભાવ છે, જેમણે વર્ષો પહેલાં ગુજરાતી ડિજિટલ ડિક્ષનરીનો પ્રકલ્પ (પ્રોજેક્ટ) હાથ ધરેલો. તાજેતરમાં તેમણે તે પૂરો કર્યો છે. અદ્યતન ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરી તેમણે ગુજરાતી ડિક્ષનરીનું વિવિધ ફૉર્મેટમાં કમ્પ્યૂટરીકરણ કર્યું છે;

* મુલાકાત : જુલાઈ ૨૦૦૫



જેમાં ગુજરાતી–અંગ્રેજી, અંગ્રેજી-ગુજરાતી, ગુજરાતી–ગુજરાતી શબ્દકોશો ઉપરાંત થિસોરસ, ગુજરાતી વિરુદ્ધાર્થ શબ્દકોશ અને ગુજરાતી સ્પૅલચૅકર ઉપલબ્ધ છે. અમને ખાતરી છે કે ગુજરાતી ભાષા અને તેના શબ્દકોશમાં રસ ધરાવતા સહુ ગુજરાતીઓ રતિભાઈને તે માટે સદાય યાદ કરશે.

આ પ્રોજેક્ટ ગુજરાતી ભાષાપ્રેમીઓને અર્પણ કરવાના અવસરે તેમની સાથેની મુલાકાતના કેટલાક અંશો રજૂ કરીએ છીએ. અમને લાગે છે કે કોઈ સંસ્થાનેય એકલે હાથે પાર પાડવામાં કદાચ મુશ્કેલી વર્તાય તેવો આ સ્વરૂપનો પ્રકલ્પ, એમનું સ્વપ્ન, થોડા સમર્પિત અને ઉત્સાહી સાથીઓની ટૅક્નિકલ કે ભાષાકીય મદદથી તેમણે આજે એકલે હાથે પરિપૂર્ણ કર્યો છે.]

મુલાકાતી : અભિનંદન, રતિભાઈ ! વર્તમાન તેમજ ભાવિ ગુજરાતી પેઢીઓની ભાષાકીય તથા શબ્દકોશ વિષયક જરૂરિયાતો પૂરી પાડવા માટે.

રતિભાઈ : આભાર, પ્રકલ્પ પૂરો થયો પણ મને તેમાં ઝાઝાં વર્ષ લાગ્યાં. તે માટે મારે સારી એવી જહેમત ઉઠાવવી પડી, પણ આજે મને સંતોષ છે કે મારું ધ્યેય હાંસલ થયું છે. મારું સ્વપ્ન., મારી મહેચ્છા લગભગ મૂર્તિમંત થયાં છે. આ પ્રકલ્પ અમારી વેબ-સાઇટ http://203.200.152.20:9080/GujTest/Dictionary.jsp* પર અખતરા રૂપે ઉપલબ્ધ છે; જેમાં (૧) ગુજરાતી-અંગ્રેજી (૨) અંગ્રેજી –ગુજરાતી (૩) ગુજરાતી-ગુજરાતી શબ્દકોશો ઉપરાંત (૪) ગુજરાતી થિસોરસ (૫) ગુજરાતી વિરુદ્ધાર્થકોશ અને સૌથી મહત્ત્વની સુવિધા (૬) ગુજરાતી સ્પૅલચૅકર પણ છે. હવે ટૂંક સમયમાં તે આખરી સ્વરૂપમાં અમારી નવી વેબ-સાઇટ www.gujaratilexicon.com ઉપર પ્રાપ્ત થશે.

પ્ર : તમે કહ્યું : મહેચ્છા અને સ્વપ્ન લગભગ મૂર્તિમંત થયાં. લગભગ શા માટે ?

ર : સામગ્રીના ચયન, વર્ગીકરણ અને ડિજિટાલીઝેશનમાં અમે પૂરતી કાળજી રાખી છે, તોય કોઈક ભૂલો તો રહી ગઈ હોય. તેથી 'લગભગ'

* હવેથી www.gujaratilexicon.com

એમ કહ્યું, બીજું આપ જાણો છો તેમ આ પ્રોજેક્ટ ડિજિટલ સ્વરૂપે છે, જેનો મોટો લાભ એ છે કે તેમાં સરળતાથી અને નજીવા ખર્ચે સુધારા થઈ શકે છે. બીજી રીતે કહીએ તો ડિજિટલ પ્રોજેક્ટ એક રીતે 'ખૂલજા સિમસિમ' પ્રકારના હોય છે. તેમાં જરૂરિયાત પ્રમાણે ફેરફાર કરી શકાય છે. આ પ્રોજેક્ટ તેમાં અપવાદ નથી. ત્રીજું, ભાષા સતત પરિવર્તનશીલ છે. તેથી તેને લગતી કોઈ પણ બાબતમાં ફેરફાર થતા રહેવાના. અમને આશા છે કે ગુજરાતીઓ, તેમ જ વિશ્વભરની શાળાઓ, પુસ્તકાલયો અને વિદ્યાપીઠો તેનો લાભ લેશે અને તેમના તરફથી અમને સૂચનો પણ મળશે. સૂચનો મળતાં જશે તેમ તેમ તેને મૂલવી અમે ઉપલબ્ધ સામગ્રીમાં જરૂરી સુધારા-વધારા કરતા રહીશું. આ સંદર્ભમાં મેં કહ્યું કે અમારું કાર્ય થયું છે છતાં થયું નથી. અમે પ્રોજેક્ટને સુધારતા અને અપડેટ કરતા રહીશું.

પ્ર : એટલે કે અહીં તમારી યાત્રાનો અંત આવતો નથી. યાત્રા અવિરત ચાલતી રહેશે. બરાબર ?

ર : તમે સાચું કહ્યું, આ તો જ્ઞાનયાત્રા છે; તમે તો સમજો છો જ કે તે ક્યારેય પૂરી થતી નથી. મારી વાતની વધુ સ્પષ્ટતા કરું તો લાભાર્થીઓ તરફથી મળનાર સૂચનોની રાહ જોયા વિના અમે પોતે પણ પ્રોજેક્ટને બાજનજરે (critically) અવલોકતા રહીશું. ભૂલો જણાશે તે સુધારીશું; એટલું જ નહીં, કોઈ નવો વિચાર સ્ફુરશે, ખાસ તો તેના ફૉર્મેટ વિશે કે ટૅક્નૉલૉજીના ઇનૉવેશનના કારણે તો આવશ્યક પગલાં જરૂર લઈશું.

પ્ર : આ ખરેખર આનંદની વાત છે. પ્રોજેક્ટમાં કાર્યરત રહેવાનો તમારો સંકલ્પ પણ વિશિષ્ટ છે. યાત્રાનો અહીં અંત નથી એવો તમારો અભિગમ સમજાય છે. હવે અમે આ યાત્રા કેવી રીતે શરૂ થઈ તે જાણવા આતુર છીએ.

ર : તે માટે તો બે દાયકા પાછળ જવું પડશે.

પ્ર : એટલે કે એક આખી પેઢી, એમ જ ને ?

ર : સાચું, એમ કહી શકાય. કેન્યા-પૂર્વઆફ્રિકામાં પરત આવતાં જ હું



વ્યવસાયમાં ડૂબી ગયો. અહીં તો બધો વ્યવહાર અંગ્રેજીમાં, પરંતુ ગુજરાતી માટેનો મારો લગાવ અકબંધ હતો. ગુજરાતીને તો કેમ વિસરાય ! આ ભાષા તો મને ગળથૂથીમાં મળેલી. તેનું સાંસ્કૃતિક મૂલ્ય મારે મન વિશેષ. એટલે મને થતું કે અંગ્રેજીની જેમ આધુનિક ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરી ગુજરાતીમાં ટાઇપ કરી શકીએ તો !

પ્ર : ગુજરાતી ટાઇપિંગ ! તમે ગુજરાતી ટાઇપિંગ શીખેલા ?

ર : ચોક્કસ. એ તો મઝાની વાત છે. મારું પ્રાથમિક શિક્ષણ કેન્યામાં, જ્યાં થોડુંઘણું ગુજરાતી એક વિષય તરીકે શીખેલો. પછી બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું, જેને કારણે મારે છ વર્ષ ૧૯૪૦-૪૬ ભારતમાં ગાળવાં પડ્યાં. તે દિવસોમાં મેં એક જૂનું રેમિંગ્ટન ટાઇપરાઇટર ખરીદ્યું અને મારી જાતે જ ટીકટીક કરવા મંડી પડ્યો. યુદ્ધ પૂરું થતાં હું કેન્યા પરત આવ્યો અને મારા ધંધામાં ડૂબી ગયો. ધંધો બરાબર જામ્યો. દુનિયાના બીજા ભાગોમાં પણ વિસ્તર્યો. પછી ૧૯૬૫ના અરસામાં યુરોપમાં અને અન્ય ખંડોના દેશોમાં પારિવારીક ઉદ્યોગો વિકસાવ્યા, જે ખાસા જામ્યા. વળી પરિવારમાં નવી પેઢી તૈયાર થઈ, જે ધંધા સંભાળવા લાગી. આ પેઢી પણ મોટી થવા માંડી અને હું સાઠીએ પહોંચ્યો, ત્યારે ગુજરાતી લખવાની મારી ઉત્કંઠા ફરી જાગી. ગુજરાતી ટાઇપરાઇટર ઉપર મેં ફરી ટીકટીકાટીક શરૂ કર્યું. પણ સાચું કહું તો મને થાક વરતાતો હતો.

પ્ર : જુવાનીમાં છોડી દેવો પડેલો અધૂરો શોખ પૂરો કરવા મંડી પડ્યા ?

ર : હા, લગભગ એમ જ. તે દરમિયાન ઇલેક્ટ્રિક ટાઇપરાઇટરો આવ્યાં. એટલે મેં ટાઇપરાઇટરો બનાવનારી કંપનીઓના સંપર્કો શરૂ કર્યા. મને રસ હતો મેન્યુઅલ ટાઇપરાઇટરને ઇલેક્ટ્રિક ટાઇપરાઇટરમાં ફેરવવામાં. બે વર્ષ તે માટે અહીંતહીં બધે ખોળંખોળાં કરતો રહ્યો. આઈબીએમને ગોલ્ફ બોલ માટે તથા સ્વીડિશ તેમ જ જર્મન ફર્મને ડીઝની વ્હીલ માટે નાણી જોઈ. એ વાત તો લાંબી, ખાસ્સી લાંબી છે. પણ પરિણામમાં ભમરડો.

પ્ર : ઘણી હતાશા થઈ હશે, નાસીપાસ થઈ ક્યારેય આ બધું માંડવાળ કરવાનું મન થયેલું ?

ર : હાથ પર લીધેલું કામ હું ક્યારેય અધવચ્ચે છોડતો નથી. મને હંમેશાં લાગ્યું છે કે પ્રશ્નો ઊભા થાય તો તેના ઉકેલ પણ મળી રહે છે. જુઓ, એક દિશામાં દ્વાર દેવાઈ જાય તો બીજી દિશામાં ખૂલે છે ! અહીં પણ તેવું બન્યું. કમ્પ્યૂટર આવ્યાં અને ટાઇપરાઇટરો લગભગ ખૂણામાં હડસેલાઈ ગયાં. તેની સાથે આ ક્ષેત્રની ક્ષિતિજે નવા સૂર્યનો ઉદય થઈ રહ્યો હતો. કમ્પ્યૂટર ગ્રાફિક્સની બેનમૂન સવલત લાવ્યાં, ટાઇપરાઇટર પર જેની કોઈ શક્યતા જ નહોતી. સાથોસાથ ટાઇપરાઇટર દ્વારા થતો પત્રવ્યવહાર કાળગ્રસ્ત બની ગયો.

પ્ર : તો તો તમારી ગાડી પાટા પર ચડી, કેમ ?

ર : ના. સાવ એમ તો નહીં, પણ તેમ થવાની તકો ઊજળી બની. કમ્પ્યૂટર તો મળ્યું. પણ તે ગુજરાતી ફૉન્ટ વિના. એટલે મેં ગુજરાતી ફૉન્ટ બનાવી આપે તેવી કંપનીની શોધ આદરી. એપલ મેકિન્તોસ, આઇબીએમ અને બીજી કેટલીક કંપનીઓનો સંપર્ક કર્યો. ગુજરાતી ફૉન્ટ નિપજાવવાની શક્યતા વિષે તેમની સાથે ચર્ચા કરી. હું તે અર્થે ભારત પણ આવ્યો. તાતા કંપનીએ દેવનાગરી ફૉન્ટ બનાવ્યા હતા. તેમના નિષ્ણાતોને મળ્યો. પણ એ ફૉન્ટના વેચાણ (માર્કેટિંગ) માટે તેઓ સાશંક જણાયા. ગુજરાતી ફૉન્ટ બનાવવામાં તેમને કોઈ રસ નથી એમ મને જણાયું. તે વખતે ભારતમાં છાપાં, સામયિકો અને મુદ્રણ સાથે સંકળાયેલા સહુને લિનોટાઇપ સિસ્ટિમથી સંતોષ હતો. તેમની પાસે ગુજરાતી બીબાં હતાં. તે અરસામાં સીએમસી નામની સરકારી કંપનીએ ગુજરાતી અને દેવનાગરી ટાઇપ કરી શકે તેવાં કમ્પ્યૂટરનું નિદર્શન ગોઠવ્યું હતું, પણ તેમના કમ્પ્યૂટરનું ભાવિ અનિશ્ચિત હતું.

પ્ર : એટલે કે ગઢવી ઘેરના ઘેર જેવી સ્થિતિ થઈ !

ર : બરાબર. પણ તે દરમિયાન એક નવી ઘટના બની, જેનાથી મારા



પ્રકલ્પને નવી દિશામાં વળાંક મળ્યો. મારો ભત્રીજો રાજ અમેરિકામાં એમ.બી.એ.નો અભ્યાસ પૂરો કરી લંડન આવ્યો.

પ્ર : લંડન શા માટે ?

ર : મારા પિતા માભોમ ભારત છોડી કૅન્યા ગયેલા, કૅન્યા અમારી બીજી માતૃભૂમિ બની. ટ્રેડીંગમાંથી ઉદ્યોગોમાં ઝંપલાવ્યું. આખું વિશ્વ અમારી કર્મભૂમિ બન્યું. લંડન હવાઈ અવરજવરનું કેન્દ્ર, એટલે પરિવારના સભ્યો એક દેશમાંથી બીજા દેશમાં જતાં આવતાં લંડન ટચ થાય. મારો ભત્રીજો તે મુજબ લંડન ટચ થયો. હું ય ત્યારે લંડન ટચ થયો હતો. તેથી અમે બે પણ પરસ્પર ટચ થઈ ગયા. મારો ભત્રીજો એપલનું કમ્પ્યૂટર જે ત્યારે બજારમાં સહેલાઈથી મળતાં હતાં તે લેતો આવ્યો. આનંદની વાત એ કે તેણે મને કમ્પ્યૂટર શીખવ્યું. ઠીક ઠીક પ્રૅક્ટિસ કરતાં તેના પર મારો હાથ બેઠો. પણ આ તો બધું અંગ્રેજીમાં ! મને તો ગુજરાતી ફૉન્ટની ભૂખ હતી, ગુજરાતીમાં અને બસ ગુજરાતીમાં કામ કરવું હતું. એટલે ફરીથી ગુજરાતી ફૉન્ટ બનાવી આપે તેવા કોઈની શોધ શરૂ કરી. અનેક નિષ્ફળ પ્રયત્નો બાદ એક ફ્રેન્ચ મહિલાની ભાળ મળી, જે એ કામ માટે તૈયાર થઈ. તેણે ફૉન્ટ તો બનાવી આપ્યા પણ તે અધૂરા હતા. તેમાં જોડાક્ષરો ન હતા. મેં તેને તે ઉમેરી આપવા જણાવ્યું. તેણે તે કામ માટે ઘણી મોટી કિંમત માગી, જે સાવ ભળતી જ હતી. મને લાગ્યું કે તેને પરિસ્થિતિનો ગેરલાભ ઉઠાવવામાં જ ખાસ રસ હતો. એટલે તેની સાથેની વાત પડતી મૂકી.

પ્ર : કિંમત કબૂલી લેવી હતી ને ! કામ તો બની જાત !

ર : પૈસાનો તો સવાલ જ નહોતો. હકીકતમાં વ્યાવસાયિક રીતરસમનો સવાલ હતો. અમે કિંમત તો અગાઉથી ઠરાવી જ હતી. તેમ છતાં તેણે વધુ પૈસા માગ્યા અને વળી માગેલી રકમ ગેરવાજબી હતી. આ જ અરસામાં પરિસ્થિતિમાં નવો મોડ આવ્યો. મારે ગુલાબદાસ બ્રોકરને મળવાનું થયું. તેમણે અમેરિકાસ્થિત મધુરાય* ગુજરાતી ફૉન્ટ

* અમેરિકાસ્થિત જાણીતા નાટ્યકાર, અને નવકથાનવલિકા લેખક

બનાવતા હોવાની ભાળ આપી. હકીકત તો એ હતી કે તેઓ પોતે જ ફૉન્ટ બનાવવા પ્રયત્નશીલ હતા. મેં તેમનો સંપર્ક કર્યો. તેઓ ફૉન્ટ બનાવવામાં સફળ થયા હતા. મને બેહદ ખુશી થઈ. મેં તેમની પાસેથી ફૉન્ટ ખરીદ્યા. મને તે અનુકૂળ આવ્યા. તેમણે પ્રયોજેલ કી-બોર્ડ વ્યવસ્થા પણ મને સવલત ભરેલી લાગી.

પ્ર : ફૉન્ટની શોધ તો પૂરી થઈ ( જાણે કોલમ્બસને અમેરિકા મળ્યું ! ). પણ પ્રશ્ન એ થાય છે કે આ ડિક્ષનરી અને સ્પૅલચૅકર બનાવવા કેમ પ્રેરાયા ?

ર : જેમ જેમ કમ્પ્યૂટર પર ગુજરાતી ટાઇપ કરતો ગયો તેમ તેમ જોડણીની સમસ્યાનો ખ્યાલ આવ્યો. એક જ પાના ઉપર કોડીબંધ ભૂલો ! મારા જેવા ગુજરાતી બરાબર નહીં જાણનારા તેમજ બીજાઓને પણ આ પ્રશ્ન પજવતો હશે એવો વિચાર મને આવ્યો. ગુજરાતી સ્પૅલચૅકર હોય તો તે આશીર્વાદરૂપ નીવડે તેમ મને લાગ્યું. પણ મારી સામે એ જ સદૈવનો પ્રશ્ન ખડો થયો – સ્પૅલચૅકર તૈયાર કરી આપે કોણ ? હું પોતે તો તે બનાવી શકું તેમ નહોતું.

પ્ર : તો પુનઃ યાત્રા આરંભી એમ જ ને ?

ર : હા. પણ આ યાત્રા તો ખરેખર, ઘણી જ લાંબી નીવડી. ઘણું ફર્યો, ઘણું રખડ્યો. ઘણા સંપર્કો કર્યા, પણ વાત ટૂંકમાં કહું. પ્રથમ તો મેં માઇક્રોસોફ્ટ સ્પૅલચૅકરનો ઉપયોગ કરી જોયો. તેના પરથી ગુજરાતી સ્પૅલચૅકર બનાવી શકાય તેવા તારણ પર હું આવ્યો. એટલે એપલ મૅકિન્તોસ અને માઇક્રોસોફ્ટ બંનેનો સંપર્ક કર્યો. સામયિકોમાં ઘણા લેખો પ્રસિદ્ધ કર્યા અને હિન્દીમાં રસ ધરાવતા કેટલાક પ્રોફેસરો સાથે મસલત કરી. પણ બધું પાણીમાં. અરેબિક ભાષા માટે સ્પૅલચૅકર બનાવનાર ફ્રેન્ચ એક્સ્પર્ટનો ભેટો થયો, પણ તેમાંય ભલીવાર નહીં આવ્યો.

પ્ર : એટલે કે જ્યાં કંઈ સહેજ પણ આશાનું કિરણ જણાયું ત્યાં તમે દોડી ગયા, એમ જ ને ?

ર : હા. એ જ એકમાત્ર ઉપાય હતો. અમેરિકામાં એપલ મૅકિન્તોસ સાથે



મુલાકાત ગોઠવી. હું ત્યાં ગયો. તો મારા જેવા બિનનિષ્ણાત સાથે આ ટૅક્નિકલ વિષયની વાત કરવાની જ તેમણે ધરાર ના પાડી ! હું મંડ્યો રહ્યો પણ એમનું તો ઊંહું ને ઊંહું ! છેવટે અમે 'બૅક ટુ પૅવેલિયન' શરૂ કર્યું. અડધે રસ્તે મને ટ્યૂબ લાઇટ થઈ. તેમના સ્ટાફમાં કોઈ ગુજરાતી તો હશે જ. 'ચાલ ને, તેમની જોડે વાત કરી જોઉં !' એમ વિચારી અમે 'અબાઉટ ટર્ન' કર્યું. ફરી પાછા કુપરટીનો પહોંચ્યા. સ્ટાફલિસ્ટમાં એક ગુજરાતી નામ જણાતાં તેમનો સંપર્ક કરી બધી હકીકત કહી, અમારા આવવાનો ઉદ્દેશ જણાવ્યો. પણ તેમાં કશુંય નહીં નીપજ્યું. તેમણે કહ્યું, 'રતિભાઈ, તમારો સમય ફોગટ ન બગાડો. એપલમાં કોઈ તમારી મદદે નહીં આવે.' બીજા એક ગુજરાતી નામ પરથી તેમનો સંપર્ક કર્યો. તે મહિલા હતાં. આ વખતે વાત જરા જુદી રીતે મૂકવા વિચાર્યું. વિદેશ વસતાં ગુજરાતીઓનાં સંતાનો સરળતાથી ગુજરાતી શીખી શકે તે માટેનો આ ઉપક્રમ છે તેમ સમજાવ્યું. તેમની કંપનીના એક લૅંગ્વેજ અને સ્ક્રિપ્ટ નિષ્ણાત અવારનવાર હિન્દી – ગુજરાતી ભાષા અંગે આ બહેનની મદદ લેતા. બહેને તેમની સાથે મુલાકાત ગોઠવી આપવા સ્વીકાર્યું અને બે-ચાર દિવસ બાદ પંદર મિનિટની મુલાકાત પણ ગોઠવી આપી. આનંદની વાત એ કે આ મુલાકાત અઢી કલાક ચાલી. મારા કી-બોર્ડથી તેઓ પ્રભાવિત થયા. મને થયું કે હું જે શોધું છું તે આ ટ્રીપમાંથી મને મળી જશે; પરંતુ નસીબે તો નિષ્ફળતા જ ! અંતે તેમણે બે-ચાર સૉફ્ટવેર ખરીદવાનું સૂચવી જાતે જ કામ કરવા સલાહ આપી.

અમે તે સૉફ્ટવેરની શોધમાં નીકળી પડ્યા. એક સ્ટોરમાં પહોંચ્યા. સદ્‌ભાગ્યે તેના માલિક ગુજરાતી નીકળ્યા. અમે તેમને અમારો પ્રશ્ન સમજાવ્યો. તેમણે અમને આવાં મોંઘાં સૉફ્ટવેર ન ખરીદતાં આવું જ કામ કરતા બીજા એક ગુજરાતી ભાઈને મળવા સૂચવ્યું. પણ તેઓ તાત્કાલિક તેમનું સરનામું આપી શક્યા નહીં. અમને પાંચ દિવસ રોકાઈ જવા કહ્યું. અમે પાંચ દિવસ નિષ્ફળ રાહ જોઈ ટોરન્ટો પરત આવ્યા.

પ્ર : ટોરન્ટો ? એ તો કેનેડામાં આવ્યું ?

ર : ત્યાં અમારા પરિવારના ઉદ્યોગો છે. વ્યવસાયને કારણે મારે ટોરન્ટો, સિંગાપુર, નાઇરોબી, મુંબઈ એમ વિવિધ સ્થળોએ રહેવાનું થાય. તે વખતે હું ટોરન્ટો હતો. પણ મૂળ વાત પર આવું. મોડે મોડેય પેલા દુકાનદારે ગુજરાતી ફોન્ટ પર કામ કરતા ભાઈનું સરનામું પહોંચાડ્યું. તે ભાઈ તો બોસ્ટન રહેતા હતા. તેમને મળવા ટોરન્ટોથી બોસ્ટન ખેપ કરી. સમય અને નાણાંના અભાવે તેમણેય ના પાડી. જોકે તેમણે કહ્યું કે : 'કામ તો બની શકે તેવું છે.' આનાથી અમને એક પ્રકારની આશા બંધાઈ.

પ્ર : એટલે પાછા ટોરન્ટો કે ?

ર : હા. અને ત્યાંથી મુંબઈ. ત્યાં અમારા વેવાઈ કમલકાંતે પૂનાના બે યુવાનોએ હિન્દી સ્પૅલચૅકર બનાવ્યું હોવાની વાત કરી. પૂના જઈને અસંગ અને તેના સાથીદારોને સાથે રાખી તેમને મળ્યો. પ્રોજેક્ટ બાબતે ચર્ચા કરી. અંતે અમે એવા નિષ્કર્ષ પર આવ્યા કે ગુજરાતી સ્પૅલચૅકર બનાવવામાં તેમને ઘણો સમય લાગે અને તેમનાથી તે માટે સમય ફાજલ પાડી શકાય તેમ નહોતું.

પ્ર : તો પછી ગાડી આગળ કેમ ચાલી ?

ર : મેં જણાવ્યું તેમ ગુજરાતી માટે કોઈ સ્ટાન્ડર્ડ કી-બોર્ડ ન હતું. આજે પણ પરિસ્થિતિમાં ઝાઝો કોઈ ફેર પડ્યો નથી. ત્યારે ભારતમાં લિનોટાઇપ સિસ્ટિમથી સંતોષ હતો. તેથી કોઈ મારા કી-બોર્ડ પર કામ કરવા રાજી ન હતું. છેવટે 'આપ મૂઆ વિના સ્વર્ગે ન જવાય'એ ન્યાયે જાતે જ એ કામ હાથ પર લીધું. દરમિયાન ગુજરાતી સ્પૅલચૅકર માટે ઉપયોગી શબ્દો ડિજિટલ ફોર્મમાં મેં ગોઠવ્યા હતા. તે કામ મેં ચાલુ રાખ્યું. એવામાં મારા કમ્પ્યૂટરમાં જ ડખો થયો ! તેનું મધર કી-બોર્ડ બળી ગયું. પાછળથી મને ખ્યાલ આવ્યો કે તેના પર ગજા ઉપરાંતનો બોજો આવી પડ્યો હતો. નવું કી-બોર્ડ વસાવી પાછા શ્રીગણેશ કર્યા. સારા નસીબે તે જ વખતે જયેશ પટેલ અને હર્ષદ પટેલ મને મળી



ગયા. તેઓ એક સામયિક માટે કામ કરતા હતા. બંને મારે ત્યાં પાર્ટટાઇમ કામ કરવા રાજી થયા. સૌ પ્રથમ અમે ગાંધીજીનો 'ખિસ્સાકોશ' અને પછી 'સાર્થ જોડણીકોશ' હાથમાં લીધો. મારા સેક્રેટરી અને ડ્રાઇવર પણ કામમાં હાથ દેવા માંડ્યા. કામની ઝડપ વધારવા એપલ મેકિન્તોસ પર કંપોઝ કરતું કોઈ મળી જાય તો બહાર કામ આપવા વિચાર્યું. તેવામાં સુરેશ દલાલ અને હરકિશન મહેતાની સમજાવટથી 'ચિત્રલેખા'ના તંત્રી મધુ કોટકે તેમના સાપ્તાહિકનું જૂનું મટીરિયલ આપી ટેકો કર્યો. તેવામાં જ પૂનાના સ્વામી અસંગે આ બધું મારા કી-બોર્ડ પર ટ્રાન્સફર કરવાની રીત વિકસાવી. આમ, સ્પૅલચેકર માટે જરૂરી શબ્દભંડોળ વધતું જતું હતું. પણ વળી મટીરિયલ મળતું બંધ થયું. છેવટે બાકીના શબ્દો 'બૃહદ્ જોડણીકોશ'માંથી ઉમેરવાનું નક્કી થયું.

આ કામ પૂરું થવા આવ્યું, એટલે ઇંગ્લિશ-ગુજરાતી કોશ હાથમાં લીધો. ગુજરાતી એન.આર.આઈ.ના મનમાં અંગ્રેજી શબ્દ પહેલાં આવે. તેમને નજર સમક્ષ રાખી આ કામ ઉપાડ્યું.

મને ઘણી વાર વિચાર આવે છે કે, ગુજરાતી લખ્યા પછી તેના ફોન્ટ્સને ટ્રાન્સલિટરેટેડ રોમનાઇઝડ ગુજરાતીમાં ફેરવવાની સુવિધા નિપજાવી શકાય તો વિદેશ સ્થાયી થયેલ ગુજરાતીઓની ભાવિ પેઢી ગુજરાતી વાંચી શકે, ભલે રોમન લિપિમાં.

પ્ર : તમારી પાસે કામ કરનારાઓ તો પૂરતા હતા નહીં, તોય પાછું ડિક્ષનરી વગેરેનું કામ હાથ પર લીધું ?

ર : ડિક્ષનરી તો ખરી જ, થિસોરસ અને વિરુદ્ધાર્થ શબ્દકોશ પણ. કમ્પ્યૂટર નિષ્ણાત સ્વામી અસંગ નવા વ્યવસાયમાં જવા ઇચ્છતા હતા. સદ્ભાગ્યે તેમને આ પ્રકલ્પમાં રસ પડ્યો. મેં તેમને મારે ત્યાં કામ કરવા પ્રેર્યા. તેઓ મારી સાથે ફરી જોડાયા. સાથોસાથ સૂરતના હિમાંશુ મિસ્ત્રીની મદદ મેળવી. તેમને પૂનામાં જ સ્વામી અસંગની મદદમાં મૂક્યા.

મારી ઉંમર વધતી જતી હતી. બે વર્ષ અગાઉ લંડનમાં મારે બાયપાસ સર્જરી કરાવવી પડી હતી. મારી ધીરજ અને હિંમત પર પણ તેની અસર પડી. વિજયાની ખોટ તો મને સદાય સાલે છે, પણ આ ગાળામાં મને સૌથી વધુ સાલી. આયુષ્યના આઠ દાયકા તો હું વટાવી ચૂક્યો હતો; પણ મારી હયાતીમાં જ પ્રકલ્પ પૂરો કરવાના મારા નિર્ધારમાં હું મક્કમ હતો. સ્વામી અસંગ, મેં જણાવ્યું તેમ, કમ્પ્યૂટર નિષ્ણાત છે. તેમણે બધો જ ડેટા પહેલાં જાવામાં અને પછી યુનિકોડમાં ફેરવવા સલાહ આપી. અમારી ત્રિવેન્દ્રમની કંપનીના નિષ્ણાતોએ આ કામ ઉપાડી હેરત પમાડે તે રીતે તે પૂરું કરી આપ્યું.

પ્ર : ઘણા ચડાવ-ઉતાર આવ્યા, તોય તમે મચી રહ્યા ?

ર : હા, ઝાઝા ચઢાવ અને ઓછા ઉતાર. અવારનવાર હાંફી જવાતું. આવા પ્રસંગોએ ઘણા મિત્રોએ પ્રેમથી મને પ્રોત્સાહિત કર્યો, એટલું જ નહીં મારું મનોબળ ટકાવી રાખવામાં સહાયભૂત થયા. આ મિત્રો છે – ઉત્તમ ગજ્જર (સૂરત), બળવંત પટેલ (ગાંધીનગર), ભાષાના તજ્જ્ઞ અને કમ્પ્યૂટરના માહેર ડૉ. નિશીથ ધ્રુવ (રોહા-રાયગઢ-મહારાષ્ટ્ર), કુમારી માલદે (કૅનેડા), પ્રૉ. બાબુ સુથાર (યુ.એસ.એ.), કિશોર રાવલ (યુ.એસ.એ.), દયાશંકર જોશી (લંડન), વિપુલ કલ્યાણી (લંડન). તેમનું પીઠબળ મારે મન સદ્ભાગ્યની વાત છે.

વળી સ્વામી અસંગ(પૂના), ઈશ્વર વસા (લંડન), ડૉ. કુમારપાળ દેસાઈ (અમદાવાદ), કુ. અલકા છેડા (મુંબઈ), કુ. ભાવના (મુંબઈ), મનુભાઈ ભટ્ટ (મુંબઈ), કુ. માધવી (મુંબઈ), સુશ્રી. અંજલિ (મુંબઈ), કુ. મેહરુ સિંધવા (લંડન), વિપુલ મોતીવરસ (મુંબઈ), હિમાંશુ મિસ્ત્રી (સૂરત), રોહિત (મેંગ્લોર), અને અલબત્ત, ગુજરાતી બારાખડીના કક્કાનો ક-ખ-ગ પણ નહીં જાણનાર રેવતી શ્રીધરન (ત્રિવેન્દ્રમ) અને અમારી ત્રિવેન્દ્રમની કંપનીના બીજા સૌ નિષ્ણાતો – જેમણે મને ભરપૂર મદદ કરી છે. ગજબની નિષ્ઠાથી કામમાં ઓતપ્રોત થઈ તેમણે તેને પૂર્ણતાએ પહોંચાડ્યું. હું તે સૌનો સાચે જ ઋણી છું.



પ્ર : આ પ્રકલ્પ માટે કયા માહિતીસ્રોતો પર આધાર રાખેલો ?

ર : અનેક સ્રોતોનો આધાર લીધો છે, જેમાં મુખ્ય છે : (૧) ગૂજરાત વિદ્યાપીઠના 'ખિસ્સાકોશ' અને 'સાર્થ જોડણીકોશ'; (૨) કે. કા. શાસ્ત્રીજીનો 'બૃહદ્ જોડણીકોશ'; (૩) પાંડુરંગ ગણેશ દેશપાંડેજીના 'ગુજરાતી-અંગ્રેજી' અને 'અંગ્રેજી-ગુજરાતી' કોશ; (૪) નરહરિ કે. ભટ્ટનો 'ગુજરાતી વિનયનકોશ' (૫) પ્રબોધ પંડિત રચિત ફોનેટિક એન્ડ મોર્ફેમિક ફ્રિક્વન્સી ઑફ ગુજરાતી લેંગ્વેજ (૬) શાંતિલાલ શાહ (દામકાકર)નો 'વિરુદ્ધાર્થકોશ' અને (૭) ડૉ. ઈશ્વર દવેનો 'થિસોરસ' (ગુજરાતી સાહિત્ય અકાદમી).

પ્ર : સમગ્ર પ્રકલ્પના ગાળાના કોઈ વિશિષ્ટ અનુભવો ?

ર : ભાતભાતના; સુખદ અને દુઃખદ. દુઃખદને બાજુએ મૂકી સુખદની જ વાત કરું. મને કેટલાક યુવાન મિત્રો સાંપડ્યા, જેવા કે યુનિવર્સિટી ઑફ પેન્સિલ્વેનિયાના પ્રો. બાબુ સુથાર, રોહા-રાયગઢ-મહારાષ્ટ્રના ડૉ. નિશીથ ધ્રુવ. બંને ભાષાવિદ્વાન અને કમ્પ્યૂટર તજ્જ્ઞ. આ યુવાનોની મૈત્રી સાનંદ માણું છું. તેવી જ રીતે ગુજરાતી જોડણીમાં એક 'ઈ' અને એક 'ઉ' રૂઢ કરવા યત્નશીલ નિષ્ઠાવાન વિદ્વાનોના મંડળ સાથે સંપર્ક સ્થપાયો. તેમનું અભિયાન સાચું, તર્કયુક્ત અને ઉપયોગી પ્રતીત થતાં હું તેમનો સમર્થક બન્યો. જોકે મારો સમગ્ર પ્રકલ્પ સાર્થ યાને માન્ય જોડણીમાં છે.

પ્ર : તમને લાગે છે કે આવો પ્રકલ્પ સરકારે કે સાહિત્યિક સંસ્થાઓએ કરવો જોઈએ ?

ર : મારા કેટલાક મિત્રો તેમ માને છે. સરકાર કે સાહિત્યિક સંસ્થાઓ આવું કામ વધુ સારી રીતે અને વધુ ઝડપથી કરી શકે એમ તો મને પણ લાગે છે. પણ મિત્રો, કામ તો જે કરે તેનું ! મને સૂઝ્યું અને મેં કર્યું. મને વસવસો એટલો જ કે મારી પાસે પર્યાપ્ત રિસોર્સિસ, ધગશ અને નિષ્ઠા હોવા છતાં પણ ભાષાજ્ઞાન અને કમ્પ્યૂટર-કૌશલ્યની મારી અધૂરપને કારણે આ કામ વર્ષો સુધી લંબાયું.

પ્ર : અને હવે ?

ર : અમારી ઊર્મિભરી આરત એટલી જ કે આ પ્રોજેક્ટ ગુજરાતી ભાષાના વિકાસમાં ફાળો આપે; તેનાથી દેશવિદેશ-નિવાસી ગુજરાતીઓની જરૂરિયાત પૂરી પડે. અમે તો આ પ્રોજેક્ટને સંવર્ધિત અને અદ્યતન કરતા રહેવાની અમારી પૂર્ણ પ્રતિબદ્ધતાની પાકી ખાતરી આપી શકીએ.

મુલાકાતીઓ : 'મન હતું તો માળવે જવાયું.' તમારા પ્રેમભર્યા પરિશ્રમની ગાથા જાણી અમને આનંદ થયો. અભિનંદન અને ગુજરાતી ભાષાને સમર્પિત દીર્ઘ અને સ્વસ્થ આયુષ્ય માટે શુભેચ્છાઓ...

[મુલાકાતીઓ : બળવંત પટેલ (ગાંધીનગર), ઉત્તમ ગજ્જર (સૂરત), ડૉ. નિશીથ ધ્રુવ (રોહા-રાયગઢ), ડૉ. બાબુ સુથાર (ફિલાડેલ્ફિયા), કેશવ ચંદરયા (ટોરન્ટો)]

● ગુજરાતી લૅક્સિકૉન સીડી માટે સંપર્ક :
ન્યોછાવર મૂલ્ય : ભારત રૂ. ૬૦/-
યુ. કે. : બ્રિટિશ પાઉન્ડ ત્રણ ● અન્યત્ર : યુએસએ ડોલર પાંચ
સંપર્ક : ગુજરાતી લૅક્સિકૉન રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર
C/o મેગ્નેટ ટેક્નોલોજીસ પ્રા. લિ.
(૧) ૧૦૧/૧૦૨, શિવ રાઇઝ, બિગબઝારની બાજુમાં, આકુર્લી રોડ, કાંદિવલી (પૂર્વ) મુંબઈ - ૪૦૦૧૦૧
ફોન : (૦૨૨) ૬૭૧૯૨૦૦૦, ૬૭૧૯૨૦૪૫
વેબસાઈટ : http//www.utkarsh.org
ઈમેલ : support@utkarsh.org
(૨) ૬ઠ્ઠો માળ, કલ્પના કોમ્પ્લેક્ષ,
મેમનગર ફાયર સ્ટેશનની બાજુમાં, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
ફોન : (૦૭૯) ૬૬૦૫ ૫૪૦૦

નોંધ : ઉત્કર્ષ ઑપરેટિંગ સિસ્ટમની સીડી માટે પણ ઉપરના સરનામે સંપર્ક કરવા વિનંતી.



# રતિલાલ પ્રેમચંદ ચંદરયા (જીવનઝરમર)

ઉત્તમ ગજ્જર

૨૪ ઑક્ટોબર ૧૯૨૨ના દિને નાઇરોબીમાં જન્મ.

પિતા પ્રેમચંદ પોપટલાલ ચંદરયા, માતા પુંજીબહેન પ્રેમચંદ ચંદરયા. પિતા પ્રેમચંદ વતન જામનગરથી પૂર્વઆફ્રિકામાં કેન્યા ગયા, પરિવારને સમૃદ્ધ અને સદાબહાર કરવાના સ્વપ્ન સાથે. પ્રારંભ રૂ. ૨૦ના પગારની તનતોડ મહેનતની નોકરીથી કર્યો, પણ લાગ્યું કે સાહસ વિના શ્રી નહીં. નોકરી છોડી ટ્રેડિંગ શરૂ કર્યું, ચંદરયા પરિવારના દેશવિદેશ ફેલાયેલ કબીરવડ જેવા ઔદ્યોગિક વૃક્ષનું બીજ નાખ્યું,

રતિલાલ પણ એવા જ સાહસી, એવા જ સ્વપ્નશીલ. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ નાઇરોબી અને મોમ્બાસામાં થયું. સક્રિય સ્કાઉટને નાતે યુવાપ્રવૃત્તિઓ, રમતગમત અને યોગ પ્રત્યે આકર્ષાઈ 'જૈન યુવા લીગ' નૈરોબીના સભ્ય તરીકે તેનાં પ્રારંભિક વર્ષોમાં યોગદાન આપ્યું. સભ્ય બની, આનુષંગિક સઘળી પ્રવૃત્તિઓમાં સંકળાયા.

બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળતાં માતાપિતા જોડે ભારત પરત થયા. અહીં અભ્યાસ જારી રાખવાને બદલે તેમણે પારિવારિક વ્યાપારમાં જોડાવું પસંદ કર્યું. એક્સપોર્ટ-ઇમ્પોર્ટનો વ્યવસાય સ્થાપી, પરિવારના ઉદ્યોગ ઉપરાંત વિશેષતઃ ભૂમિગત કે દરિયાઈ માર્ગે માલપરિવહનના વ્યવસાયનાં નવાં ક્ષેત્રો ખોલ્યાં.

નાઈરોબીમાં જ જન્મેલાં વિજ્યાલક્ષ્મી (સ્વ. ફૂલચંદ શાહનાં દીકરી) જોડે, ૧૯૪૩માં જામનગરમાં લગ્નગ્રંથિથી જોડાયા. પરિવારમાં તેમને એક દીકરી, ત્રણ દીકરા અને આઠ પૌત્રો-દોહિત્રો છે.

બીજું વિશ્વયુદ્ધ પૂરું થતાં પરિવારના ટ્રેડિંગ વ્યવસાયમાં જોડાવા ૧૯૪૬માં નાઈરોબી પરત ફર્યા. પૂર્વ અને મધ્ય આફ્રિકાના દેશોમાં વિસ્તૃત પ્રવાસો કર્યા. પચાસના દશકમાં પરિવારે ટ્રેડિંગને બદલે, કેન્યામાં નવા ઉદ્યોગો શરૂ કરવામાં વધુ રસ દાખવ્યો. એક નાનકડા એકમમાંથી વિસ્તરી, પરિવારે આફ્રિકામાં અન્ય દેશોમાં પણ ઉદ્યોગો સ્થાપ્યા. ૧૯૬૦માં તેઓ દાર-એ-સલામમાં જઈ વસ્યા.

૧૯૬૫ના અરસામાં યુરોપના દેશોમાં પારિવારિક ઉદ્યોગો વિકસાવ્યા. અમેરિકામાં વ્યાવસાયિક શક્યતાઓ ચકાસી તેમણે અમરેકિામાં પણ ગણનાપાત્ર સિદ્ધિ હાંસલ કરી. થોડો સમય જીનિવામાં રહ્યા. દક્ષિણ-પૂર્વ-એશિયાના દેશોમાં ધંધાની શક્યતાઓ ચકાસવા ૧૯૭૫માં તેઓ સિંગાપોરમાં જઈ કેટલોક વખત વસ્યા. તે આજની ઘડી અને કાલનો દહાડો, તેઓ ધંધા-વ્યવસાયના વિસ્તરણ અને વિકાસમાં જ વ્યસ્ત રહ્યા. આમ, આજે વિશ્વના ૬૨ જેટલા દેશોમાં ચંદરયા પરિવારનાં ધંધાકીય રોકાણો છે. તે એમની સતત રઝળપાટ અને દૂરંદેશીનું જ સુફળ...

૧૯૭૨માં ‘ઍમ્પ્લૉયમૅન્ટ વર્કિંગ પાર્ટી ઑફ ધ કૉ-ઓર્ડિનેટિંગ કમિટી ફોર ધ વેલફેર ઑફ ઇવેક્યૂઝ ફ્રોમ યુગાન્ડા’ કમિટીના સભ્ય બન્યા. યુ.કે.માં એશિયન એસોસિયેશનના સ્થાપક પ્રમુખ બન્યા.

૧૯૭૩માં યુ.કે.ના ‘ઓસવાળ ઍસોસિયેશન’ના પ્રમુખ ચૂંટાયા. ત્યાર બાદ તેના પ્રથમ ટ્રસ્ટી તરીકે નિમાયા અને બે વાર તેના બોર્ડના પ્રમુખપદે રહ્યા. ૧૯૭૮માં તેની બંધારણ સમિતિના અને ફંડ રેઇઝિંગ સમિતિના પ્રમુખ તરીકે રહ્યા તે, ૧૯૮૦માં તે સમિતિના વિસર્જન સુધી.

૧૯૭૨માં યુ.કે.ના ‘ભારતીય વિદ્યાભવન’ની કાર્યકારી સમિતિના સભ્ય બન્યા. થોડો સમય જનરલ સેક્રેટરી પદે રહ્યા બાદ, ભવનની ફંડ રેઇઝિંગ સમિતિના પ્રમુખ તરીકે અને ભવનના ઉપ-પ્રમુખપદે છેક નિવૃત્તિ



સમય સુધી રહ્યા.

૧૯૮૨માં ‘ઇન્ડિયન જિમખાના’ના ટ્રસ્ટી અને ૧૯૯૫થી છેક અત્યાર સુધી તેના ચેરમેન રહ્યા. ઠેઠ ૧૯૮૦થી ‘એસોસિયેશન ઑફ એશિયન વીમન : સંગમ’ના ટ્રસ્ટી, ‘ફેસ્ટીવલ ઑફ ઇન્ડિયા’ ટ્રસ્ટના ભૂતપૂર્વ ટ્રસ્ટી અને ‘ફેસ્ટીવલ કમિટી’ના ડિસેમ્બર ૧૯૯૧ સુધી સભ્ય, ‘ઇન્ટરનેશલન ફોરમ ઑફ ઓવરસીઝ ઇન્ડિયન્સ’ના સ્થાપક ટ્રસ્ટી, ‘ઇન્ડિયન સ્પોર્ટ્સ એન્ડ ફિઝિકલ ફાઉન્ડેશન’ના સ્થાપક ટ્રસ્ટી, ‘ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી, લંડન અને અમદાવાદ’ સંસ્થાઓના સ્થાપક અને પ્રમુખ, ‘ઇન્ટરનેશનલ સેક્રેડ લિટરેચર ટ્રસ્ટ, લંડન’ના ટ્રસ્ટી, ‘ઓસવાળ યાત્રિકગૃહ, પાલીતાણા’ના ટ્રસ્ટી તરીકે વિવિધક્ષેત્રની સંસ્થાઓમાં સેવાઓ આપી છે અને આપતા રહ્યા છે. ‘હાલારી વિસા ઓસવાળ દેરાસર ટ્રસ્ટ, જામનગર’ના ટ્રસ્ટી

પોતાના વ્યવસાય અને ધંધા-ઉદ્યોગની પ્રવૃત્તિ સાથોસાથ તેઓ વિવિધ સામાજિક સેવાસંસ્થાઓ સાથે સંકળાઈ, વરસોથી આફ્રિકા, એશિયા, દૂરપૂર્વના દેશો, યુ.કે. કેનેડાની ‘મહાત્મા ગાંધી એવોર્ડ’, ‘ઇન્ડિયન જિમખાના’, ‘જૈન સેન્ટર’, ‘જૈન ફેલોશિપ સેન્ટર’ની પ્રવૃત્તિઓમાં પણ સક્રિય સેવા આપતા રહ્યા.

તેમના શોખ વિષયો છે ફોટોગ્રાફી, સિને-ફોટોગ્રાફી, રમત-ગમત, નૃત્ય-નાટ્ય, સ્થાપત્ય અને કલાસાહિત્ય.

વ્યવસાય અને સેવા-પ્રવૃત્તિનાં વિશાળ ક્ષેત્રોને કારણે વિપુલ પ્રમાણમાં વિશ્વપ્રવાસમાં એમનું જીવન વહ્યું ... અને વહ્યે જાય છે.

તેમના જીવન પર ઝાંખી કરતાં નીચેની કાવ્યપંક્તિઓ યાદ આવે છે –

ચીલે ચીલે તો બધાથી ચલાય,
ચીલા પાડે જે નવા તે જવાન;
ખેંચી કાઢે આયખું તો બધાય,
જીવી જાણે

૫૩, ગુરુનગર, વરાછા રોડ, સુરત-૩૯૫૦૦૬ : ભારત

# ગુજરાતી ડિજિટલ ડિક્શનરીનું પશ્ચિમી જગતમાં લોકાર્પણ

ઘનશ્યામ ન. પટેલ

યુનાઇટેડ કિંગ્ડમના પરિસરમાં ત્રણ ત્રણ દાયકાથી અદ્વિતીય કામ કરતી 'ગુજરાતી સાહિત્ય અકાદમી' તેમજ તમન્નાથી ઊભરાતા તરુણ વિચારપત્ર 'ઓપિનિયન'ના એકમેકના સહકારમાં, રવિવાર, ૯ જુલાઈ ૨૦૦૬ની બપોરે, વેમ્બલીસ્થિત પાટીદાર હાઉસના નવોદિત સભાખંડમાં, 'ગુજરાતી લૅક્સિકૉન ડૉટ કૉમ'નું સ્વાગત કરવા અને તેના રચયિતા, રતિલાલ ચંદરયાનું સન્માન કરવા એક જાહેર કાર્યક્રમ સમ્પન્ન થયો. સભાખંડમાં આશરે અઢીસો ભાષાપ્રેમી લોકોની હાજરી હતી.

તળ ગુજરાતમાંના ગુજરાતીના ભાષાશાસ્ત્રી દયાશંકર જોશી, નાટ્ય દિગ્દર્શક સંભવ ત્રિવેદી ઉપરાંત ડાહ્યાભાઈ પટેલ, જગદીશ દવે, રોહિત બારોટ, કાન્તિભાઈ બી. પટેલ, નટુભાઈ સી. પટેલ, એન. સી. જી.ઓ.ના પ્રમુખ લાલુભાઈ પારેખ, નિરંજના દેસાઈ, કુસુમ શાહ, અમૃત દેસાઈ, ગિરીશ જોશી, અરજણ વેકરિયા જેવા આ દેશમાંના આગેવાન ગુજરાતી શહેરીઓ તેમજ અનેક કવિલેખકો, શિક્ષકો ય આ પ્રસંગે ઉપસ્થિત હતા.

આ દેશમાં વરસોથી કામ કરતી અકાદમીએ પોતાની એક આગવી અને અનોખી ઓળખ ઊભી કરી છે. તળ ગુજરાતથી માંડીને ઠેર ઠેર હવે તેનાં નામની ને કામની કદર થતી આવી છે. તે અને અગિયાર બાર વર્ષના



ટૂંકા ગાળામાં, વિશ્વભરમાં કેટલાંક સાહિત્યરસિકોને વાંચતાં કર્યાનો, કેટલાંકને લખતાં કર્યાનો યશ મેળવનાર વિચારપત્ર ''ઓપિનિયન'', સ્વાભાવિક, આ અવસરના આયોજક હતા; એટલે એક પ્રકારની નિસબત, એક પ્રકારની નિષ્ઠા અને નરવી ગરિમા જોવા મળતી રહી.

આ અવસરે રતિલાલ ચંદરયાનું ઉચિત સન્માન, તેમના બૃહદ્ પરિવારની હાજરીમાં, કચ્છી-કાઠિયાવાડી ઢબની કલગી સાથે, મસ્તક પર સાફો બાંધીને કરવામાં આવ્યું. તેમનો પ્રતિભાવ પણ સૂચક હતો : ''ઓપિનિયન'' અને અકાદમીના નેજા હેઠળ પશ્ચિમી જગતમાં થયેલું આ પહેલવહેલું લોકાર્પણ છે. વળી, ગુજરાતીની પહેલી ડિજિટલ ડિક્શનરી તથા તેના સર્જકની સ્વપ્ન સાકાર કરવાની જહેમત-કથા, બળવંત પટેલ તથા ઉત્તમ ગજ્જર સંપાદિત 'કમ્પ્યૂટરની ક્લિકે...' પુસ્તકની અકેકી નકલ દરેકને ભેટ આપવામાં આવી હતી.

ગુજરાતી સંસ્કૃતિને 'ડિજિટલ યુગમાં લઈ જવાનો અને ગુજરાતી ભાષા નામશેષ ન થાય તે જોવાનો હેતુ 'ઉત્કર્ષ'નો પણ છે. એક સંપૂર્ણ ઑપરેટિંગ સિસ્ટિમનો દાવો કરતી આ સંસ્થા ગુજરાતી વપરાશકર્તાને તેમની ભાષામાં કમ્પ્યૂટર વાપરવાની સુવિધા આપે છે. મુંબઈના પ્રસંગની જેમ અહીં લંડનમાં પણ 'ઉત્કર્ષ'ના વડા અશોક કરાણિયા ખાસ હાજર હતા. ગુજરાતી અને અંગ્રેજી ભાષાના માહેર એવા આ તરવરિયા યુવાનની રજૂઆતને શ્રોતાગણે ઉષ્માસભર દાદ આપી હતી.

આ અવસરે લૉર્ડ ભીખુ પારેખ અતિથિ વિશેષ હતા. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના અધ્યક્ષ ધીરુભાઈ ઠાકરે આશીર્વચન આપ્યાં હતાં, જ્યારે યુનિવર્સિટી કૉલેજ, લંડનના સાયન્સ ઍન્ડ ટેકનોલૉજી સ્ટડીઝ વિભાગના પૂર્વ પ્રાધ્યાપક પ્યારઅલી રતનશીનું ઉદ્‌બોધન હતું. અકાદમી પ્રમુખ વલ્લભ નાંઢાએ સ્વાગત કર્યું હતું. રતિલાલ ચંદરયાનો પ્રતિભાવ પડઘાતો રહ્યો. ''ઓપિનિયન''ના લેખકગણ અને વાચકગણવતી ભદ્રા વડગામાએ સમાપન કરીને આભારદર્શન કર્યું હતું; જ્યારે અકાદમીના મહામંત્રી અને ''ઓપિનિયન''ના તંત્રી વિપુલ કલ્યાણીએ સુપેરે સભાસંચાલન કર્યું હતું.

નાનામોટા હમસફરોને, તેમનાં હૂંફટેકાને યાદ કરી કરીને સત્કારના જવાબમાં રતિભાઈએ બિરદાવ્યા હતા. સન્માનના પ્રતિભાવમાં એમની નમ્રતા છતી થતી હતી. આવા સન્માનના વિધિઓ મને ફાવતા નથી. એવા શબ્દોમાં સન્માન સ્વીકારતાં દિલમાં ઊભરાતા કંઈક અપરાધભાવ વચ્ચે અનેક સહયોગીઓનું નામસ્મરણ એમને ભીંજવતું રહ્યું.

આ વિરલ પ્રસંગની શુભ શરૂઆત વડોદરાના ગાયક પ્રભાતદેવ ભોજકની સરસ્વતીવંદનાથી થઈ. તેનાથી બંધાયા સુભગ વાતાવરણ બાદ, કાલિન્દીબહેન ચંદરયા, દક્ષાબહેન શાહ, દિનુબહેન ચંદરયા તથા મંજુબહેન શાહ દ્વારા દીપ પ્રાકટ્ય અને પછી સંદેશાઓનું નામસ્મરણ કરવામાં આવ્યું. મંચસ્થ મહાનુભાવોનો વિપુલ કલ્યાણીએ પરિચય કરાવ્યો. પછી અકાદમી પ્રમુખ વલ્લભ નાંઢાએ સૌનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. વલ્લભભાઈએ અકાદમીની સબળાઈ – નબળાઈ રજૂ કરતાં કરતાં તેના નેજા હેઠળ દાયકાઓથી થતાં રહેલાં કામોની વિગતે વાત કરી.

પછી આવ્યા પિયુભાઈ રતનશી. અંગ્રેજીમાં એમણે અસ્ખલિત વાણી પ્રવાહ વહેવડાવ્યો. યુગાન્ડામાંથી એશિયાઈઓની હકાલપટ્ટી બાદ, સ્વ. પ્રાણલાલ શેઠ અને રતિલાલ ચંદરયા જેવા આગેવાનો જોડે એ સૌને અહીં થાળે પાડવાની જે કંઈ પ્રવૃત્તિઓ થઈ હતી એનું સ્મરણ કર્યું. આધુનિક વૈજ્ઞાનિક અને વીજળિક રસમોનો આ લૅક્સિકૉનમાં ઉપયોગ કરવામાં આવ્યો છે તે માટે રાજીપો વ્યક્ત કરી ઇન્ટરનેટના માધ્યમ વડે વારસાની ભાષાને સમૃદ્ધ કરવાની આ અદ્વિતીય કામગીરી વિશે એમણે રતિભાઈને અભિનંદન આપ્યાં હતાં.

આયોજકો ભણી ઓશિંગણભાવે રતિલાલ ચંદરયાએ આંતરિક આનંદ વ્યક્ત કર્યો.

રતિલાલભાઈ, આખરે, અત્રતત્રસર્વત્રને સમક્ષ રાખી, ઊર્મિસભર સૌને કહેતા રહ્યા : 'આને સાચવી જાણજો. એને કારણે પણ ગુજરાતી બોલનારી, ગુજરાતી વાંચનારી, ગુજરાતી લખનારી પ્રજાનો, યુગો સુધી, વિસ્તાર થયા કરે એમ કિરતારને નત મસ્તકે પ્રાર્થના કરતો રહું છું અને



આ સ્થળેથી પણ વધુ એક વાર પાર્થીશ. ગુજરાતી વાણી રાણીના વકીલને નાતે, અહીંતહીં સર્વત્ર દરેકને એક જ વિનવણી : મારી આ ખિદમતને પણ જાળવી જાણજો અને સંવર્ધિત કરતા રહેજો.'

'ઉત્કર્ષ'ના લવરમૂછિયા યુવાનો પ્રત્યેની એમની ઉમળકાસભર સ્નેહગાંઠ પણ આ પ્રવચનમાં ડોકાયા કરતી રહી.

અને પછી, સભા, મંચ પર અકાદમીના ખજાનચી લાલજી ભંડેરી તથા સહમંત્રી વિજયા ભંડેરીની આગેવાની હેઠળ લાલજી ભુંદિયાએ પરંપરા અનુસાર રતિભાઈને સાફો બાંધ્યો. જાણે કે રતિભાઈ વરરાજા ન હોય તેમ એમને સજ્જ કરવામાં આવ્યા ! વલ્લભ નાંઢાએ શાલ ઓઢાડી અને ભદ્રા વડગામાએ સુખડનો હાર પહેરાવી શ્રીફળ પ્રદાન કર્યું. ભાવવિભોર શ્રોતાગણ લાગણીના ઉછાળામાં હિલોળાતો રહ્યો. સાચ્ચેસાચ યુનાઈટેડ કિંગ્ડમના ગુજરાતી સમાજની, ડાયસ્પોરિક ગુજરાતી જગતની અનુપમ સિદ્ધિની આ વિરલ ઘડી હતી !

રતિભાઈએ સન્માનનો સ્વીકાર કરતાં કહ્યું : તમારો સાફો સ્વીકારું છું. મને આવું બધું પસંદ નથી. આયોજકોના પ્રેમને વશ છું અને આથી આનો મને સ્વીકાર છે. વરસો પહેલાં, વિજયાને પરણવા ગયો હતો ત્યારે પહેલી વાર સાફો પહેરેલો; હવે આજે બીજી વાર. મારી માતૃભાષાની નાની અમથી સેવાની કદરદાનીમાં આ સાફો પહેર્યો છે. ધીરુભાઈ ઠાકરે ગુજરાતી વિશ્વકોશનું મોટું કામ કર્યું છે. જ્યારે 'ગુજરાતી લૅક્સિકૉન'ની આ સી.ડી.નું નાનું કામ મેં કર્યું છે. જોકે બંનેનાં કામો ભાષા સંદર્ભે જ થયાં છે. ધીરુભાઈની આ પ્રસંગે ઉપસ્થિતિ આથી પણ મને પોરસાવે છે.

પ્રસંગના શિરમોર સમી બીજી ઘડી પણ આવી પહોંચી હતી. અતિથિ વિશેષ ભીખુ પારેખે રતિલાલ ચંદરયા સર્જિત 'ગુજરાતી લૅક્સિકૉન ડૉટ કૉમ' સી.ડી.નું સભાગૃહમાં ઉપસ્થિત પ્રેક્ષકોના અનેરા ઉત્સાહ અને આનંદની તાળીઓ વચ્ચે વિમોચન કરી જાહેર લોકાર્પણ કર્યું.

લોકાર્પણ બાદ સભાજનોની પસંદગીને અનુસરીને ભીખુભાઈએ ગુજરાતીમાં જ મનનીય પ્રવચન આપ્યું. તળ ગુજરાતમાં આ કામ થઈ ન

શક્યું અને ડાયસ્પોરાના એક માણસે આ ડિજિટલ ડિક્શનરીનું કામ સરસ રીતે પાર પાડ્યું તે માટે એમણે રાજીપો વ્યક્ત કર્યો અને રચયિતા રતિલાલ ચંદરયાને અભિનંદન આપ્યાં. રતિભાઈ સાથેના જૂના અનુભવો યાદ કરી જણાવ્યું કે કલ્યાણકારી કામ કરનારનું ક્યારેય અહિત થતું નથી. રતિલાલ ચંદરયાને અનેક પેઢીઓ યાદ કરશે. એમણે બુદ્ધિ અને કલ્પનાથી સંપત્તિનો સદ્ઉપયોગ કર્યો છે.

ઑક્સફર્ડ ડિક્શનરીની પેઠે સતત કામ કરતું, ભૂલો તપાસતું, ચકાસતું, નવા નવા શબ્દોને આવકારતું અને આમેજ કરતું ધબકતું કોશતંત્ર ઊભું કરવાનું અગત્યનું સૂચન એમણે કર્યું હતું. વળી, ડાયસ્પોરાના ગુજરાતીના વિદ્વાનો પણ તળ ગુજરાતીનાં સમસામયિકો માટે ગુજરાતીમાં લખવાનું રાખે એવો મત વ્યક્ત કરતાં કરતાં ભીખુભાઈએ ગુજરાતની ભાષાશિક્ષણની નબળાઈઓ, અનુવાદ માટેની મર્યાદાઓ તેમજ કેળવણીમાં દૂરંદેશીપણાના અભાવ અંગે ભારે ચિંતા વ્યક્ત કરી હતી.

સભાસંચાલક વિપુલ કલ્યાણીએ જેમને આધુનિક ઋષિપુરુષ તરીકે બિરદાવ્યા હતા એ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના અધ્યક્ષ અને સાહિત્યકાર ધીરુભાઈ ઠાકરે એ પછી આશીર્વચન ઉચ્ચારતાં કહ્યું : અહીં ડાયસ્પોરિક ગુજરાતી સાહિત્યની સંસ્થાનું, ગુજરાતી ભાષાનું તથા સાહિત્યનું અને ગુજરાતી સંસ્કારનું અનુકૂળ વાતાવરણ ઊભું થયું છે. અહીંની ડાયસ્પૉરિક ધારા તળ ગુજરાતની મુખ્ય ધારા કરતાં પણ ભવિષ્યમાં આગળ વધશે, એવો આશાવાદ એમણે વ્યક્ત કર્યો હતો.

આ ડિજિટલ ડિક્શનરીનું કામ ગુજરાતમાં થઈ ન શક્યું તેનો એમણે ય રંજ વ્યક્ત કર્યો. ગુજરાતમાં શિક્ષણનું સ્તર બહુ જ નીચે ઊતરી ગયું છે એમ કહીને આ ડિજિટલ ડિક્શનરી તથા વિશ્વકોશની રચના અને વિસ્તાર કરવા જેવાં વિદ્યાનાં કામો માટે એમણે સંતોષ વ્યક્ત કર્યો હતો. ગુજરાતી લૅક્સિકૉન ડૉટ કૉમને ગુજરાતી ડાયસ્પોરિક જગતની મહાન સિદ્ધિ લેખાવીને રતિભાઈને બિરદાવ્યા હતા અને પછી ઉમેરણ કરતાં કહ્યું કે આવા પ્રકલ્પથી ગુજરાતી ભાષાનો ઉત્તરોત્તર વિકાસ થશે.



મુંબઈથી ખાસ આ અવસરે આવેલા 'ઉત્કર્ષ'ના નવયુવાન આગેવાન અશોક કરાણિયાએ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ વાટે આ સી.ડી.ની સરસ મજાની પ્રસ્તુતિ કરી આ પ્રકલ્પમાં આવરી લેવાયેલ વિવિધ વિભાગોની સમજણ આપી હતી. વળી દરેક વિભાગના શબ્દભંડોળની રજૂઆત કરતાં તેમણે 'સ્પેલ ચેકર' જેવા અદ્વિતીય કામની દૃશ્ય-શ્રાવ્ય સાધનો વડે સુપેરે રજૂઆત કરી હતી. આવા લવરમૂછિયા નવજવાનને કાંધે ગુજરાતી ભાષા અને કોશતંત્રનાં કામો હોઈ તેનું ભવિષ્ય ઊજળું રહેવાનું છે, તેમ વિપુલભાઈ કહેતા રહ્યા.

વિધિસરના કાર્યક્રમને અંતે ભદ્રા વડગામાએ મંચ પરના મહાનુભાવો ઉપરાંત સભાજનોનો સહૃદય આભાર માન્યો હતો. એ પછી આદાન પ્રદાન વચ્ચે સૌએ સરસ મજાના કાઠિયાવાડી ભોજનની વિવિધ વાનગીઓ માણી હતી.

[૩૧, Bishop's Park Road, Norbury,
LONDON SW૧૬ ૫TX, U.K.]

પ્રતિભાવ :

- ''કમ્પ્યૂટરની ક્લિકે પુસ્તિકા મળતાં વેંત જ મેં કમ્પ્યૂટર પર એ ડિક્ષનરીનાં પાનાં ખોલી જોયાં. ચંદરયા ફાઉન્ડેશને ખરેખર આ ભગીરથ કાર્ય, અદ્ભુત કાર્ય, અભૂતપૂર્વ કાર્ય કર્યું છે. ગુજરાતી પ્રજા તેમની આ સરાહનીય સેવા બદલ જેટલો આભાર વ્યક્ત કરે તેટલો ઓછો છે. ચંદરયા સાહેબની વર્ષોની જહેમત આજે ફળીભૂત થઈ છે, જે તેમનો ફાળો ગુજરાતી-શબ્દકોશ સમ્રાટ તરીકેનો અમૂલ્ય લેખાશે. હવે માત્ર ક્લિક કરીને જ શબ્દાર્થ, તેનો વિરુદ્ધાર્થ કે સામ્યાર્થ તુર્ત શોધી લેવાની સુગમતા ઉપલબ્ધ થાય છે.''

– કિશોર જાદવ, કોહિમા, નાગાલેન્ડના પત્રમાંથી

# આ સફળતા રતિલાલ ચંદરયાની તો છે, પણ આપણા સહુનીય છે

વલ્લભ નાંઢા

આપ સૌનું હાર્દિક સ્વાગત છે. 'ગુજરાતી સાહિત્ય અકાદમી' અને 'ઓપિનિયન' મળીને આ કાર્યક્રમ સજોડે યોજે છે.

આપણી સંસ્કૃતિ, આપણી ભાષા અને આપણું સાહિત્ય એ આપણો મૂલ્યવંત વારસો છે. તેનું આપણે અણમોલ જણસની જેમ જતન કરવું જોઈએ. આપણી ગુજરાતીતાને પણ જીવની જેમ જાળવવી જોઈએ. આપણી આ ઓળખ અને અસ્મિતાને જીવંત રાખવાનું કામ ગુજરાતી સાહિત્ય અકાદમી ત્રણ ત્રણ દાયકાઓથી કરે છે. કોઈ શુભ સંકલ્પબળે બ્રિટનની ધરતીમાં રોપાયેલું એ બીજ કૉળ્યું, પાંગર્યું, ફૂલ્યું અને ફાલ્યું. ગુજરાતી ભાષા અને સાહિત્યપ્રીતિ ધરાવતા મુઠ્ઠીભર નિષ્ઠાવાન ગુજરાતીઓની આકરી તપશ્ચર્યાનું આ પરિણામ છે.

ગુજરાતી સાહિત્ય અકાદમી, ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિને ક્ષેત્રે કામ કરતી આ દેશની મુખ્ય સંસ્થા છે. કોઈ પણ ગુજરાતીને પોરસાવે તેવાં કેટલાંક માતબર કામો અકાદમીએ હાથમાં લીધાં છે અને પાર પાડ્યાં પણ છે. કાયમી સરનામા વગર ટાંચાં સાધનો વચ્ચે ય ભાષા, સાહિત્ય, કળા અને સંસ્કારલક્ષી અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા તેણે વિકાસ સાધ્યો છે.



અંગ્રેજી તેમ જ ગુજરાતી સાહિત્યકારો, દરિયાપારના સાહિત્યકારો, વિવેચકો, તંત્રીઓ, શિક્ષણશાસ્ત્રીઓ, ચિત્રકારો અને નાટ્ય દિગ્દર્શકોના કાર્યક્રમો વાટે અકાદમીએ એક અલગ ઓળખ ઊભી કરી છે. સાહિત્યના પ્રસાર સાથે ઇનામી સાહિત્યોત્કર્ષક હરીફાઈઓ પણ વખતો વખત યોજવામાં આવી રહી છે. આજ સુધીમાં અકાદમીએ આંતરરાષ્ટ્રીય સ્તરની સાતસાત ભાષા સાહિત્ય પરિષદોનું આયોજન પણ કર્યું છે.

અકાદમીએ માતૃભાષાની પરીક્ષાઓનું તંત્ર ઊભું કરી, ગુજરાતીનો અભ્યાસક્રમ, પછી તે અનુસાર છ પાઠ્યપુસ્તકોનું નિર્માણ, તેના પર આધારિત, બ્રિટનભરમાં વિસ્તરેલી પરીક્ષાઓ અને સાથોસાથ શિક્ષક તાલીમવર્ગો ગોઠવી, માતૃભાષાના વિકાસની દિશામાં નક્કર પગલાં ભર્યાં છે. ગુજરાત સરકારે પણ અકાદમીના અભ્યાસક્રમને તેમ જ તેના દ્વારા સંચાલિત પરીક્ષાઓને માન્યતા આપી છે.

વળી, ચારેક વર્ષથી નવી પેઢીને સાહિત્યાભિમુખ કરવા અને નવોદિતોને પ્રોત્સાહન આપવા વાર્તાવર્તુળ, ઓટલો અને વાદ-સંવાદ જેવી બેઠકો યોજાતી આવી છે.

અકાદમીએ ''અસ્મિતા'' નામક એક અનિયતકાલીન સામયિકનું ઈ.સ. ૧૯૮૪થી પ્રકાશન કરવાનું શરૂ કર્યું છે. આ ઘટનાને એક સાહિત્યિક નહીં પણ સાંસ્કૃતિક ઘટનાના સંદર્ભ લેખે જોગવવી જોઈએ.

આપણી ઓળખ જાળવવાનાં આવાં અનેક પ્રકારનાં ટકોરાબંધ કામો અકાદમી કરતી આવી છે; પણ જે કાર્યને ડાયસ્પોરિક સંદર્ભમાં મૂલવી શકાય એવું ડિજિટલ શબ્દકોશ તૈયાર કરવાનું ભગીરથ કામ, આપણા સવાઈ ગુજરાતી રતિલાલ ચંદરયાએ કર્યું છે. આવા બળૂકા કામ માટે રતિભાઈ ચંદરયાને જેટલા ધન્યવાદ આપીએ તે ઓછા જ પડશે.

આ દેશમાં ધન તો સૌ કોઈ રળે છે, પણ એ ધનનો આપણા સાહિત્ય, સંસ્કૃતિ કે ભાષાના ઉત્કર્ષ માટે ઉપયોગ કરનારા કેટલા ? આપણામાંથી કેટલા રતિલાલભાઈને એક ભાષાપ્રેમી તરીકે ઓળખતા હશે ? ખાસ તો નવી ઢબના શબ્દકોશના સર્જક તરીકે ? વર્તમાન તેમજ ભાવિ પેઢીઓની

જરૂરિયાતો પૂરી કરે તેવા ગુજરાતી શબ્દકોશનું તેમણે સર્જન કર્યું છે. આ પ્રકારની આ પ્રથમ ડિક્શનરી છે. વિશ્વભરના ગુજરાતીઓને લાભ થાય એવી એક ગુજરાતી ડિજિટલ ડિક્શનરી તૈયાર કરવાનો એમણે આશરે વીસ વર્ષ પહેલાં સંકલ્પ કરેલો. એ દિશામાં તેમણે ખૂબ શ્રદ્ધાપૂર્વક કામ કર્યું અને વીસ વર્ષની અથાગ મહેનત બાદ, આખરે, આ ડિજિટલ ડિક્શનરી તૈયાર કરવામાં એમણે સફળતા મેળવી છે. એ સફળતા એમની તો છે, પણ સાથે સાથે આપણા સહુની ય છે.

અમારી દૃષ્ટિએ આ ડિક્શનરીનું વિશેષ મહત્ત્વ શા માટે છે ? આપણું બાળક અંગ્રેજીમાં અવલ્લ હોય, પણ માતૃભાષાનું તેનું જ્ઞાન સીમિત હોય. તેને ગુજરાતીનાં પુસ્તકો વાંચવાની ઇચ્છા થાય, પરંતુ ગુજરાતી શબ્દોના અર્થની તેને સમજણ ન પડતી હોય, માબાપ પણ તેને સમજાવી શકતાં ન હોય, એવાં ગુજરાતી પુસ્તકો સુધી પહોંચવાની ઇચ્છા ધરાવતા બાળકોની ઇચ્છા નિરાશામાં પલટાય જાય એ સહજ છે. માટે જ જેમને ગુજરાતી ભાષા લખતાં કે વાંચતાં આવડતી ન હોય એવા લોકો માટે પણ ડિજિટલ ડિક્શનરી રતિભાઈએ બહાર પાડી છે. એટલે આ સીડીની પ્રસ્તુતિ દ્વારા, જેમને ગુજરાતી વાચવા લખવામાં મુશ્કેલી પડે છે એવા અનેક લોકોની એ મુશ્કેલીઓ દૂર થઈ જશે એવી અમને પાક્કી શ્રદ્ધા છે.

બીજું, ઈંગ્લેન્ડમાં શું કે ગુજરાતમાં શું ? આપણા પ્રકાશકો પાસે ગુજરાતી ભાષા અને તેની જોડણી પર મહારત ધરાવનાર પ્રૂફરીડરો પણ હવે ક્યાં રહ્યા છે ? ત્યારે રતિભાઈની આ ડિજિટલ ડિક્શનરીની ઉપલબ્ધિથી પ્રૂફરીડર શોધવાની કડાકૂટ ઓછી થઈ જશે. તેમ જ સાચી જોડણી પણ હવે આ ડિક્શનરી જોઈને કરી શકાશે.

રતિલાલભાઈ, મને ખાતરી છે કે ગુજરાતી ભાષા અને તેના શબ્દકોશમાં રસ ધરાવતા સહુ ગુજરાતીઓ આ નવો વિક્રમ સ્થાપવા માટે તમને ચિરઃકાળ યાદ કરશે.

સાથે સાથે અમારી કાયમી સરનામા વગરની આ સંસ્થા દ્વારા ટાંચાં સાધનોથી કામ લઈને પણ, મેં આગળ જણાવ્યું તેમ, ઘણાં મોટાં ગજાનાં



કામો થયાં છે. આજે આ સંસ્થા પાસે પોતાનું કાયમી સરનામું નથી. જો કાયમી સરનામું હોત તો રતિભાઈ, તમે ગુજરાતી ડિજિટલ ડિક્શનરી બહાર પાડવાનું કામ કર્યું એવાં બીજાં કામો કરવાની અમને વધુ સુગમતા રહેત અને લોકો સુધી સરળતાએ પહોંચાડત; ખેર !

રતિભાઈ, તમે સતત ભારતીય મૂલ્યો અને સંસ્કૃતિનાં જતન તથા વિકાસ માટે પ્રયત્નશીલ રહ્યા છો. સમાજસેવાનું પણ ઘણું કામ કરો છો. આવો વિશ્વવિક્રમી પ્રકલ્પ હાથ ધરવા માટે અને એ પ્રકલ્પને અણીશુદ્ધ પાર પાડવા માટે તમને સહૃદય અભિનંદન પાઠવીએ છીએ.

[૩૨૪ Horn Lane Acton, LONDON W૩ ૬TH. UK]

શ્રી વલ્લભ નાંઢાના વક્તવ્યનો વિડિયો જોવા માટેની લીંક :

Part - 1 : http://www.youtube.com/watch?v=NTxu7KCGEyA

Part - 2 : http://www.youtube.com/watch?v=JvFjhAApEaA

પ્રતિભાવ :

- "ચંદરયાભાઈની ડિજિટલ ડિક્ષનરી વિશેના છૂટક લેખો સામયિકોમાં વાંચ્યા હતા પરંતુ બધું એકસાથે આપીને તમે બહુ સરસ કામ કર્યું છે. એકી બેઠકે ફરી બધું વાંચી ગઈ. એના સર્જકની સૂઝ-સમજણ-લગન-ધગશ-ખંત-ધીરજ-સાહસ અને અવિરામ શ્રમ... આ બધાથી અભિભૂત થઈ જવાય. સીડી માટે ઉત્કર્ષનો સંપર્ક કરીશ.
  – દક્ષા વ્યાસ, વ્યારાના પત્રમાંથી.
- મુરબ્બી રતિલાલભાઈને વંદન સહ અભિનંદન પાઠવું છું. એમણે ગુજરાતી ભાષાને અમૂલ્ય અલંકાર અર્પણ કીધું છે.
  – ઈશ્વર પરમાર, દ્વારકાના પત્રમાંથી.
- કમ્પ્યૂટરની ક્લિકે પુસ્તિકા મળી છે... ગુજરાતી ભાષા પર સંપાદકોએ ઉપકાર કર્યો છે. ખૂબ ઉપયોગી થશે.
  – ચિમનલાલ ત્રિવેદી, અમદાવાદના પત્રમાંથી.

# ન હિ કલ્યાણકૃત્કશ્ચિદ્ દુર્ગતિં તાત ગચ્છતિ

ભીખુ પારેખ

આ પ્રસંગ ઘણો અગત્યનો છે. પ્રસંગની અગત્યતા વિષે હું કંઈ કહું એ પહેલાં તો રતિભાઈ ચંદરયાને મારા તરફથી ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ ગુજરાતી લૅક્સિકૉન ડૉટ કૉમ સાચા અર્થમાં માત્ર ડિક્શનરી જ નથી, કારણ કે એ સિવાય એ ઘણુંબધું સંભાળી લે છે. એમાં પર્યાયો પણ છે. એમાં એન્ટીનમી [antinomy] છે, સિનૉનિમ [synonym] છે, થિસૉરસ [thesaurus] છે; ઘણું બધું ભેગું કર્યું છે. આને સારુ, કોઈ એક નવો શબ્દ જ શોધવો પડે તેમ છે. આવું આ અદ્વિતીય કામ, સૌ પ્રથમ વખત, અહીં ડાયસ્પોરામાં, ડાયસ્પોરાની સૂઝ સમજથી રચવામાં આવ્યું છે. બીજી કોઈ ભાષામાં આવું કામ થયાનું ન તો મેં જોયું છે, ન તો મેં સાંભળ્યું છે. ઑક્સફર્ડ ઇંગ્લિશ ડિક્શનરી એ તો માત્ર શબ્દકોશ છે. શબ્દોના અર્થ પણ અંગ્રેજીમાં જોવા મળે છે. જ્યારે અહીં તો એક ભાષામાંથી બીજી ભાષામાં, એક જ ભાષામાંથી પાછું એ જ ભાષામાં, એમ સાત જાતના નવા પ્રયોગો કરવામાં આવ્યા છે. એટલે આ નવીન વસ્તુ છે. અને તેનો કોઈ જોટો જોવા મળતો નથી.

રતિભાઈ વિષે તો મારે ઘણું ઘણું કહેવાનું છે. પણ તેનો અહીં સમય ક્યાં છે ? રતિભાઈ મારા જૂના મિત્ર છે. ચાળીસેક વરસની હવે ઓળખાણ



થઈ હશે. હું એમના આભાર તળે પણ છું. ગઈ સદીનાં આઠમા દાયકામાં મારા મોટા દીકરાના લગ્ન લેવાયાં હતાં ત્યારની વાત છે. દીકરાનું લગ્ન અંગ્રેજ કન્યા જોડે થતું હતું. જાન નીકળી. લગ્નસ્થળે પહોંચી જવા માટે એક પુરોહિતને અમે રોકેલા. કોઈ પણ કારણે એ સમયસર આવી ન શક્યા. હવે શું થાય ? લગ્ન તો થવું જ જોઈએ. સમય વર્તીને મેં કહ્યું, ચાલો, આપણે 'સેલ્ફ સર્વિસ' કરીએ. આપણે વેદી પ્રગટાવશું. આપણે ભજનો ગાઈશું. પુરોહિતે મને લગ્નવિધિનો પાઠ આપી રાખેલો. વળી, કર્મે તો બ્રાહ્મણ જ રહ્યો. જન્મે બ્રાહ્મણ હોવું જરૂરી નથી. જન્મથી જાતિ નક્કી થતી નથી, કામોથી જાતિ નક્કી થાય છે, તેમ ભગવાને પણ કહ્યું છે. એ અવસરે રતિભાઈ અમારા કુટુંબના વડીલ તરીકે ત્યાં હાજર હતા. લાગલા એ બોલ્યા, ચિંતા કરવાની કોઈ જ જરૂર નથી અને સીધા જ કામે વળગી ગયા. એમણે વેદી તૈયાર કરવા માંડી. ફૂંક મારીને એમણે વેદી માટેનો અગ્નિ ચેતવ્યો. એ વેળા વિજુબહેન પણ હાજર હતાં. એ પણ બોલ્યાં, 'ભીખુ તમારે ચિંતા કરવાની જરૂર જ નથી.' દસેક મિનિટમાં અગ્નિ પ્રગટ્યો. વેદી થઈ. આપણાં જાણીતાં બૅરોનેસ ઉષા પ્રાશર પણ હાજર હતાં. એમણે લગ્નગીતો ગાવાં શરૂ કર્યાં. હું બ્રાહ્મણ બની ગયો. અને આમ અમે લોકોએ લગ્ન પતાવ્યું. એટલે રતિભાઈના તો ઘણા અવતારો છે. એક અવતાર એમનો વેદી પ્રગટાવવાનો છે. ત્યારે મેં એમને કહેલું કે આવો બીજો પ્રસંગ જો ઊભો થાય તો હું તમને બ્રાહ્મણ પણ બનાવીશ. ધર્મે તમે જૈન હશો. પણ તમે હિન્દુ બ્રાહ્મણ પણ બની શકશો. આવા આવા કારણોસર પણ રતિભાઈનો હું આભારી છું.

રતિભાઈને આપણે ખૂબ ખૂબ અભિનંદન આપીએ. અહીં મને ભગવદ્ગીતાના છઠ્ઠા અધ્યાયમાં ભગવાને કહ્યું છે તે સાંભરે છે : न हि कल्याणकृत्कश्चिद् दुर्गतिं तात गच्छति । જે માણસ કલ્યાણ કરે છે, બીજાનું ભલું કરે છે તેની અવગતિ કદી થતી નથી. એટલે આ રતિભાઈ, કલ્યાણકૃત્, સમાજને માટે કલ્યાણ કરનારા માણસ છે; એટલે જ હું કહું છું, કે આવતી અનેક પેઢીઓ તેમને યાદ કરશે અને કહેશે કે આ એક માણસ હતો જે

બુદ્ધિથી કલ્પના કરી શક્યો અને પોતાનો પૈસો પરમાર્થ માટે, આ કામ માટે ખર્ચી શક્યો.

ડિક્શનરી માટે આ આટલો મોટો કાર્યક્રમ છે અને મેં ગુજરાતી લૅક્સિકોનનો આ પ્રકલ્પ જોયો છે. એમાં ઘણી વસ્તુઓ છે. અંગ્રેજીમાંથી ગુજરાતીમાં લગભગ દોઢથી બે લાખ જેટલા શબ્દો છે. ગુજરાતીમાંથી અંગ્રેજીમાં છે. ગુજરાતીના અર્થો ગુજરાતીમાં છે. સાથે સાથે થિસૉરસ પણ છે. થિસૉરસનો તમે ઘણાંએ ઉપયોગ કર્યો હશે. મારા જેવાને તો રોજ ઉપયોગ કરવો પડે. ક્યારેક લેખ લખતા હો, પુસ્તક લખતા હો તો એકનો એક શબ્દ વારંવાર ન આવે સમજી, તેના બીજા પર્યાયો કયા છે તેની આપણે તપાસ કરીએ છીએ. અંગ્રેજી થિસૉરસમાં જે તે શબ્દના સિનોનિમ, પર્યાય, નજીકના અર્થવાળા શબ્દો છે, જેનો આપણે કન્સેપચ્યુઅલ ઇક્વિવેલન્ટ તરીકે ઉપયોગ કરી શકીએ એવા દસબાર શબ્દો મળી આવે છે. મગજ થાકી ગયું હોય ત્યારે એકનો એક શબ્દ મગજમાં આવે અને એના પર્યાયો ન જડે. આમ આ ઘણું સુંદર કામ છે.

બીજી વસ્તુ એમાં એ છે કે વખતોવખત સુધારાવધારા કરવાનું કામ રતિભાઈએ તો કહ્યું જ છે. વિપુલ કલ્યાણીએ આગળ એક સવાલ કર્યો જ છે કે ઑક્સફર્ડ ડિક્શનરી દર બેત્રણ વર્ષે સુધારાવધારા સાથે સંવર્ધિત થતી રહે છે. વીસપચીસ માણસો તજ્જ્ઞોની સમિતિ હોય, એવા લોકો જેના સંપર્ક વ્યાપક હોય, મોટું નેટવર્ક હોય; લોકોને કહી રાખ્યું હોય કે નવા શબ્દો ઉપયોગમાં આવતા સાંભળો કે તરત અમને જણાવજો અને માહિતગાર રાખજો. કેમ ? તો ભાષા ક્યારેય મરતી નથી. ભાષાના અમુકતમુક શબ્દો, કોઈ પણ કારણે વપરાશમાં ન હોય, પણ તેને શબ્દકોશમાં રાખવા જરૂરી છે. એમ નવા શબ્દો ય જન્મતા રહે છે. તો એવા શબ્દોની જાણકારી ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસમાં બેઠેલા માણસને કેવી રીતે હોય ? તેનો ખ્યાલ કેવી રીતે હોય ? આથી બધાને કહી રાખ્યું હોય કે યુવાન પેઢી છે તે જે શબ્દો વપરાશમાં લે છે, મિશ્ર લગ્નને કારણે ઉદ્‌ભવતી પ્રજા જે અલગ અલગ ભાષાઓનો ઉપયોગ કરે છે તેમાંથી



ઉદ્‌ભવતા શબ્દો હોય, વારસાગત શબ્દો હોય તેનાથી કોલોક્વિયલ અંગ્રેજી સમૃદ્ધ બનતું જાય છે. નવા નવા શબ્દો આવતા જાય, ભાષાનું માળખું બદલાતું હોય. વાક્યરચનાઓમાં ફેરફારો થયા કરતા રહે તે બધાનો પડઘો શબ્દકોશમાં પડવો જોઈએ. દર વર્ષે ૩૦૦-૫૦૦ શબ્દો ઑક્સફર્ડ અંગ્રેજી શબ્દકોશમાં ઉમેરાતા રહે છે.

તમે સૌ મને સાંભળવા માટે, રતિલાલ ચંદરયાને જોવા અને સાંભળવા માટે કે પછી વિપુલ કલ્યાણીને સાંભળવા સારુ આવ્યા નથી; આપણે સામૂહિકપણે ઉત્સવ અહીં યોજી રહ્યા છીએ. આ સામાજિક અવસર છે. કોઈ પણ ઉત્સવમાં એક પ્રકારની પ્રતિબદ્ધતા હોય છે. આપણે પ્રતિજ્ઞાબદ્ધ બનીએ છીએ. એના ભાગીદાર બનીએ છીએ અને આડકતરી રીતે વચન આપીએ છીએ કે અમે આ પ્રકલ્પને પલ્લવિત અને પુષ્પિત કરીશું. આમ આ પ્રકલ્પમાં વધુ અને વધુ પ્રગતિ થાય તે જાતની પ્રતિબદ્ધતા આપણે સૌએ ઘોષિત કરવાની છે. આમ હું સૌની પ્રતિજ્ઞા માગી રહ્યો છું. શાબ્દિક રીતે નહીં, વાણીમાં નહીં, પણ વર્તનમાં. આ ગુજરાતી લૅક્સિકોનને વેબસાઈટ પર જોયા પછી કોઈ વાર પણ ખ્યાલ આવે કે આમાં સુધારાવધારા કરવા જેવા છે, કાંટછાંટ કરવા જેવું છે તો એમના ધ્યાન પર લાવજો.

આ પ્રસંગે મારે ખાસ કહેવાની વાત એ કે આ ભાષાનો વિષય છે. એ તો તત્ત્વજ્ઞાનની બાબત છે અને એ મારું ક્ષેત્ર છે. વ્યક્તિનો ભાષા સાથેનો સંબંધ શો ? અંગ્રેજીમાં તો મોટો પ્રશ્ન કરાય છે : હાઉ ડુ આઈ રિલેટ ટુ માય લૅંગ્વેજ ? ભાષા માત્ર સાધન છે, જે દ્વારા મારે તમને જે કંઈ કહેવાનું છે, મારી લાગણી વ્યક્ત કરવાની છે તે શક્ય થાય છે. આમ ભાષા બોલચાલનું સાધન બને છે કે પછી તેની બીજી કોઈ અગત્ય પણ છે ? આ મુદ્દે રવીન્દ્રનાથ ટાગોરે બહુ સરસ લખ્યું છે. બંગાળ અને ગુજરાત વચ્ચે જે મોટો તફાવત છે તે પણ સમજી શકાય છે. ટાગોરે કહ્યું કે ભાષા માત્ર સંવાદનું સાધન નથી. એ તો અભિવ્યક્તિ છે. My language is not just an instrument of communication, it is an expres-

sion of me. ભાષા દ્વારા હું મારી જાતને સમજી શકું છું. અને આનું પરિણામ તો જુઓ : દેશપરદેશમાં વરસોથી રહ્યા છતાં અનેક બંગાળી લેખકો પોતાની ભાષામાં પણ લખતા રહે છે. અને તે લખાણ શુદ્ધ બંગાળી જ રહેવાનું. વળી તેનું તેઓ સૌ ગૌરવ પણ લે. અમર્ત્ય સેન મારા મિત્ર છે. તપનરાય ચૌધરી ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક છે. અમર્ત્ય સેન અર્થશાસ્ત્રી છે. તપનરાય ચૌધરી મધ્યયુગીન ઇતિહાસકાર છે. અઠવાડિયે, પખવાડિયે બંગાળના કોઈ પણ સમસામયિકમાં, પોતીકા અટપટા વિષયો વિશે બંગાળીમાં લખે. એવા બીજા બંગાળી વિદ્વાનો પણ છે. એ પણ આવું જ કરે છે. અને એ જ રીતે પ્રભુત્વ બતાવે છે. 'એવા કેટલા ગુજરાતીઓ છે કે જે ગુજરાતમાં અથવા તો અહીં પોતાની ભાષામાં લખતા હોય ? એનો અર્થ એવો નથી કે તેમને તેમની માતૃભાષા માટે અનાદાર છે. પરંતુ સવાલ એ છે કે પોતાની ભાષામાં ન લખી શકતા હોય તો તેની તેમને શરમ કેમ નથી આવતી ? મારી માતૃભાષા છે અને તેમાં ય લખું છું એમ કેમ ગૌરવ હોતું નથી ? જે સુવિધાથી હું અંગ્રેજી લખી શકું છું એ જ સુવિધાથી ગુજરાતીમાં હું કેમ લખી શકતો નથી ? આપણને આવી ભાવના નથી અને કલ્પના પણ નથી. માટે આમ થતું હશે. આ ચિંતાનો વિષય છે. મારે એમાં ઊંડા ઊતરવું નથી નહીંતર પાછો વિવાદનો મધપૂડો છંછેડી બેસીશ.

વળી ગુજરાતની સંસ્કૃતિમાં ગુજરાતી ભાષાનું સ્થાન બહુ મર્યાદિત રહ્યું છે. આપણે રહ્યા વેપારવણજની પ્રજા. એક રીતે જોઈએ તો અંગ્રેજોની જેમ, કે ભાઈ ચલાવો, ખટપટ કરીને મારે મારો ધંધો કરવો છે. પેલાને કેવી રીતે સંભાળી લેવો, એટલે સહિષ્ણુતા પણ ખરી. બહુ કોઈની નજીક પણ ન આવવું. આ જાતની વેપારી પ્રજા ભાષાને હંમેશાં વેપાર સમજે છે. ભાષાનું કામ શું ? એમને થોડુંઘણું ગુજરાતી આવડે છે અને એમને જે કહેવું છે તે એ સમજાવી શકે છે. પછી શું છે ? જ્યારે પેલો બંગાળી કહે છે ના, મારે માટે ભાષા માત્ર સાધન નથી, ભાષા મારી અભિવ્યક્તિ છે; એ મારો વારસો છે. ભાષા દ્વારા હું મારા માબાપ અને માબાપ પહેલાંની



પેઢીઓ જોડે જોડાયેલો છું. આખી ભાષાકીય કોમનો હું તો એક અંતર્ગત ભાગ છું. આ ભાષામાં બોલીને હજારો વર્ષોનો જે ઇતિહાસ છે, એ ઇતિહાસ હું જીવું છું. આ જે ભાષા પ્રત્યેનું તેમનું વર્તન છે તેને ભાષા પ્રત્યેના આપણા વલણ જોડે સરખાવવા જેવું છે.

રતિભાઈ, તમને અભિનંદન. વિપુલ કલ્યાણીને પણ અભિનંદન. ગુજરાતી સાહિત્ય અકાદમી તેમજ 'ઓપિનિયન', જે બંનેએ ભેગા થઈને આ પ્રસંગ ઊભો કર્યો છે એમને પણ ખૂબ ખૂબ અભિનંદન.

[House Of Lords, LONDON SW1A OPW, U.K.]

લૉર્ડ ભીખુ પારેખના વક્તવ્યનો વિડિયો જોવા માટેની લીંક :

Part - 1 : http://www.youtube.com/watch?v=35ju4B-chcM
Part - 2 : http://www.youtube.com/watch?v=ipcjCY5BRtU
Part - 3 : http://www.youtube.com/watch?v=9tXllWH5wAM
Part - 4 : http://www.youtube.com/watch?v=C9bSaFLm8kQ
Part - 5 : http://www.youtube.com/watch?v=8KEDVOKzgdU
Part - 6 : http://www.youtube.com/watch?v=3hsL3fhWiCo
Part - 7 : http://www.youtube.com/watch?v=Za3yjymCNH4

પ્રતિભાવ :

- આ પુસ્તિકા ઘણી ઉપયોગી અને માહિતીપ્રદ છે. ચંદરયા ફાઉન્ડેશને આ પુસ્તિકા પ્રગટ કરી સમાજને ઉપયોગી એવું એક સુંદર કાર્ય કર્યું છે. રતિલાલ ચંદરયાએ સૌ પ્રથમ ગુજરાતી ડિજિટલ ડિક્ષનરી પ્રગટ કરી એ એક મહત્ત્વની સિદ્ધિ છે

  – પ્રા. ડૉ. મુગટલાલ બાવીસી, અમદાવાદના પત્રમાંથી

- બે વાર વાંચી ગયો. હું તો કૉમ્પ્યૂટર જાણતો નથી પણ મિત્રો વિદ્યાર્થીઓને જાણ કરતો જાઉં છું... પુસ્તિકા છાપતી વખતે સ્પેલચેકનો ઉપયોગ કરેલો કે નહીં ? અંગ્રેજી પુસ્તક જેવું અણીશુદ્ધ... જોડણીની એક પણ ભૂલ નથી.

  – ડૉ. યોગેન્દ્ર વ્યાસ, અમદાવાદના પત્રમાંથી.

# A Continual Process of Change

Pyarally M. Rattansi

Conceiving, organising, and bringing to a triumphant conclusion nothing less than a web-based digital Gujarati Lexicon through the passion and commitment of a private individual is a remarkable achievement. I should like to join the other speakers here today in paying warm tribute to Ratibhai Chandaria for that great accomplishment.

Ratibhai's achievement consists not only in grasping the great potential offered by a web-based digital lexicon. He has had to master the technical and organisational problems involved in facilitating the transition from a text-based to a digitalised medium, to recruit an expert team to carry through this considerable project, to commit generous financiai resources to it and to plan and bring it to completion through sustained effort over two decades. It is a task usually attempted by centres within universities, for example, Cologne University's two



projects, one on Sanskrit and the other on Iranian Languages, still ongoing.

That Ratibhai should have devoted two decades of his so-called retirement to that task is wholly consistent with the aims which have inspired his many public activities : that of preserving the best of our past, while responding positively to the challenges of the new in adapting to the country and culture in which we have chosen to make our home.

I first came to know him, soon after my appointment to a Chair at University College brought me back to London, where I had pursued my undergraduate and postgraduate studies. We were both members of a committee to assist with the admission and reception of Ugandan Asian refugees, abruptly displaced from their adopted country by the Amin military regime. I was then jointly associated with him in moves to find a place for second-language teaching for ethnic minority groups, including Gujaratis, within the UK educational system.

The ideals that inspired Ratibhai's strong involvement in that activity is equally evident in his undertaking, the Herculean task of devising a new Gujarati Lexicon. Always interested in technical innovations and quick to grasp the possibilties they offered – whether in the multifarious entrepreneurial activities of the Chandaria group. initially in East Africa, and then more globally – Ratibhai was quick to realise the potential of a web-based

lexicon in Gujarati, as a powerful resource for Gujaratis everywhere. It could assist them in maintaining a link with Gujarati and hence with their culture, while harnessing the most advanced of technologies in enabling them to do so.

A digital lexicon offers enormous advantages over the text-based one, and professional lexicographers are awakened to them, especially after the emergence and ever-widening accessiblity of the internet.

There is one other advantage of a digital lexicon that it is easy to overlook. It is a fact that a digital lexicon can continuously keep up with the process of linguistic change. Text-based lexicons give a snapshot, as it were, of a language at a particular time. That may not seem such a problem. In fact, dictionaries first originated in order to fix the spelling, pronunciation and meaning of words, hopefully for all time. Dr. Johnson gave that as his aim in the most celebrated of English dictionaries. Yet hundreds of new words, or changes or additions to meaning of old words, enter the language every year. That is why new editions of standard dictionaries, for example the Oxford English Dictionary, are necessary every few years.

That is a dramatic illustration of the fact that living languages, like living cultures. are in a continual process of change. But this characteristic of language is usually lost from sight, and the dictionary or lexicon is conventionally assumed to serve an indispensable purpose in preserving a language – and by implication a culture, since language is seen as the embodiment of supreme repository of a culture – in all its pristine purity.'

May I add a personal note, when briefly sketching this new historical perspective on Gujarati history and on the Gujarati language ? I was born in an Ismaili family in Kenya, my father being a first generation immigrant in the employ of the great Ismaili firm of Alidina Visram which supplied stores for the building of the railways. He came from a village in Amreli in Gujarat and retained throughout his life a great love of Gujarati language and literature. He was chief patron of a 'Gujarati Sahitya Uttejak Mandali' and with his encouragement I, with my elder brother, attended Sanskrit classes after school to deepen our appreciation of Gujarati. My own outlook was shaped by that Gujarati culture and if I have achieved anything in the world of scholarship, I am sure that it owes much to that intellectual formation.

In recounting these personal details, I wish to draw attention to the fact that those sharing Gujarati culture come from both sides of the subcontinental religious divide and include also, of course, the Parsis. In Kenya, I witnessed the impact of the subcontinental divisions which led ultimately to partition, on the atmosphere of inter communal harmony in which I had grown up and which the commonalty of the shared languages of

Gujarati, Pujabi and Urdu had done much to sustain. I am dismayed to witness signs of a similar development in this country.

Let me return again to the happy event which has brought us here, celebrating the formal launch of the culmination of Ratibhai's endeavours, a web-based digital lexicon that will serve Gujaratis everywhere and aid the widespread Gujarati Diaspora to maintain its cultural links, even while it reflects and tracks the changes that every living language and culture continually undergoes as part of an evolving historical process.

[૬ Hillersdon Avenue EDGWARE.
Middlcsex HA૮ ૭SQ, U.K.]

Prof. Pyarally M. Rattansi's Speech (Video Link) :
Part 1 : http://www.youtube.com/watch?v=yaC-pmSTUS4
Part 2 : http://www.youtube.com/watch?v=H6Cw_H4eP7o
Part 3 : http://www.youtube.com/watch?v=OUEB1iiYITM

**પ્રતિભાવ :**

- બહુ રાજી થયો. રતિલાલભાઈનો સુંદર પરિચય કરાવ્યો. એમના ભાષાપ્રેમનો અનન્ય મહિમા મારા સુધી પહોંચાડ્યો. શ્રી રતિલાલભાઈને મારાં વંદન પહોંચાડજો. આપણી ભાષાદેવી એમના પર પ્રસન્ન રહેશે.

  – શ્રી નાનાભાઈ હ. જેબલિયા, સાવરકુંડલાના પત્રમાંથી.

- આ પ્રકલ્પ દ્વારા ગુજરાતી ભાષાનો વૈભવ અને વિકાસ સધાશે એવી પ્રતીતિ થઈ છે.

  – અનુપસિંહ પરમાર, ઘાણી, જિલ્લો સુરતના પત્રમાંથી.



# આપણે સૌ સક્ષમ શબ્દોની શોધમાં છીએ

ધીરુભાઈ ઠાકર

લંડનમાં ગુજરાતની અસ્મિતાનો ધ્વજ ફરકાવનારાં ગુજરાતપ્રેમી ભાઈબહેનો વચ્ચે આજે આવવાનું થયું તે મને ગમ્યું છે, ખાસ એટલા માટે કે ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કારને ઉજાગર કરે તેવું અનુકૂળ વાતાવરણ અહીં ઊભું થયું છે. પહેલી વાર, ત્રીસ વર્ષ પહેલાં, ૧૯૭૫માં હું યુનાઈટેડ કિંગ્ડમમાં આવ્યો, ત્યારે તપાસ કરાવેલી કે ગુજરાતી ભાષાસાહિત્યની અહીં કોઈ પ્રવૃત્તિ ચાલે છે ખરી ? ત્યારે એવું કોઈ વાતાવરણ ન હોવાનું જાણ્યું હતું. આઠદસ વર્ષ બાદ, બીજી વાર આવ્યો ત્યારે વિપુલ કલ્યાણીના સંપર્કથી ખબર પડી કે અહીં ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિ માટે વાતાવરણ ઊભું થઈ રહ્યું છે અને તેની પ્રવૃત્તિ ચાલતી થઈ છે. તેમાં ગુજરાતી સાહિત્ય અકાદમી અગ્રસ્થાને છે એમ પણ જાણ્યું. ગુજરાતી ભાષાપ્રેમી લોકો અને ગુજરાતી ભાષામાં લખનારા વિશે પણ જાણકારી મળી. પછી જેમ જેમ અહીં આવતો ગયો તેમ તેમ ભાષાશિક્ષણ અને સાહિત્યસર્જન અંગે પણ વિગતો મળતી ગઈ.

અહીં સ્થાયી થયેલા લેખકો અને કવિઓની લેખનપ્રવૃત્તિને છેલ્લા દાયકા દરમિયાન ઉત્તરોત્તર વેગ મળી રહ્યો છે તે આનંદની વાત છે. ગયે વર્ષે અહીં આવ્યો ત્યારે અહીંના ડાયસ્પોરિક સાહિત્ય વિશે વલ્લભભાઈ નાંઢાને પૂછ્યું. તેમણે મને મહત્ત્વની વિગતો આપી. એ પછી વિપુલભાઈ

સાથે ચર્ચા થઈ. એમણે નાનકડી યાદી જ ધરી દીધી. મારો એક પ્રકલ્પ ગુજરાતી સાહિત્યના ઇતિહાસનો છે. મને એમ લાગ્યું કે આ ઇતિહાસમાં ડાયસ્પોરિક સાહિત્યનો સમાવેશ થવો જોઈએ. આ ડાયસ્પોરિક સાહિત્ય વસ્તુતઃ ગુજરાતી સાહિત્યની મુખ્ય ધારાને પુષ્ટ કરતું નાનકડું ઝરણું છે. હું તો નાનો માણસ છું અને મારા મંતવ્યને બહુ વજન અપાતું હશે એમ માનતો નથી. છતાં આ ડાયસ્પોરિક સાહિત્યની એકંદર પ્રગતિ જોતાં કહેવાનું મન થાય છે કે વખત જતાં આ ઝરણું મુખ્ય પ્રવાહમાં સમાઈ જશે. એટલું જ નહીં, તે મુખ્ય ધારાથી ફંટાઈને ક્યાંક ક્યાંક આગળ નીકળી જાય એવી ક્ષમતા પણ મને એમાં કોઈક કોઈક ઠેકાણે જોવા મળી છે.

આજે જેનું લોકાર્પણ થઈ રહ્યું છે તે રતિભાઈ ચંદરયાનો બૃહદ્ આંતરભાષાકીય કોશ - Gujaratilexicon.com - તેમાં એક અગત્યના ઉમેરારૂપ છે. આ કામ તો ખરેખર ગુજરાતમાં થવું જોઈતું હતું. તે ડાયસ્પોરિક સંસ્કાર પ્રવૃત્તિનું, ભાષાખેડાણની પ્રવૃત્તિનું ચાલક બળ બની રહે તો નવાઈ નહીં. આજનો માહોલ જોતાં લાગે છે કે હવે પછી હું આવીશ ત્યારે એવા વિદ્વાનોને, એવા શબ્દના બંદાઓને મળીશ, જેમની પાસેથી ગુજરાતમાં નવું કામ કરવાની પ્રેરણા મળશે.

એનસાઈક્લોપીડિયા તો અહીં સુપ્રચલિત છે. ગુજરાતમાં પણ અમે વિશ્વકોશ રચવાનું સાહસ કર્યું; તેનું કારણ એ છે કે ગુજરાતી ભાષામાં એ જ્ઞાનસાધન ઉપલબ્ધ નહોતું. વળી ગુજરાતમાં ભાષાલેખન અને શિક્ષણનું સ્તર નીચું ઊતરતું જાય છે.

આપણી ભાષા કોઈ બંધિયાર વસ્તુ ન હોવી જોઈએ. તે ખુલ્લી છે; અનેક નવા પ્રવાહો તેમાં રસકસ પૂરે છે, તેને સમૃદ્ધ કરે છે. રતિલાલભાઈની લૅક્સિકૉનથી આપણી ભાષા સમૃદ્ધ થવાની છે. એમાં હજુ અનેક નવા શબ્દો જુદીજુદી દિશામાંથી આવી મળશે; જરૂરી સાફસૂફી પણ થશે. એ રીતે ભાષા ઘસાઈને ચમકદાર થશે. શબ્દો નવી અર્થપૂર્ણ દીપ્તિ ધારણ કરશે. રોજબરોજના વ્યવહાર અને વ્યવસાય દરમિયાન, અધ્યયન-અધ્યાપન અને સ્વાધ્યાય-સંશોધન દરમિયાન આપણી ભાષામાં નવા નવા વિચારો, નવી



નવી કલ્પનાઓ અને વિભાવનાઓ ઊભાં થવાનાં છે, પરસ્પર અથડાવાનાં છે. તે બધાંને ગુજરાતીમાં યથાર્થ પ્રગટ કરવા માટે આપણે ભાષાને વિપુલ પ્રમાણમાં ખેડવી પડશે, ખદેડવી પડશે; શબ્દો જોડીને અને તોડીફોડીને પણ નવી પરિભાષા ઊભી કરવી પડશે.

ગુજરાતી વિશ્વકોશ માટે દરેક વિષયની પરિભાષા - terminology- ગુજરાતીમાં તૈયાર કરવી પડે છે. પરિણામે સંખ્યાબંધ નવા શબ્દો ભાષાને મળે છે. ચંદરયાની ડિક્શનરી પણ નવા શબ્દો પૂરા પાડશે એવી અપેક્ષા જાગે છે. ખરું જોતાં એ ડિક્શનરી કરતાં વિશેષ છે. તેનો ફેલાવો થતો જશે તેમ તેનું સાચું મૂલ્યાંકન પણ થશે.

કમ્પ્યૂટરે દુનિયાને ખિસ્સામાં રહી શકે એટલી નાની બનાવી દીધી છે. વિકાસ અને વિનાશનાં સાધનો હાથવગાં થઈ ગયાં છે, પસંદગી આપણે કરવાની છે. વિવિધ પ્રજાઓ પરસ્પર એવી ઓતપ્રોત થતી જાય છે કે આપણી સંસ્કૃતિને ચુસ્ત વળગીને બેસી રહેવું આપણને પાલવે તેમ નથી. વિવિધ જીવનરીતિઓના મિશ્રણ કે સમન્વયરૂપ એક વિશ્વસંસ્કૃતિ આકાર લઈ રહેતી દેખાય છે. એ વિશ્વસંસ્કૃતિના પ્રવાહને ઝીલવા જેટલું બળ અને સામર્થ્ય આપણી ભાષાને મળે એવી પ્રાર્થના કરીએ. આપણે સૌ સક્ષમ શબ્દોની શોધમાં છીએ. એ દિશામાં ગુજરાતી ડાયસ્પોરા પ્રયત્ન કરી રહ્યું છે, તેનો મને આનંદ છે. રતિભાઈને તથા તમને સૌને ખૂબ ખૂબ અભિનંદન; આભાર.

[૧૯, શારદા સોસાયટી, અમદાવાદ ૩૮૦૦૦૭]

શ્રી ધીરુભાઈ ઠાકરના વક્તવ્યનો વિડિયો જોવા માટેની લીંક :

Part - 1 : http://www.youtube.com/watch?v=sNKIyerC6FI

Part - 2 : http://www.youtube.com/watch?v=Co707s7t8no

પ્રતિભાવ :

- કમ્પ્યૂટર વિશ્વ માટે વિશિષ્ટ ઉપયોગી પ્રકાશન, આદરણીય ચંદરયા સાહેબ અને આપ સહુને અભિનંદન

– કિસન સોસા, સૂરતના પત્રમાંથી.

# મારી આ ખિદમતને પણ જાળવી જાણજો અને સંવર્ધિત કરતા રહેજો

રતિલાલ ચંદરયા

મિત્રો, હું તો સંન્યસ્તાશ્રમમાં ક્યારનો પ્રવેશી ચૂક્યો છું. પણ એ સઘળા ગાળામાં હું ક્યારેય સાહિત્યકાર, લેખક કે કવિ બન્યો નહીં, તેથી જ આજે આપણી સંગાથના ધુરંધરો સાથે ઓગળી જવાનું મને ગમે છે.

સન ૧૯૪૦-૪૬ના અરસાથી શરૂ થયેલો, એક જૂના રેમિંગ્ટન ટાઈપરાઈટરથી આ સજ્જધજ્જ આધુનિક કમ્પ્યૂટર સહિતના આજના દિવસ સુધીના મારા પ્રવાસમાં જયેશ પટેલ, હર્ષદ પટેલ, સ્વામી અસંગ, હિમાંશુ મિસ્ત્રી, કુમાર માલદે શા સમજદાર ભેરુબંધો, ઉત્તમ ગજ્જર, બળવંત પટેલ, ઈશ્વર વસા, ધીરુબહેન પટેલ, કુમારપાળ દેસાઈ, શાં ભાષાકર્મીઓ; નિશીથ ધ્રુવ, દયાશંકર જોશી, બાબુ સુથાર, કિશોર રાવલ શા તજજ્ઞો; મનસુખ શાહ, અલકા છેડા, ભાવના, મનુભાઈ ભટ્ટ, માધવી, અંજલિ, મેહરુ સિંધવા, વિપુલ મોતીવરસ, રોહિત ભટ્ટ, રેવતી શ્રીધરન, મારા ડ્રાઇવરો મારુતિ, બાબુ અને રસોઇયા અંબાલાલ વગેરે વગેરે શાં હમસફરો ઉપરાંત અશોક કરાણિયા અને ‘ઉત્કર્ષ'માંનાં તેના જેવા કુડીબંધ લવરમૂછિયાઓ તેમ જ મારા પરિવારનાં હૂંફ, પ્રેરણા, પ્રોત્સાહન સતત મળતાં જ રહ્યાં. એ સૌ વિના આ ગિરનાર ચડવો મુશ્કેલ બની બેઠો હોત !

હાથ પર લીધેલું કામ હું ક્યારે ય અધવચ્ચે છોડતો નથી. એવો મારો સ્વભાવ થઈ ગયો છે. જિંદગીભરનો મારો એવો અનુભવ રહ્યો છે કે જેમ સવાલો ઊભા થતા રહે તેમ તેના ઉકેલ પણ મળતા જ રહે છે. એક દિશામાં દ્વાર દેવાઈ જાય તો બીજી દિશાના દરવાજા મોકળા થાય છે, પણ એ સમસ્ત પ્રક્રિયામાં મને જો કોઈએ ધક્કા મારી મારીને આગળ દોડતો રાખ્યો હોય, તો તે એક જ વ્યક્તિ છે. એનું નામ છે : વિપુલ કલ્યાણી. વિપુલે જો એક અનોખું પીઠબળ, પ્રોત્સાહન અને માર્ગદર્શન મને ન આપ્યાં હોત તો આ પ્રકલ્પ પૂરો થાત જ નહીં. વિપુલે જ મારો હાથ ઝાલી મને ૧૩ જાન્યુઆરીએ છેક મુંબઈ ખેંચી જઈને, આ પ્રકલ્પનું વિમોચન યોજ્યું અને આજે અહીં લંડનમાં પણ મને તમારી પ્રત્યક્ષ ઊભો કરી દીધો છે.

વિપુલ પ્રત્યેનું મારું એ ઋણ, તમારી સમક્ષ અભિવ્યક્ત કરવાનો મને આજે એક અણમોલ મોકો પ્રાપ્ત થયો છે. વિપુલની કદર કરતાં હું અપાર સંતોષ અનુભવું છું. થેન્ક યુ, વિપુલ.

વરસો પહેલાં, મારા ભત્રીજા રાજે મને એપલ કમ્પ્યૂટરનો ચસકો લગાડ્યો, એનો મને નાદ લાગ્યો. ઠીક ઠીક પ્રેક્ટિસ કરી. હાથ બેસી ગયો અને હવે તો તમે સૌ જાણો છો તેમ અંગ્રેજી ફૉન્ટની જેમ ગુજરાતી ફૉન્ટ આવી ગયા છે. કલાપી, વિજયા, વલ્લભની નોબત હવે ચોમેર સંભળાતી થઈ છે.

ગુજરાત સરકાર, ભાષા સાહિત્યની વિવિધ સંસ્થાઓ, યુનિવર્સિટીઓનાં ભાષાભવનો આવું કામ વધુ સારી રીતે અને વધુ ઝડપથી કરી શકે એમ તો મને લાગે જ છે. પણ મિત્રો, કામ તો જે કરે તેનું ! મને સૂઝ્યું અને મેં કર્યું. મને વસવસો એટલો જ કે મારી પાસે પર્યાપ્ત રિસોર્સિસ, ધગશ અને નિષ્ઠા હોવા છતાં પણ ભાષાજ્ઞાન અને કમ્પ્યૂટર-કૌશલ્યની મારી અધૂરપને કારણે આ કામ વર્ષો સુધી લંબાયું.

ખેર ! અમારી ઊર્મિભરી આરત એટલી જ કે આ પ્રોજેક્ટ ગુજરાતી ભાષાના વિકાસમાં ફાળો આપે; તેનાથી દેશવિદેશ-નિવાસી ગુજરાતીઓની જરૂરિયાત પૂરી પડે. અમે તો આ પ્રોજેક્ટને સંવર્ધિત સંશોધિત અને અદ્યતન કરતા રહેવાની અમારી પૂર્ણ પ્રતિબદ્ધતાની પાકી ખાતરી આપીએ છીએ.

વિચારપત્ર ''ઓપિનિયન'' અને 'ગુજરાતી સાહિત્ય અકાદમીના નેજા હેઠળ, પશ્ચિમી જગતમાં પહેલવહેલા, લોકાર્પણનો અવસર આજે થઈ રહ્યો છે તેને જબરું સૌભાગ્ય લેખું છું. અકાદમી સાથે મારા દિવંગત મોટાભાઈ દેવચંદભાઈના વારાથી સંપર્ક બંધાયો છે. મારા દૂરંદેશી ભાઈ કપૂરચંદે એ સંબંધને કેળવ્યો અને વિકસતો રાખ્યો છે. એમાં હવે હું ય સામેલ બનું છું. ''ઓપિનિયન'' નીકળવું શરૂ થયું ત્યારથી હું અને મારા પરિવારવૃંદમાં ગુજરાતી વાંચી જાણતાં સૌ કોઈ આનંદપૂર્વક એ વિચારપત્ર માણીએ છીએ અને તે દ્વારા જ અમારી આ પારિવારિક મૈત્રી બંધાઈ અને વિકસી છે. અમને સૌને આ સામયિક ખૂબ ગમે છે.

વ્યક્તિ નહીં, પણ વિચાર, વાણીશૂરા નહીં, પણ કાર્યશૂરાની આ જમાત છે. એ બંને પ્રતિ હું અને મારો સમગ્ર પરિવાર સહૃદય ઓશિંગણ છીએ. ગુજરાતી ભાષા સાહિત્યનાં અદકેરાં કામો કરતી આ સંસ્થાને, એટલે કે ગુજરાતી સાહિત્ય અકાદમીને મનસા વાચા કર્મણા ટેકારૂપ થવા હું તો કોઠાસૂઝવાળા ગુજરાતી સમાજને વિનવણી જ કરીશ અને આ સામયિક ''ઓપિનિયન'' વસાવીને સૌ કોઈને તે નિયમિત વાંચવા પણ અરજ કરીશ.

આ અવસર એમણે ઊભો કર્યો છે. તેની મને કદર પણ છે. સન્માન અને તેની સાથે જોડાતા વિધિઓ મને ઝાઝા ફાવતા નથી. પણ વર્ષો અગાઉ મારી પરવાનગી વિના જ, મારા કામની નોંધ વિપુલે 'ઓપિનિયન'માં છાપી મારી અને આ ડિજિટલ ડિક્શનરીના પ્રચાર પ્રસાર ભણીનો આ પહેલો ધક્કો માર્યો એમાં મારે નાછૂટકે શરીક થવું જ પડ્યું. આથી જ સ્તો, મને આ અવસર મીઠો લાગી રહ્યો છે. લૉર્ડ ભીખુ પારેખ તો મારા મિત્ર છે અને અમે લાંબો સમય સાથે કામ કર્યું છે. પ્રો. પ્યારઅલી રતનશી સાથેનો નાતો તો ઘણો જૂનો છે. તેમના પિતા મોહમ્મદ અલીભાઈ મારા ગુરુ, યુવાન વયે જ્યારે મેં પારિવારિક વ્યવસાયમાં ઝંપલાવ્યું ત્યારે વ્યાપારમાં સફળતા માટે જરૂરી તેવાં પાયાનાં શાણપણ, ધીરજ અને ખંતનું જ્ઞાન મેં એમની પાસેથી મેળવ્યું હતું. ઉપરાંત ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના અધ્યક્ષ ઋષિતુલ્ય ડૉ. ધીરુભાઈ ઠાકર અહીં મંચ પર હાજર છે. સામે ડૉ. દયાશંકર જોશી



જેવા ગુજરાતીના ગણમાન્ય ભાષાવિજ્ઞાની અને અનેક લોકો બેઠાં છે. કોનાં કોનાં નામો સંભારું અને કોનાં કોનાં ટાંકું ! તમારા સૌની હાજરીની મને સહૃદય કદર જ છે. આ અવસરે મને એક નામ – એક વ્યક્તિ ખૂબ સાંભરે છે. તે છે મારી સદ્‌ગત ધર્મપત્ની વિજ્યા. એનો અસાંગરો ઓછો કરવા આ અભિયાને મને પારાવાર બળ આપ્યું છે.

દોસ્તો, ૧૩ જાન્યુઆરી ૨૦૦૬ના શુભ દિવસથી, મેં તો આ વીસ વરસની કન્યાનું ગુજરાતી આલમને દાન દઈ દીધું છે. એને સાચવી જાણજો. એને કારણે પણ ગુજરાતી બોલનારી, ગુજરાતી વાંચનારી, ગુજરાતી લખનારી પ્રજાનો યુગો સુધી વિસ્તાર થયા કરે એમ કિરતારને નત મસ્તકે પ્રાર્થના કરતો રહું છું અને આ સ્થળેથી પણ વધુ એક વાર પાર્થીશ. ગુજરાતી વાણી રાણીના વકીલને નાતે, અહીંતહીં સર્વત્ર દરેકને એક જ વિનવણી : મારી આ ખિદમતને જાળવી જાણજો અને સંવર્ધિત કરતા રહેજો.

૨૩ Radnor Place. LONDON W૨ ૨TG, U.K.]
૧૨ Sudhakar, ૨૬ Narayan Dabholkar Road, Malbarhill
Mumbai, ૪૦૦૦૦૬ INDIA

શ્રી રતિલાલ ચંદરયાના વક્તવ્યનો વિડિયો જોવા માટેની લીંક :

Part - 1 : http://www.youtube.com/watch?v=BUPDHW88Wig
Part - 2 : http://www.youtube.com/watch?v=ghUfLyByAeg
Part - 3 : http://www.youtube.com/watch?v=e6R3mTPLU1o
Part - 4 : http://www.youtube.com/watch?v=dCmN8hoNqWI

પ્રતિભાવ :

- ગુજરાતીની પહેલી ડિજિટલ ડિક્ષનરીની માહિતી જાણવા મળી. ગુજરાતી શબ્દકોશનો પણ એક ઇતિહાસ છે, જેમાં આ શબ્દકોશ સીમાસ્તંભ બની રહેશે તેની શ્રદ્ધા છે... ભાઈ રતિલાલ ચંદરયાએ ઉપકારક કાર્ય કર્યું છે. મારા વતી ધન્યવાદ પહોંચાડશો.

  – શ્રી ગુલાબરાય જોબનપુત્રા, મોરબીના પત્રમાંથી.

# ફૂલ તો એની ફોરમ વેરી રાજી...

(કૅનેડામાં રતિલાલ ચંદરયાનું સન્માન)

બળવંત પટેલ

ફૂલ તો એની ફોરમ વેરી રાજી; આપણે તેની પાસે જઈને તેની સુવાસ માણીએ, તેનાં રૂપરંગ ચક્ષુગત કરીએ અથવા પવનની લહેર તેની સૌરભ આપણા સુધી પહોંચાડે. ગુજરાતી લૅક્સિકૉનનું સર્જન થયું, તેનું લોકાર્પણ થયું; રતિલાલ તો રાજી રાજી. હવે તેને લોકો સુધી પહોંચાડવાનું પવનકર્મ મિત્રોનું, સાહિત્યરસિકોનું, શબ્દના બંદાઓનું. આવા એક બંદા તે કૅનેડાનિવાસી જય ગજ્જર. ગાંધીનગરના મિત્ર બળવંત પટેલ અને સુરતના મિત્ર ઉત્તમ ગજ્જર દ્વારા તેમને રતિભાઈનો પરિચય થયો અને ગુજરાતી લૅક્સિકૉનનો પણ. કમ્પ્યૂટરના પણ તેઓ માહેર. પ્રિન્ટિંગ ઉદ્યમ સાથે પણ સંકળાયેલા, જાણીતા નવલકથા અને નવલિકાકાર જય ગજ્જરની સેવાપ્રવૃત્તિ પણ મબલખ, જેની કદર રૂપે કેનેડાની સરકારે તેમને પદ્મશ્રી સમકક્ષ ખિતાબ 'ઓર્ડર ઓફ કેનેડા'થી નવાજ્યા છે. પણ જીવ સાહિત્યનો. મિત્રો શ્રી પ્રકાશ મોદી, સુશ્રી રસીદા દામાણી, સ્મિતા ભાગવત, મનુ પટેલ, કિશોર પટેલ જેવા સાહિત્યરસિયાઓ સાથે મળી ટૉરન્ટોના સ્કાયબરો વિસ્તારમાં 'શબ્દસેતુ' નામનું સાહિત્ય વર્તુળ પણ ચલાવે છે. લૅક્સિકૉનની સુવાસ તો ત્યાં સહુ સુધી પહોંચી હતી; ઑક્ટોબર ૨૦૦૬માં તેમને જાણ થઈ કે તેના સર્જક રતિલાલ ચંદરયા આપણા નગર ટૉરન્ટોમાં આવ્યા છે.



સ્વાભાવિક રીતે જ આ મિત્રોને ઉત્કંઠા થઈ : રતિભાઈને પ્રત્યક્ષ કરીએ, ગુજરાતી ભાષાની પ્રથમ ડિજિટલ ડિક્ષનરી જેવા મહાપ્રદાન માટે 'શબ્દસેતુ'ના ઉપક્રમે તેમનું ગૌરવ કરીએ અને તે દ્વારા લૅક્સિકૉનનો સંદેશ, સુવાસ... કેનેડાનિવાસી ગુજરાતીઓને પહોંચાડીએ. મન થયું અને મચી પડ્યા તરત તેના આયોજનમાં.

થોડી અવઢવ હતી, આવા માનસન્માનના પ્રસંગોથી દૂર રહેવાની રતિભાઈની વૃત્તિની તેમને જાણ હતી. વળી તેમને સમય હશે કે કેમ તે પ્રશ્ન પણ હતો જ. રતિલાલને આ બધા મિત્રોએ મનાવી લીધા. આમ તા. ૫ નવેમ્બર, ૨૦૦૬ના રોજ સવારે દસ વાગે ટૉરન્ટોના સ્કાયબરો વિસ્તારના રાધાકૃષ્ણ મંદિરમાં રતિભાઈના સન્માનનો વિશિષ્ટ પ્રસંગ યોજાયો.

પરંપરાગત પ્રાર્થના, સ્વાગત બાદ લૅક્સિકૉન વિશે માહિતી આપતું નિદર્શન કરવામાં આવ્યું. શ્રી જય ગજ્જરે રતિભાઈનો પરિચય આપ્યો, તેમના અનોખા પ્રદાનની અગત્ય સમજાવી, ખાસ તો વિદેશમાં વસતા ગુજરાતીઓને ઘેરબેઠાં શબ્દગંગાની સરળ સવલત ઉપલબ્ધ કરી આપી છે તેનો ખ્યાલ આપ્યો. તેમણે કહ્યું : ''આ વડીલને હૈયે હંમેશાં લોકભાવના અને સમાજસેવા વસેલી છે. ગુજરાતી લૅક્સિકૉન – ગુજરાતી ભાષાની પ્રથમ ઇન્ટરનેટી ડિક્ષનરી – તેમનું મહાન અને મૂલ્યવાન પ્રદાન છે, જે માટે ચિરકાળ તેમનું નામ યાદગાર બની રહેશે. આ પ્રકલ્પ દ્વારા તેમણે ગુજરાતી ભાષાની જ નહિ, આપણા સહુના હૃદયમાં વિદ્યારૂપે વસેલી મા સરસ્વતીની એક મહાન સેવા કરી છે. ગુજરાતી ભાષાના ઇતિહાસમાં જુદા જુદા કાળે શબ્દકોશ માટે યુગ અનુસાર પહેલ કરનાર આચાર્ય હેમચંદ્રાચાર્ય, નર્મદ અને ગાંધીજીની હરોળમાં તેમનું નામ મુકાશે.'' તેમના દ્વારા ગુજરાતી ભાષાની બહુમૂલ્ય સેવા થતી રહે તેવી રતિભાઈને શુભેચ્છાઓ સાથે પ્રભુ તેમને દીર્ઘ નિરામય આયુષ્ય આપે તેવી પ્રાર્થના કરી.

ત્યારબાદ સાલ ઓઢાડી રતિભાઈ પ્રત્યે નમ્ર હૃદયે ઉપસ્થિતોના ઉલ્લાસ વચ્ચે આદર વ્યક્ત કરવામાં આવ્યો, સન્માન કરવામાં આવ્યું.

રતિભાઈએ લાગણીભર્યા સ્વરે પ્રત્યુત્તરમાં કહ્યું : આપનો પ્રેમ અને આદર, સવિશેષ તો આપનો પ્રેમ મને ગદ્‌ગદિત કરે છે. આ પ્રસંગને મારા પ્રત્યેની આપની ભલી લાગણીનું પ્રતીક સમજું છું. મા, માભોમ કે માતૃભાષા માટે જે કંઈ થઈ શકે તે કરવું એ તો દરેકની ફરજ છે. આ કામ કરવાનું મને સૂઝ્યું અને મેં કર્યું. આ જરૂરી છે, કરવું જોઈએ તેની મને પ્રતીતિ થઈ અને મિત્રોના સાથસહકાર અને પ્રોત્સાહનથી તે હું પૂરું કરી શક્યો તેનો મને આનંદ છે, સંતોષ છે. આપની મારા પ્રત્યેની લાગણીની હું દિલથી કદર કરું છું. લૅક્સિકૉનને જાળવવાની, સમયે સમયે આવશ્યકતા અનુસાર તેને અપડેટ કરતા રહેવાની મારી, મારા પરિવારની પ્રતિબદ્ધતાની હું ખાતરી આપું છું.'' 'શબ્દસેતુ'ના પદાધિકારીઓ અને સાહિત્યરસિકોને તેમની પ્રવૃત્તિઓ સદાબહાર રહે તેવી શુભેચ્છાઓ પાઠવી, રતિભાઈએ તેમના પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી.

સામાન્ય રીતે પુસ્તકના લોકાર્પણ માટે પ્રથિતયશ સાહિત્યકાર, વિવેચક, સાહિત્યિક સંસ્થાના પદાધિકારી કે કોઈક વાર પ્રધાનશ્રી તરફ લેખકો-પ્રકાશકોની નજર દોડતી હોય છે. જય ગજ્જરના પુસ્તક ''પથ્થર થર થર ધ્રૂજે''ના અંગ્રેજી અનુવાદનું ''The Shuddering Stones'' પુસ્તક જ્યોર્જીઆની 'જેડા પ્રેસ' નામની પ્રકાશક સંસ્થાએ તાજું જ પ્રકાશિત કર્યું છે. જય ગજ્જરને વિચાર આવ્યો કે ''આવા માતૃભાષા પ્રેમી, માતૃભાષા માટે બે બે દાયકા તપ કરનાર, તેને માટે એક નવી જ દિશા ખોલી આપનાર રતિલાલભાઈ કરતાં વિશેષ વરદ હસ્ત તેના લોકાર્પણ માટે ક્યાંથી મળશે ! સરસ યોગાનુયોગ છે. તેમના આશીર્વાદ મારે માટે મોટી મિરાત બની રહેશે.'' શબ્દસેતુના મિત્રોને પણ આ વિચાર ગમી ગયો. રતિભાઈના સન્માનની સાથોસાથ તેમના વરદ હસ્તે આ પુસ્તકનું વિમોચન પણ 'શબ્દસેતુ' દ્વારા યોજાયું. પુસ્તકનું વિમોચન કરતાં રતિભાઈએ જય ગજ્જરને તેમના સર્જન અને પ્રદાન માટે લાખ લાખ અભિનંદન આપ્યાં અને તેમના દ્વારા સબળ સારા સાહિત્યનું સર્જન થતું રહે તેવી શુભેચ્છાઓ પાઠવી.



આભારવિધિ સાથે પ્રસંગ સમાપ્ત થયો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રકાશ મોદીએ કર્યું હતું.


અને અમેરિકામાં પણ....

જુલાઈ ૨૦૦૬ અને ઑક્ટોબર ૨૦૦૬માં અમેરિકાના ન્યુ જર્સી રાજ્યમાં ગુજરાતીઓના મહામેળા જામ્યા હતા. બંને પ્રસંગ હતા વર્લ્ડ ગુજરાતી કૉન્ફરન્સના. બંને કૉન્ફરન્સમાં મહાસંમેલન ઉપરાંત જુદા જુદા વિષય વાર વિભાગીય બેઠકોનું આયોજન પણ હતું, જેથી જેને જે વિભાગમાં રસરુચિ હોય તેમાં ભાગ લઈ શકે, સરખી રુચિવાળાને મળી આદાનપ્રદાન કરી શકે અને જે તે ક્ષેત્રના આમંત્રિત તજ્જ્ઞો – વિદ્વાનોનો લાભ લઈ શકે. આવો એક વિભાગ હતો સાહિત્યનો.

બંને કૉન્ફરન્સમાં આ વિભાગનું સંચાલન અમેરિકાના ન્યુજર્સી નિવાસી જાણીતા હાસ્યલેખક શ્રી હરનીશભાઈ જાનીને સોંપાયું હતું. હરનીશભાઈને વિચાર આવ્યો : ગુજરાતી લૅક્સકૉનનો સંદેશો અમેરિકાસ્થિત ગુજરાતીઓને પહોંચાડવાનો આ ઉત્તમ મોકો છે. તેમણે આયોજકો સાથે મસલત કરી અને રતિભાઈને પણ વિનંતી કરી. રતિભાઈ પોતે તો લંડનના રોકાણના કારણે ઉપસ્થિત રહી શકે તેમ ન હતું. તેથી જુલાઈની કૉન્ફરન્સમાં હરનીશભાઈએ પોતે લૅક્સિકૉનનો ખ્યાલ આપ્યો અને રતિલાલનું લેખિત વક્તવ્ય પણ તેમણે જ રજૂ કર્યું. ઑક્ટોબર ૨૦૦૬ની કૉન્ફરન્સમાં રતિભાઈના ભાઈ કેશવભાઈ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રાસંગિક સંબોધન કર્યું હતું. બંને પ્રસંગોએ ઉપસ્થિત દરેકને 'કમ્પ્યૂટરની ક્લિકે' પુસ્તિકા ભેટ આપવામાં આવી હતી.

ચંદરયા ફાઉન્ડેશન બંને કૉન્ફરન્સના આયોજકો અને શ્રી હરનીશભાઈનું ઋણસ્વીકાર કરતાં ધન્યતા અનુભવે છે.

[પ્લૉટ ૬૬૭, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાંધીનગર ૩૮૨૦૨૧]






# રતિભાઈ ચંદરિયાની માતૃભાષા ભક્તિ : એક ઉદાહરણ...

– બળવંત પટેલ

રતિભાઈ ચંદરયાનો માતૃભાષા ગુજરાતી માટેનો લગાવ ગુજરાતીને આધુનિક ઉપકરણોનો લાભ મળે, જેના દ્વારા તેનો વ્યાપ વધે તેટલા પૂરતો મર્યાદિત નથી; નીસીમ અને સદૈવ જાગ્રત છે. ગુજરાતી ભાષા માટે કંઈ કરવા જેવું ધ્યાન પર આવે – ખાસ કરીને જેના વિના યુવાછાત્રો, સંશોધકો વગેરેને અસુવિધા રહેતી હોય તો તે થાય તેવો પ્રબંધ કરવા તેઓ અચૂક પ્રયત્ન કરે છે. પરંતુ કામ થઈ જાય એટલે સંતોષ, તેની કદી જિકર નહીં, તેઓ જાણે અને કામ સાથે સંકળાયેલા જાણે. તેમના મિત્રોને પણ અકસ્માત જાણ થાય તો થાય.

હમણાં જ આવો એક પ્રકલ્પ અકસ્માત ધ્યાન પર આવ્યો તે ''ગુજરાતી શોધપ્રબંધ સંદર્ભસૂચિ – સંપાદક : પ્રસાદ બ્રહ્મભટ્ટ; પ્રકાશક : નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ.'' આ પ્રકલ્પની રતિભાઈની મનીષા જેમના દ્વારા ફળવતી બની તે રતિભાઈના મિત્ર, સાથી, અને ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રી કુમારપાળ દેસાઈના જ શબ્દોમાં આ પ્રકલ્પ વિશે જાણીએ.

''ગુજરાતી ભાષાસાહિત્ય વિશે મુંબઈના દૈનિકમાં પ્રગટ થતી પોતાની કૉલમમાં જાણીતા સાહિત્યકાર શ્રી ચંદુલાલ સેલારકાએ લખ્યું કે

ગુજરાતની જુદી જુદી યુનિવર્સિટીઓમાં મહાનિબંધો થયા છે, પણ એ મહાનિબંધોની અદ્યતન સૂચિ મળતી નથી અને તેને પરિણામે ક્યારેક એક જ વિષય પર બે-ત્રણ મહાનિબંધો લખાય છે. એમનો આ લેખ વાંચીને બ્રિટનમાં વસતા ઉદ્યોગપતિ અને ગુજરાતી ભાષાના ચાહક શ્રી રતિભાઈ ચંદરયાને થયું કે ગુજરાતની જુદી જુદી યુનિવર્સિટીઓમાં ગુજરાતી ભાષા-સાહિત્યમાં થયેલા મહાનિબંધોની સૂચિ તૈયાર કરવી જોઈએ અને તે કાર્ય શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટને કરવાનું સૂચન કર્યું. આથી ઈ.સ. ૨૦૦૨ સુધીની ગુજરાતી વિષયમાં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરનારા શોધનિબંધોની સંદર્ભસૂચિ તૈયાર કરવાનું કાર્ય ભાષાસાહિત્યભવનના અધ્યાપક અને લેખક ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટે સ્વીકાર્યું અને અત્યંત પરિશ્રમ લઈને તથા જુદી જુદી યુનિવર્સિટીના અધ્યાપકોનો સાથ લઈને આ સંદર્ભસૂચિ તૈયાર કરી. એનું પ્રકાશન કરવાની જવાબદારી નવભારત સાહિત્ય મંદિરે સ્વીકારી તે પણ આનંદની ઘટના છે. આ સૂચિ વિદ્યાર્થીઓને માર્ગદર્શક બનશે, એટલું જ નહીં, પણ સાહિત્યના કયા કયા વિષયો ઉપર ખેડાણ કરવાનું બાકી છે એનું દિશાસૂચન પણ કરશે.

આમ આ કાર્ય કરવાનું સૂચન કરનાર શ્રી ચંદુલાલ સેલારકા, એને માટે આર્થિક જોગવાઈ કરનાર શ્રી રતિભાઈ ચંદરયા અને એ અંગે જહેમત ઉઠાવનાર પ્રસાદ બ્રહ્મભટ્ટ એ ત્રણેના આભારી છીએ.''

[પુસ્તકનું પ્રાકકથન] – કુમારપાળ દેસાઈ

શોધપ્રબંધ સૂચિની અગત્ય તેના સંપાદક ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટના શબ્દોમાં : ''વિશ્વવિદ્યાલયોમાં થતા શોધપ્રબંધોનું મહત્ત્વ ઘણું જ છે....નવા શોધછાત્રોને ભૂતકાળમાં થઈ ગયેલ સંશોધનકાર્યનો ખ્યાલ મળે તે આવશ્યક જ નહિ, અનિવાર્ય છે....તેની અગત્ય સ્વયંસ્પષ્ટ છે.''

(પુસ્તકના 'નિવેદન'માંથી)

આ પુસ્તક જોતાં ખ્યાલ આવે છે કે ગુજરાતી સાહિત્ય-ભાષા વિષયક શોધપ્રબંધો ભારતનાં અન્ય રાજ્યો અને ભલે જૂજ જર્મની, ફ્રાન્સ વગેરે દેશોની યુનિવર્સિટીમાં પણ રચાયા છે.



# રૂડી ગુજરાતી વાણી રાણીના વકીલ બનીએ

– રતિલાલ ચંદરયા

મહાત્મા ગાંધીની નિશ્રામાં, સન ૧૯૨૯ની એ ઐતિહાસિક ઘડીએ, એક ચરણ મુકાયું હતું. તેને આજે લગભગ આઠ દાયકા થવામાં છે. સર્વમાન્ય 'સાર્થ ગુજરાતી જોડણીકોશ'ની, આ ગાળા દરમિયાન, અનેક આવૃત્તિઓ આવી. તેમાં કેટલીક નવસંસ્કરિત પણ હતી. હવે, આપણી વચ્ચે ડિજિટલ કોશ અને સ્પેલચેકરનું સોફ્ટવેર ગુજરાતને ચરણે ધરતાં અમે કૃતકૃત્ય અનુભવીએ છીએ. ગૂજરાત વિદ્યાપીઠ અને ગુજરાતી લેક્સિકોનના સફળ સંયોજન વડે, એક વર્ષના સતત પ્રયાસે, આજનો દિવસ જોવા મળ્યો છે.

આ સોફ્ટવેર સી.ડી.ના રૂપમાં તૈયાર કર્યો છે. આ કોશમાં યુનિકૉડ પદ્ધતિ વાપરવામાં આવી છે. આથી કોશનો ઉપયોગ કરનારને સારુ, પાઠ (સ્ક્રિપ્ટ) વાંચવામાં પણ, સરળતા રહેવાની છે. કોઈ પણ શબ્દનો અર્થ જોઈતો હોય, તો સાર્થ કોશ પ્રમાણે એ મળી જાય. વિશેષમાં, લખાણની જોડણી સાચી છે કે કેમ એ સ્પેલચેકરથી જાણી શકાય અને સુધારી શકાય. આમ, એકસાથે જ શબ્દના સાચા અર્થ અને સાચી જોડણી બંને સાથે મળી જાય. સામાન્ય દરેક જણ પણ આનો ઉપયોગ કરી શકે છે અને વિદ્યાર્થી, શિક્ષક, લેખક, પત્રકાર, પ્રૂફરીડર, મુદ્રક, પ્રકાશક જેવા જેવા ભાષા નામે

પદાર્થ સાથે કાર્ય કરતાં અસંખ્ય લોકો માટે, તો આ સી.ડી., કોઈ પણ જાતની અતિશયોક્તિ વગર, સહજ એક આશીર્વાદરૂપ લાગશે.

સાર્થ જોડણીકોશના એક આદ્યપુરુષ, આચાર્ય કાકા કાલેલકરે, એકદા, કહેલું : 'ગુજરાતી ભાષાના આરોગ્ય, એની શક્તિ, એના વિકાસ અને એની કૃતાર્થતા માટે સતત ચિંતન અને પ્રયત્ન કરનારે પોતાનું તમામ સંકલ્પસામર્થ્ય એકત્ર કરી નિર્ધાર કરવાનો આજે દિવસ છે. અમારી ભાષા પૂરેપૂરી સમર્થ નથી અને તે એમ જ રહેવાની, એમ કહેવાનો વારો કોઈ દિવસ ન આવો.' વળી, આપણા સમર્થ સાહિત્યકાર ઉમાશંકર જોશીના આ શબ્દો ય દીવાદાંડીની ગરજ સારશે : 'ગુજરાતી ભાષા અને ગુજરાતી માધ્યમ માટેની... લડત ચાલુ જ રાખજો, કોઈ જોડે ના રહે તો ય એકલા હાથે ઝઝૂમજો.... પણ અંગ્રેજીની ખામીઓ ખોળવાનો વ્યર્થ પ્રયત્ન કરવો નહીં. બસ, આપણી ભાષાની ખૂબીઓ જ ખોળી, સૌને સમજાવતાં ફરવું.'

કવિવર રવિ ઠાકુરની એક કવિતા છે :

સાંજના સૂરજે પૂછ્યું :
'મારા ગયા પછી દુનિયાને અજવાળું કોણ આપશે ?'
આ સાંભળી સહુ સ્તબ્ધ થઈ ગયા.
ત્યારે માટીનું કોડિયું હતું તે બોલ્યું :
'પ્રભુ ! મારાથી જે કાંઈ બનશે એ કરીશ !'

આપણા આ મહાયજ્ઞમાં ગૂજરાત વિદ્યાપીઠના સુદર્શન આયંગર અને રાજેન્દ્ર ખિમાણીના વડપણ હેઠળ નિરંજનાબહેન વોરા, જાગૃતિબહેન દેસાઈ, ગિરીશભાઈ, નીલેશભાઈએ ધ્યાનાકર્ષક સક્રિય યોગદાન આપ્યું છે. ગુજરાતી લેક્સિકૉન વતી વિપુલભાઈ કલ્યાણી, અશોકભાઈ કરણિયા, કાર્તિકભાઈ મિસ્ત્રી, મીનાબહેન છેડા, જાગૃતિબહેન વાલાણી, શ્રુતિબહેન અમીન, નમ્રતાબહેન પાટીલ, મીનળબહેન મિસ્ત્રી, કોમલબહેન કરણિયાએ અર્ઘ્ય અર્પ્યો છે. એ દરેક પ્રત્યે હું સહૃદય ઋણભાવ વ્યક્ત કરું છું.

વીસ વીસ વર્ષની તપશ્ચર્યા હવે આ રીતે વધુ પગલું માંડે છે, ત્યારે વામનનાં બે ડગલાં પૂરાં થયાનો અનુભવ માંહ્યલીકોર ભર્યો પડ્યો છે. માંહ્યલો મગન છે. બીજાં દોઢ પગલાં ભરવા, તેમ જ કવિવર દલપતરામે કહેલું તેમ, 'રૂડી ગુજરાતી વાણી રાણીના વકીલ' બનવા, હવે, હું દરેકને આહ્વાન કરું છું. ચાલો, આપણે ય ગુજરાતી ભાષાના સંવર્ધન સારુ જે કાંઈ બને એ કરીએ.

મુંબઈ, ૨૦ ડિસેમ્બર ૨૦૦૭ - રતિલાલ ચંદરયા

ગુજરાતી ડાયસ્પોરિક જમાતમાં એક અવ્વલ નામ છે રતિલાલ ચંદરયાનું. વીસ વીસ વરસની અથાગ જહેમત બાદ એમણે આપણી જબાનને 'ગુજરાતી લેક્સિકૉન' વાટે બહુ મોટું જીવતદાન આપ્યું છે. હવે આ વાત પણ ઇતિહાસનું ગૌરવમાન પૃષ્ઠ બની છે. 'ગૂજરાત વિદ્યાપીઠ' અને 'ગુજરાતી લેક્સિકૉન ડૉટ કોમ'ના સંયુક્ત પ્રયાસથી, હવે સૂમળો સાર્થ ગૂજરાતી જોડણીકોશ ડિજિટલાઈઝ્ડ થયો છે અને તેનો 'સ્પેલચેકર પ્રોગ્રામ' સુપેરે અંકે કરાયો છે. ગુજરાતી સાહિત્ય પરિષદના, આગામી ગાંધીનગર અધિવેશનની પૂર્વસંધ્યાએ એટલે કે ગુરુવાર, ૨૦ ડિસેમ્બર, ૨૦૦૭ની સંધ્યાએ આ ગંજાવર ઐતિહાસિક કામ સંપન્ન થયું છે. તેનું જાહેર સ્વાગત થવાનું છે તેમજ તેનું લોકાર્પણ થવાનું છે. આ ઘટનાને કારણે રેવરન્ડ જોસેફ વાન સોમરન ટેલર ઉપરાંત હેમચંદ્રાચાર્ય, પ્રેમાનંદ, નર્મદ, ઍલેક્ઝાન્ડર ફૉર્બ્સ, દલપતરામ, નવલરામ, મહાત્મા ગાંધી, નરસિંહરાવ દીવેટિયા, આનંદશંકર બાપુભાઈ ધ્રુવ, મગનભાઈ પ્ર. દેસાઈ, ભગવતસિંહજી, ચંદુલાલ બેચરલાલ પટેલ, પ્રબોધ પંડિત, કેશવરામ કા. શાસ્ત્રી, હરિવલ્લભ ભાયાણી, જયંત કોઠારી વગેરે વગેરેનો આત્મા સંતોષ લેતો જ હોય. તેથીસ્તો, ખાતરી જ છે : દરમિયાન, તમે, આપણે અને હું પણ આનંદીશું. દલપતની ભાષામાં, મગરૂરીથી કહીશું અને સતત જીવન જીવીશું : 'રૂડી ગુજરાતી વાણીરાણીનો વકીલ છું.'

('નિરીક્ષક' તા. ૧૬-૧૨-૨૦૦૭) – વિપુલ કલ્યાણી

# So Far So Good.....

Ashok Karania

Gujaratilexicon is the story of undying passion

Gujaratilexicon is the story of 20 years of devotion

Gujaratilexicon is the story of love for mother tongue

Gujarati Lexicon is the World's first and most comprehensive Gujarati Language Resource. It is the result of energy and relentless vision of 86 year young Shri Ratilal Chandaria, who has spent two decades to prepare this Lexicon. Had he spent the same time and effort and passion on his business, he would have added more jewels to his business treasure. But he choose to work for his mother tongue.

The Gujarati Lexicon has made a small attempt in contemporarizing Gujarati. It is a comprehensive Gujarati Dictionary on the Internet and also includes resources like thesaurus, proverbs, antonyms etc. There is another unique feature named 'Saras' Spell Checker. You can log



on to www.gujaratilexicon.com <http://www.gujaratilexicon.com> and experience the wonders of this digital creation in Gujarati. The Gujarati Lexicon is also available in CD format for Windows and Mac. All CDs are distributed free of cost as Gujarati Lexicon is a not-for-profit initiative. However, we earnestly solicit donations for towards continuous research.

The project was dedicated to the Gujarati loving people on Jan 13, 2006 by Sushri Dhirubahen Patel. Subsequently the project was welcome in UK, USA and Canada and since then it has touched the lives of more than 620,000 Gujarati lovers. We are elated to received stories of Gujaratilexicon from across the world and see the difference it is making.

Today, We are closely working with CDAC, India's premier research and computing organization. CDAC plans to distribute Gujaratilexicon to millions of people through free CDs. CDAC also plans to use our work for future research and development. Two extremely talented and intelligent women from H M Patel Institute, Anand are pursuing M Phil Research on Gujaratilexicon.

We have collaborated with Gujarat Vidyapeeth, founded by Mahatma Gandhiji to digitize Sarth Dictionary in Gujarati. Gandhiji initiated Sarth work nearly eight decades ago and today, after 78 years, we have represented Sarth in digital format. for all Gujarati lovers internationally. The GL GV Sarth project was dedicated

to public on Dec 20, 2007 at 44th Gujarati Sahitya Parishad in Gandhinagar amidst wide acclaim. On that day, of all the people who be happy, the happiest would have been Mahatma Gandhiji.

However, this is the start of our journey. Updation of lexicon is a continuous task. We need to bring more richness and depth with regard to geography, period and domain. There are related areas like proverbs, translation software, learning Gujarati software, digitization of classics etc which we plan to undertake. All for one purpose - love of language. We need your support in each and every way to achieve our vision and spread the word about Gujarati language.

Finally, in 2050, when all languages will be digitized and everything in world would be powered by digital technology, few languages would be alive. Do not worry about our Gujarati at that point of time. It would be not only alive, but it would be thriving. And for it one would thank a gentleman named Shri Ratilal Chandaria.

The woods are lovely, dark and deep.
But I have promises to keep,
And miles to go before I sleep

Robert Frost